


આવતી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર ૧૪૮

ચૈત્ર · ઓગણીસ સો બાણું

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત


કુમાર
ચૈત્ર ૧૯૯૨
અંક ૧૪૮

આ અંકમાં


સાહસને જ જેણે જિંદગીનું લુત્ફ માન્યું છે એવા નરનું ચરિત્ર કુમારવાચનમાં સૌથી પહેલું ઝડપાય છે એ અમારો આજ સુધીનો અનુભવ છે. જળ, જમીન ને આસમાનનો સાહસખેડુ ડિક બાયર્ડ એ આજે ખમીરવંતા અમેરિકનોનો રાષ્ટ્રવીર છે. આ અંકમાંનું એનું ચરિત્ર કદાચ સૌથી વધુ આદરપાત્ર થશે. ¶ વાર્તા પણ આ મહીને સાહસની જ છે,—અગિયાર વરસના એક બાળકની. બહાદુરી અને નિર્ભયતા ખીલવનારી પુરુષજીવનની ક્ષેમવંતી કલા 'શિકાર' જેટલી જ એના વર્ણનની કલમ પણ જેણે સિદ્ધ કરી છે એ જાણીતા હિંદી લેખક શ્રીરામ શર્માની શિકારકથાઓની આખી યે માળા કુમારમાં નિયમિત આવવાની છે, તેનું આ તો પહેલું પગરણ છે. ¶ પણ એ વાંચતાં પહેલાં એના અનુવાદક કિસનસિંહ ચાવડાએ એક પાનાનો લખેલો શિકાર ઉપરનો નાનકડો પ્રસ્તાવ વાંચવો ન ભૂલતા. ¶ એવા નાના પણ સંગીન લેખો આ અંકમાં ત્રણ છે. એમાં (અને કદાચ આખા અંકમાં) શ્રેષ્ઠ અને કવિત્વમય લેખ કાકાસાહેબ કાલેલકરનો 'જીવનતીર્થ હરદ્વાર' વિષે છે. ¶ 'લઘુલિપિ' આ અંકમાં એના સાચા સંગીન રૂપમાં શરૂ થાય છે. આપણે ત્યાંની લાંબા સમયની એ પદ્ધતિની ખોટ પૂરનારી આ લેખમાળા વિષે રસ ધરાવનાર સૌને અમારી સૂચના છે કે એ જેમજેમ પ્રકટ થતી જાય તેમતેમ તેનો પરિચય માસેમાસ કરતા રહેશો અને માસ દરમ્યાન તેમાંના પાઠોનો અભ્યાસ પાકો કરતા રહેશો તો એ માળા પૂરી થયાની સાથે તમે એ સિદ્ધ કરી ચૂક્યા હશો. ¶ તમે જેને નર્યાં 'બગલાં' નામથી પિછાનો છો એમાં 'વનેચરે' ઓળખાવેલી આટલી બધી જાતો આપણા ગુજરાતમાં છે એની તમને ખબર હતી? ¶ અભ્યાસીવલણવાળાઓએ ન ભૂલવા જેવો એવો જ પણ નાનકડો લેખ ૧૮૩મે પાને છે. પૃથ્વીનો પ્રલય કેમ થશે એ વિષે જે અનેક સ્થાપિત કલ્પનાઓ આજ સુધી ચાલુ છે તેથી તદ્દન જુદો જ અંજામ બતાવતું એ બયાન આધારભૂત વૈજ્ઞાનિક અનુમાનો પર કરેલું છે, અને એવી રસમય શૈલીમાં, કે તમે વાંચવા માંડ્યા પછી એને પૂરું કર્યે જ એના પરથી આંખ ખસેડવાના.

ચિત્રો	ધોબીપછાટ (રોમન શિલ્પ)	પૂઠા ઉપર
	વાસંતી (પૂર્ણરંગી) જગન્નાથ અહિવાસી	મુખચિત્ર
	જળદીવડા (દ્વિરંગી) કુ. શકુન્તલા	પૃ. ૧૮૪ સામે
	દરિયાકાંઠે મજૂરી (ફોટો) કાર્લ ખંડાલાવાળા	પૃ. ૧૮૫ સામે
	જીવનતીર્થ હરદ્વાર (ફોટો) એરિક મૅન્યુએલ	મુખચિત્રની પાછળ
કાવ્યો	વતનનો તલસાટ રમણિક અરાલવાળા	૧૬૯
	અવધૂતનું ગાન પ્રહ્લાદ પારેખ	૧૮૯
	(ધ્વનિ વિભાગ)	૨૧૨
	પ્રબોધ પ્રહ્લાદ પાઠક	
	નેત્રવિસર્જન હરિશ્ચન્દ્ર ભટ્ટ	
	કૃપા–દયા 'રસનિધિ'	
	લખું શશિવદના યાજ્ઞિક	
વાર્તાઓ	કાળોતરાનો સાગનો (શિકાર) કિસનસિંહ ચાવડા	૧૮૫
	બુદ્ધનો શાન્તિપાઠ દેસાઇ વાલજી ગોવિંદજી	૨૦૫
ચરિત્ર	ડિક બાયર્ડ વિજય વાસુ	૧૭૩
લેખો	જીવનતીર્થ હરદ્વાર દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર	૧૮૧
	પૃથ્વીનો છેલ્લો શ્વાસ 'કુમાર'	૧૮૩
	શિકાર કિસનસિંહ ચાવડા	૧૮૫
	ગુજરાતી લઘુલિપિ હરિકૃષ્ણ વ્યાસ	૧૯૫
	ગુજરાતનાં બગલાં (વનગવડાનાં વાસી) 'વનેચર'	૨૦૧
	મારા દાદાજી (જીવનનું પરોઢ) પ્રભુદાસ છ. ગાંધી	૨૦૯
વિભાગો	મારી નજરે ર. મ. રા.	૧૬૯
	ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ બલવન્ત ભટ્ટ	૨૦૬
	મેંદીનાં પાન	૨૦૭
	ગ્રામોફોનની રેકર્ડ કેમ ઊતરે છે?	૨૦૮
	લાલો ને વાલો (બાળવિભાગ વાર્તા) રમણલાલ સોની	૨૧૩
	ચાલો ચાલો (,, કાવ્ય) સુન્દરમ્	૨૧૪
	કહેવત કથન અને કવિતા	૨૧૬
	માધુકરી	૨૧૭
	છેલ્લું પાનું	૨૨૪

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.




જીવનતીર્થ હરદ્વાર: જુઓ આ અંકમાં કાકાસાહેબ કાલેલકરનો એ નામનો લેખ (ફોટો • એરિક મૅન્યુએલ)
('કૌમુદી'ના સૌજન્યથી)



વાસંતી

ચિત્રકાર • જગન્નાથ અહિવાસી

આવતી કાલનાં નાગરિકોનું માસિક કુમાર વર્ષ તેરમું · અંક ચોથો · ચૈત્ર ૧૯૯૨



વતનનો તલસાટ

· મંદાક્રાન્તા ·

ગાળી લાંબો સમય દૂરનાં દોહ્યલાં પાણી પી પી,
જાવા હાવાં જનમભૂમિએ પ્રાણ નાખે પછાડા.
કૂવાકાંઠે કમરલળતી પાણીઆરી, રસાળાં
ક્ષેત્રે ક્ષેત્રે અનિલલહરે ડોલતાં અન્નપૂર્ણા,
હીંડોળંતાં હરિત તૃણને ખંતીલા ખેડૂતોનાં
મીઠાં ગીતો, ગભીર વડલા, શંભુનું જીર્ણ દ્હેરૂં,
વાગોળંતાં ધણ, ઊડી રહ્યો વાવટો વ્યોમ ગેરૂ,
ઓછીઓછી થતી ભગિની, લંગોટિયા બાલ્ય ભેરૂ:
ઝંખી નિદ્રા મહીં ઝબકતો, જાગતાં નિંદ લેતો.

ઘેલા હૈયા! સહુ ય મળશે; કિન્તુ કાલાગ્નિમાંથી
સંભાળેલા સ્મૃતિસુમનના સારવેલા પરાગે
સીંચ્યું મોંઘા મધુપુટ સમું મ્હોડું ક્યાં માવડીનું?

વ્હાલી તો યે જનનીહીણ એ જન્મભૂમિ ન તોષે,
જીવું કલ્પી જનની સહુની જન્મભૂમિ વિદેશે.

રમણિક અરાલવાળા

એક તરફ, વિદેશવાસીનો વતનનો તલસાટ છે; બીજી બાજુ, માતાના અવસાનની ચોટ જનનીહીન એ જન્મભૂમિને ખારા ઝેર બનાવી મૂકે છે. લાગણીના આ તુમુલને અંતે હૃદય મા વિનાની માભોમ કરતાં વિદેશને જ 'જનની સહુની જન્મભૂમિ' કલ્પી ત્યાં જીવવું પસંદ કરે છે. ગ્રામવતનનાં તળપદાં દૃશ્યોનું આલેખન તાદૃશ ચિત્ર રચે છે; માતાના મુખને 'કાલના અગ્નિમાંથી વીણી સાચવેલાં સ્મરણો રૂપી ફૂલના પરાગ વડે સીંચેલું મધુપુટસમું' કહીને આપેલું રૂપક લાંબું છતાં અસરકારક લાગે છે. –બ



ઊગમણી દિશે: પ્રસ્થાન

પાસપોર્ટ અને વીઝા

● હિંદની સરહદ બહાર જતા દરેક પ્રવાસી પાસે 'પાસપોર્ટ' હોવો જ જોઇએ એ વાતની જેઓ આફ્રિકા કે ઇંગ્લંડ ગયા હશે તેમને તો ખબર હશે જ. આ પાસપોર્ટનો મૂળ આશય તો એવો છે કે પરદેશમાં નામોનિશાન વગરનો કોઇ માણસ નજરે પડે તો ત્યાંની સરકાર કે સત્તા તેને શંકા ઉપર અટકમાં લઇ શકે અથવા કેદ કે હદપાર કરી શકે. એ મુશ્કેલી ન ઊભી થાય તે માટે દરેક જણે પોતાની સ્થાનિક સત્તા તરફથી ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટની રૂબરૂ કરેલા એકરાર સાથે બ્રિટિશ સરકારનો છાપેલો પાસપોર્ટ (પરવાનો) મેળવવો જ પડે છે. પાસપોર્ટની મંજૂરી માગતાં સાથે પોતાના ત્રણ ફોટોગ્રાફો પણ મોકલવા પડે છે. આ પૈકી એક તેના પાસપોર્ટમાં ચોડી તે પર સરકારી સિક્કો લગાવવામાં આવે છે જેથી કોઇ બીજો આસામી એ પાસપોર્ટનો લાભ લઇ શકતો અટકે છે. જેમને હિંદની બહાર જવું હોય તેમણે જવાની મુદત અગાઉ સવેળા આ પાસપોર્ટ મેળવી લેવાની તજવીજ રાખવી જોઇએ; નહિ તો છેલ્લી ઘડીએ તેના સંબંધમાં કંઇક શંકા ઉપસ્થિત થાય તો મંજૂરી મેળવતાં ઢીલ કે અડચણ આવે છે. પાસપોર્ટ મળ્યા પછી જ પ્રવાસની સામગ્રી તૈયાર કરવી; નહિ તો ઘણાનો બાંધેલો સામાન પડયો રહેવાના પ્રસંગો પણ બની જાય છે. મૂળ તો પ્રવાસની સલામતી માટે આ પાસપોર્ટની પદ્ધતિ દાખલ થઇ છે, પણ તે સાથે શંકા પડતા કે નાસી જવા ઇચ્છતા માણસો અથવા સરકારની નજરમાં આવેલા રાજદ્વારી માણસોની રૂકાવટ કરવાનું બારૂં પણ થયું છે.

પાસપોર્ટ માટે, જે જે મુલકોની મુલાકાત લેવાની હોય તેનાં નામ, પ્રવાસનું કારણ, જનારનું વય, તેના ચહેરાની નિશાની વગેરે વિગતો બારીકીથી માગવામાં આવે છે તેમજ તે બધી સિટી મૅજિસ્ટ્રેટની સમક્ષ લખવાની હોય છે અને તેના અભિપ્રાય ઉપર જ પાસપોર્ટ કાઢનારા ઑફિસરો ધ્યાન આપે છે. પાસપોર્ટની ફી છ રૂપિયા છે.

પાસપોર્ટ કઢાવ્યા પછી જે જે મુલકોમાં જવાનું હોય તેના કૉન્સલો (રાજપ્રતિનિધીઓ) પાસે જઇ તેમની રૂબરૂ સાખ પડાવવી પડે છે. તેને વીઝા કહે છે. અમારા વીઝાનું કામ અમારા ટિકિટના એજંટોએ કરાવી આપ્યું હતું. જાપાન અને ચીનના કૉન્સલોનાં તેમાં સહી અને સિક્કા પડયા હતા. આ રીતે વીઝા ન કરાવો તો તમને તેમના મુલકમાં ઉતરતાં રોકે.

સ્ટીમર પર ચડતાં દરેક જણનો પાસપોર્ટ તપાસવાને દાદર આગળ એક પોલીસ અમલદાર ઊભો હોય છે અને સ્ટીમરના બારણામાં પેસતાં સ્ટીમરનો ઑફિસર પહેલાં તો એ પાસપોર્ટ લઇ લે છે. જ્યારે સ્ટીમર નવા બંદર પર લંગર નાખવાની હોય છે ત્યારે ત્યાં ઊતરનારા પૅસેન્જરોને પાસપોર્ટ પાછા આપી દેવામાં આવે છે. કોલંબો વગેરે બંદરે સ્થાનિક પોલીસ અફસરો પહેલાં સ્ટીમરમાં ચડી આવતા અને ઊતરવા માગતા દરેક ઉતારૂના પાસપોર્ટ પર સિક્કો કરી આપતા.

સ્ટીમર પર જતા દરેક પ્રવાસીએ છેલ્લા પંદર દિવસ દરમિયાન શીળી કઢાવ્યાનું સર્ટિફિકેટ રજુ કરવાનું હોય છે. આનો હેતુ એ રોગનો ચેપ અટકાવવાનો જ છે અને તેમ કરવામાં પ્રવાસીને જરા યે મુશ્કેલી પડતી નથી તેમ ખર્ચ પણ થતો નથી.

સ્ટીમરની ટિકિટ

● પહેલી જ વાર પ્રવાસે નીકળનારને ટિકિટની બાબત ઘણી ગૂંચવણ કરનારી લાગે છે પણ મુંબાઇમાં બંદરી કામકાજ કરનારી એવી ઘણી પેઢીઓ છે, જે સામાન ચડાવવા ઉતારવા મોકલવાની કે પૅસેન્જરોની ટિકિટો કઢાવી તેમને સ્ટીમરની કૅબિનમાં પહોંચાડવા સુધીની તજવીજ કરી આપે છે. તેમને સ્ટીમર કંપની તરફથી જ અમુક ટકા કમિશન મળે છે એટલે પૅસેન્જરને છાપેલા ભાવો પર જ પોતાની ગણત્રી કરવાની રહે છે. એજંટના માણસો કામ થવા બાદ ઇનામ અને મજૂરી માગે તે જ વધારાનું ખર્ચ છતાં યે ટિકિટોના દરમાં પ્રવાસની મુદત પ્રમાણે વળત ટિકિટમાં જે વટાવ અપાય છે તેની સમજ એજંટ પાસેથી મેળવી લેવાની જરૂર છે. અમારે જાપાન જવાની સેકન્ડ ક્લાસની એક વખતની ટિકિટના ૨૭ પાઉન્ડ ભરવાના હતા, પણ જ્યારે જાણ્યું કે ૯૦ દિવસની વળત ટિકિટ પણ સાથે લઇએ તો ૩૪ પાઉન્ડમાં જ જાતવળતનું ભાડું પતી જતું હતું. ત્યાર પછી એ જ ટિકિટ લીધી એટલે કે માત્ર સાત જ પાઉન્ડમાં બીજી મુસાફરી થઇ. આ ખર્ચમાં ખાવાપીવાનું, નહાવાનું, ઓઢવાપાથરવાનું ને નોકરનું બધું ખર્ચ આવી જાય.

સારા દરજ્જાના ગૃહસ્થને છાજે એવાં સુખસગવડો સેકન્ડ ક્લાસમાં પૂરતા પ્રમાણમાં મળે છે. આપણા હિંદી ભાઇઓ મોટા ભાગે P & O કરતાં ઇટાલિયન સ્ટીમરો પસંદ કરે છે કારણકે તેઓ પરદેશીઓ હોવાથી ઘરાક અને દુકાનદારના સંબંધમાં વધારે વિનયી અને સેવાપરાયણ જણાયા છે. જાપાની સ્ટીમરોમાં ઘણાને ભાષાની અડચણ અને ઓછાં સુખસગવડ જણાયાં છે. પણ સૅકંડ ક્લાસથી યે ઓછા ભાડાની સગવડવાળો એક વર્ગ છે, તેને 'સેકન્ડ ઇકૉનૉમી' કહે છે. વિદ્યાર્થીઓ અને કરકસરથી પ્રવાસ કરનાર માટે તે જરા યે ખોટો નથી. તેમાં સેકન્ડ ક્લાસ કરતાં લગભગ ૧૫૦ રૂપિયાનો બચાવ થાય, કેમકે તેની ૯૦ દિવસની જાતવળતની ટિકીટના માત્ર ૨૭ પાઉન્ડ અને એક વખતના ૨૦ પાઉન્ડ છે. અમે ઘણા સંસ્કારી હિંદીઓ અને ચીના ગૃહસ્થોને તેમાં પ્રવાસ કરતા જોયા. થર્ડ ક્લાસ તો માત્ર નોકરો કે મજૂરો માટે જ છે એમ મનાય છે. તેમને ઉઘાડા ડેક ઉપર જ રહેવાનું અને હાથે રાંધી ખાઇ લેવાનું. છતાં ઘણા સાહસિક રંક સ્થિતિના માણસોએ આ જ વર્ગમાં પરદેશ જઇને પોતાનું પ્રારબ્ધ ઉન્નત કર્યાના વૃતાંતો છે;

એટલે પરિસ્થિતિથી ઘડાએલ કોઇ હિંદીવાન એનો લાભ લે તો તેમાં હીણપત ન ગણાય.

પ્રવાસનાં સાધનો

● હિંદુસ્તાનમાં ભાગ્યે જ કોટપાટલુન ને મોજાંબૂટ પહેરનારાને પણ સ્ટીમરમાં અને તેમાં યે સેકન્ડ ક્લાસમાં જવાને કંઇક યુરોપિયન ઢબનો પોષાક જોઇએ એવી સાધારણ માન્યતા છે. આ બાબતમાં એડન તરફ જતી સ્ટીમરોમાં તો ચુસ્તપણે આગ્રહ રાખવામાં આવે છે, પણ પૂર્વ બાજુએ જતી વખતે તે ધોરણ નરમ પડી જતું હોય એમ લાગ્યું છે. સીલોન, સીંગાપોર કે જાપાન જનારા કેટલાક હિંદી ભાઇઓ ઠેઠ સુધી ધોતિયું પહેરીને ફર્યા કરે છે. પણ મને લાગ્યું કે સ્ટીમર ઉપર ધોવાની અને સૂકવવાની સગવડો નથી, તેમજ ધોવાનો પણ ખર્ચ ઘણો વધી જવાનો સંભવ હોવાથી બે સાદા સૂટ અને બેચાર બાંડિયાં ખમીસ (ઉઘાડા કૉલરવાળાં) હોય તો કામ ચાલ્યું જાય. સ્ટીમરમાં કપડાં ભાગ્યે જ ખરાબ થાય છે; એટલે જરૂર વખતે જ પૂરાં કપડાં પહેરી પાછાં ઘડી કરી મૂકી દઇએ તો સૂટ તો ધોવડાવવાનો જ નહિ. એકબે ખાખી અરધાં પૅન્ટ અને એકબે બાંડિયાં વખતોવખત બદલતા રહીએ એટલે નવીનતા જળવાયા કરે છે. ખાખી પૅન્ટ કે આખા પૅન્ટ નીચે પહેરવાની હળવા કપડાની ચડ્ડીઓ બહુ જ આવશ્યક છે; તેમજ હળવાં ગંજીફરાક પણ સફાઇ રાખવામાં ઉપયોગી છે. આ બે વસ્તુઓ નહાવાની ઓરડીમાં હાથે ધોઇ નખાય અને રોજેરોજ બદલી શકાય એટલે સ્વચ્છતાનું ધોરણ પૂરૂં પાળી શકાય છે સ્ટીમરમાં કપડાં ધોવા આપવાં એટલે એક કપડા દીઠ છ થી આઠ પેન્સનો ચાંલ્લો ગણી રાખવો. રાત્રે પહેરવાનો પોષાક બહુ જ સસ્તા કાપડનો હોય તો ચાલી શકે છે. તે પહેરીને જાહેરમાં ફરાય નહિ, પણ જેઓ વહેલા પરવારે છે તેમને વાંધો નથી આવતો. મોડા ઊઠનારા કે મોડા નહાનારા એક મોટો ઝબ્બો તે ઉપર ઓઢીને ફરી શકે છે. પણ એ ઝબ્બો ઘણો દેખાવડો હોવો જોઇએ. તેમાં માણસો ગમે તેટલું ખર્ચ કરી શકે છે.

આ સિવાય નહાવા માટે પણ એક પોશાકની જરૂર રહે છે; પણ તે બાર આનાથી માંડી ગમે તે કીમત સુધીના તૈયાર મળે છે. તેની કે બીજાં કપડાંની જેમને ઊણપ લાગી તે સાથીદારોએ જાપાનીઝ બનાવટના સૂટ અને ખમીસો કે બાંડિયાં અથવા ઝબ્બા મામૂલી કીમતે કોલંબો અને સીંગાપોરથી ખરીદ્યા. આ તૈયાર સીવેલાં કપડાં અને તેની કીમત જોઇ કોઇ પણ આશ્ચર્ય પામે. સવા કે દોઢ રૂપિયાનું પૅન્ટ, અને રૂપિયા—સવા રૂપિયામાં રેશમી અરધિયાં વા ખમીસ અને એવી બીજી ચીજો મામૂલી કીમતે કોઇપણ માણસને પૂરો ઠાઠ આપી શકે. એટલે મુંબાઇથી બહુ ભાર લેનારને પસ્તાવું જ પડે. પરંતુ જેમના મનમાં વતનની ચીજો પર જ પોતાનો નિર્વાહ કરવાનો આગ્રહ હોય તેઓ ભભકો જવા દઇને સાદાઇથી પણ પોતાનું ગૌરવ સાચવી શકે છે. અમારી સાથે શ્રી દક્ષિણામૂર્તિવાળા મુ. નાનાભાઇ છે તેમણે તો નિશ્ચયપૂર્વક ખાદીનાં પહેરણ અને ધોતિયાં પર જ ચલાવ્યું છે. માત્ર મેળાવડામાં જતી વખતે ખાદીનો લેંઘો અને એક કોટ વધારે છે. પરદેશી ચીજોની મોહિનીમાંથી બચવું ઘણું મુશ્કેલ લાગે છે અને નાનાભાઈની ઊંડી વિચારણા એ પર મન વલોવી નાખતી લાગે છે.


સ્ટીમરનો વસવાટ

● બધું દેખાતું બંધ થયું એટલે અમારી કૅબિન સંભાળવા દોડ્યા. આ સ્ટીમરનો ખ્યાલ શી રીતે આપું? કૅબિનોની ગલીઓમાં ભૂલા પડી જઇશું એમ પહેલાં તો લાગ્યું. અમારી સ્ટીમર વિક્ટોરિયા એક મોટા ગામ જેવડી છે. તેની વ્યવસ્થા માટે જ ૧૨૨ સ્ટુઅર્ડો, ૪૮ ઑફિસરો, ૪૨ ઇજનેરો, ૪૭ રસોઇયા વગેરે મળી કુલ સ્ટાફ ૨૮૩નો છે. ફર્સ્ટક્લાસની કેબીનો ૨૬૬, બીજા વર્ગની ૯૭, સેકન્ડ ઇકૉનૉમીની ૧૦૦ ત્રીજાની ૫૮, ૧૦ દ લક્સ ફર્સ્ટ ક્લાસ અને બે સ્પેશ્યલ મળી ૫૩૩ કૅબિનો છે. તેનું ટનેજ ૧૪૪૦૦ છે અને ૧૮૯૮૦ હૉર્સ પાવરનાં એંજીનો છે. એટલે આવડી મોટી સ્ટીમરમાં કૅબિન શોધનારને સહેજમાં પત્તો મળે જ નહિ. અમારી જ કૅબિન એક મોટી મોટરબસ જેવડી છે. ફર્સ્ટક્લાસની કૅબિન લગભગ ૧૨×૧૦ ફૂટની છે. તે ઉપરાંત તેની બાથરૂમ જૂદી. આ કૅબિનોમાં જે સગવડો છે તેવી કદાચ સાધારણ રાજાઓ કે મોટા શ્રીમંતોના ઘરમાં પણ નહિ હોય. જેઓ ફર્સ્ટક્લાસ કે સેકન્ડ ક્લાસની ટિકિટો લે છે તેમને કૅબિનની સગવડો ઉપરાંત દિવસરાતની બધી જરૂરી નોકરી આપનારાની સેવા અને ત્રણે ટંકનું ખાવાપીવાનું મળે છે. ઉપરાંત સંગીત, નાટક, સીનેમા, રેડિયો વગેરેનો પણ દરમાં જ સમાવેશ થઇ જાય છે.

અમે કૅબિનમાં આવ્યા ત્યાં નાનાભાઇએ જણાવ્યું કે સાડા સાત વાગ્યે સાંજનું ખાણું પીરસાશે એટલે તે વખતે બધાએ રીતસર તૈયાર થઈ હાજર થઈ જવું બીજી યુરોપિયન સ્ટીમરમાં આ રીતસર તૈયારી એટલે જમવાનો ખાસ કાળો પોષાક પહેરી ટાપટીપ કરી હાજર થવાનું; પણ આ તો પૂર્વનો પ્રદેશ અને ઇટાલિયન સ્ટીમર એટલે અમને ઘણી છૂટ રહી સ્ટીમરમાં ચડેલા તેજ પોષાકમાં લગભગ બધા ખાણા પર હાજર થયા હતા.

પહેલાં ટમાટા વગેરેનો સૂપ આવ્યો. પછી બાફેલા બટાટા, પછી વળી કંઇ મિઠાઇ, આઇસક્રીમ, પૂરી, પાપડ, ભજિયાં એમ ઘણું આવ્યું. અમે સવારે ખૂબ જમેલા છતાં ઠાંસીને ખાધું મને તો ફેર ચડવાનો કશો ભય ન હતો. બીજા સોબતીઓને જરાજરા અસર થવા માંડી કે ઉપડયા ઉપરના ડેક ઉપર. ત્યાં આબુ મહાબળેશ્વરને ભૂલાવે એવી હવાના ઝપાટા હતા એટલે થોડીવારમાં તે અસરથી મુક્ત થયા.

મને ઘણા અનુભવી મિત્રોએ કહ્યું હતું કે સ્ટીમરમાં બિસ્તરની જરા યે જરૂર પડતી નથી, તેમજ વસ્તુઓ વારેવારે તપાસવાની તજવીજ પણ રાખવી પડતી નથી; એ તદ્દન ખરૂં લાગ્યું. સેકન્ડ ક્લાસની કૅબિનમાં દરેક ઉતારૂ માટે એક સ્વચ્છ બિછાનું



મુંબાઇથી કોલંબો, સીંગાપોર, હૉંગકૉંગ અને શાંગહાઈ થઈ જાપાન પહોંચતી સ્ટીમરનો માર્ગ બતાવતો નકશો.

વાનીઓ એવી રીતે મૂકે કે જુદો જ આદમી લાગે. એમના દેશમાં આવી રીતભાત સામાન્ય હશે, પણ આપણા સંસારમાં તો એવા નમૂના ક્વચિત જ નજરે પડે છે.

અંધારૂં હતું એટલે સ્ટીમરમાંના પ્રકાશથી દૂર કાળી ચાદર પથરાઇ હોય એવો સાગર લહેરાતો હતો. પણ સ્ટીમરમાં તો જ્યાં જુઓ ત્યાં ઝગઝગાટ. હાલવા ચાલવાની જગ્યાઓ, દાદરો કે બારીઓ આગળ પ્રકાશની ગોઠવણમાં કંઈ જ કમી નથી. કોઇ પણ ખૂણે વીજળીની ચાંપો એવી રીતે ગોઠવેલી છે કે તેની ઉપયોગિતા ને યોજનામાં તમને ફેર લાગે જ નહિ. દરિયાની એકરૂપતા વિસારવા સ્ટીમરમાં જે બહુરૂપી કળાકૌશલ્યની રચના જોવામાં આવે છે તે વર્ણનથી સમજાવવી મુસ્કેલ છે. કોઈ ખૂણે કચરો તો નહિ જ દેખાય; પણ એ સફાઈ ને સાચવણ પણ એટલાં બધાં કે દરેક ફર્નિચર કે ચિત્ર કાલે જ તૈયાર કર્યું હોય એવું લાગે. વૈભવ અને વિસ્તારની વાત બાજુએ મૂકો તો પણ આ લોકોની દેખરેખ અને કાળજી માટે તમને માન અને સમભાવ ઉપજ્યા વિના રહે નહિ.

અમારી કૅબિનમાં દરેક જણની પથારી સ્વચ્છ રીતે પાથરેલી. ગોઠવાનાં ધોએલાં સાધનો, પાસે જ પાણી પીવાના કાચના કળશ અને પ્યાલા તેમજ વૉશટબ આગળ પ્યાલા ને રૂમાલો દરેક માટે તૈયાર હતાં. જમવામાં કોઇ બાબત માગવી ન પડે એવી આ માણસોની તહેનાત અને પદાર્થો પીરસવાની સફાઇ અને ઠાવકી રીતભાત આપણે નથી જોતા આપણાં મંદિરોમાં કે મહાલયોમાં અથવા ધર્મસમારંભોમાં. વર્તનમાં એ લોકો પર સરસાઈ બતાવવા જેવું રજુ કરવાનું અમારી પાસે કંઇ નથી એ વિચાર શરમ ઉપજાવે છે. આપણી ગરીબી અપાર છે પણ નિશ્ચયપૂર્વક ધાર્યો વખત સાચવવાની કે ધારેલી રીતે કામ કરવાની સંકલ્પશક્તિ પણ આપણામાં ક્યાં છે?

નહાવા માટે પાંચ છ કૅબિન વચ્ચે એકએ બાથરૂમ હોય છે. તેમાં મોટું ટબ હોય છે અને તેની ઉપર ફુવારો તેમજ ગરમ–ઠંડા પાણીની ચાવીઓ હોય છે. સાબુ પણ ખરો જ. સ્ટીમર તરફથી મળેલા મોટા ટુવાલો વીંટી અહીં આવી દરેક જણ નાહી લે છે. ડેક ઉપર ખારા પાણીનો એક મોટો હોજ છે ત્યાં યે કોઇ પણ નહાવાનો સૂટ પહેરી નાહી આવીને આ


[અનુસંધાન પૃ. ૧૯૩મે]

અને કબાટ તેમજ ત્રણ ખાનાંવાળું એક ટેબલ હોય છે. તે પર કાચનો લોટો અને પ્યાલો ગબડી ન જાય એવી પડથી સાથે કાપેલા ગાળામાં ગોઠવેલાં હોય છે.

એ ઉપરાંત દરેક જણ વાપરી શકે એવી રીતે કૅબિનમાં જ મોં ધોવાની બે કુંડીઓ, ગરમ ઠંડા પાણીની ચકલીઓ તથા મોટો આરસો હોય છે. પંખા તો ચાલતા જ રહે છે. ઉપરાંત સીલિંગમાંથી એવાં કાણાંવાળાં ગોળ મોં ગોઠવ્યાં છે કે ગમે તે બાજુ તે ફેરવો એટલે તેમાંથી પવનનો પ્રવાહ ચાલ્યા જ કરે. બત્તીની સગવડ પણ એવી જ સરસ છે. દરેક પથારી ઉપર તે જુદી જ ચાંપ સાથે એકલાને પ્રકાશ મળે એવી રીતે માથા ઉપર ગોઠવી હોય છે. બીજા ઉતારૂ સૂતા હોય ત્યારે આપણે એકલા વાંચી અથવા લખી શકીએ. ઉપરનીચે બિછાનાં હોય તેમને પણ દરેકને સરખી જ સગવડ આપી છે. કબાટોમાં કોટ ટાંગવાના સળિયા, પાટલૂન દાબી રાખવાની ચાંપો અને જોડા કે બીજી વસ્તુ મૂકવાનાં ખાનાં હોય છે. આ બધી સગવડો પછી કોઇ વસ્તુ રખડતી મૂકનાર માત્ર આળસુનો સરદાર જ ગણાય. કૅબિનનો સ્ટુઅર્ડ ચોવીસે કલાક દરેક પથારી પરની ઘંટડી મારતાં હાજર થાય છે ને જોઇતી વસ્તુ હાજર કરે છે; અને આપણે બહાર નીકળીએ ત્યારે પાછળથી આવીને ખૂણેખૂણો સાફ કરી નાખે, પથારી ગોઠવી સાફ ખેંચી મૂકે, જોડા કે બૂટને બહાર મૂકીએ તો પૉલિશ પણ કરી આપી જાય વગેરે અનેક ફરજો અદા કરે છે. જે ઝડપ, સફાઇ અને વિવેકથી એ પોતાનું કામ કરે છે તે જોતાં તો મોટો પગાર ખાતા હિંદી સેક્રેટરી પણ એટલી કાળજી રાખતા ન લાગે. એ જૂનાં કપડાં પહેરે ત્યારે મજૂર કે હમાલ લાગે; પીરસવા આવે ત્યારે કોરાં કડક કપડાં અને ચહેરાની તથા વાળની એવી સફાઈ બતાવે તેમજ શાંતિ અને વ્યવસ્થાથી

સાહસ સફર અને ઉડ્ડયનનો અઠંગ ઉપાસક

ડિક બાયર્ડ



સાહસપ્રિય અમેરિકનોની મનોમૂર્તિ, પૃથ્વી, સાગર ને આકાશનો અઠંગ ખેડુ રિચાર્ડ ઈ. વેલિન બાયર્ડ

સાહસના ખમીરનો ભરેલો એક પાતળિયો અમેરિકન છોકરો ... અદૃષ્ટના આગળા ખખડાવતો ને તેની મુશ્કેલીઓને ફંગોળતો એ જમીન સાગર ને આકાશનો ખેડુ બન્યો ... પૃથ્વીના એ ત્રણ પટ જાણે સર કરી એ સાહસશૂર સફરી, નૌકાખાતાનો રીઅર ઍડમિરલ અને જગતનો એકલ વિમાની બન્યો ... ધરતીના બે છેડા, ઉત્તર અને દક્ખણ ધ્રુવના કપરા ઝંઝાપ્રદેશો પણ ઘૂમી વળ્યો ... અને, અને આજે પડકાર છે કે છે ક્યાંય પૃથ્વીપટપર માનવીનો અણખેડ્યો પ્રદેશ?

કેટલાક માણસો વીરપુરુષોનાં જીવન-ચરિત્રોમાંથી પ્રેરણા પીને પોતાના જીવનમાં વીરત્વ પ્રગટાવે છે, પણ કેટલાકમાં તો એ પ્રેરણા કુદરતી જ હોય છે. ડિક બાયર્ડની બાબતમાં આમ જ બન્યું છે. તેણે પવન, પાણી અને જમીનનાં તોફાનોમાંથી હિંમત અને સાહસની પ્રેરણા પીધી છે અને સાહસવીર બન્યો છે. આજ સુધીનું તેનું સારૂં યે જીવન જીવલેણ સાહસો, જોખમો, આકરી મુસાફરીઓ અને આફતોથી વીંટાએલું છે. તેના પૂર્વજોએ સમરાંગણો સેવ્યાં હતાં, દરિયા ડોળ્યા હતા અને એશઆરામ પણ ભોગવ્યા હતા. અમેરિકન બન્યા તે પહેલાં તેમણે પોતાનાં કાંડાં અને ખાંડાંના બળે રાજાઓને સર્જ્યાં અને સંહાર્યાં હતા. પણ સાહસવીર થવા માટે કંઇ એવા પૂર્વજોના વંશજ હોવું જોઇતું નથી. ક્રૉમવેલના પૂર્વજોએ કયાં રાજદ્વારીઓ કે લડવૈયા હતા?

વર્જિનિયા પરગણામાં આવેલા વિન્ચેસ્ટરમાં ૧૮૮૯ની સાલમાં આ ડિક (રિચાર્ડ) એવેલિન બાયર્ડનો જન્મ થએલો. એનું બાળપણ ખૂબ જ તોફાનમાં વીત્યું હતું અને તે તથા તેના બે ભાઇઓ ટૉમ અને હૅરીની ત્રિપુટીની એવી તો ધાક પડતી કે કોઇ તેમને તુંકારે બોલાવી ન શકતું કે ઘર પછવાડે આવેલા તેમના બગીચાનાં ફળોને હાથ સરખો ન લગાડી શકતું.

કશાથી ડરવા ન સરજાએલો ડિક હજુ તો બાર વર્ષનો જ થયો ત્યાં એક જબરી હઠ લઈ બેઠો. તેને ફિલિપાઈન્સ જવું હતું, કારણ તેનો એક જૂનો મિત્ર ત્યાંથી તેને આમંત્રતો હતો! પણ અમેરિકા અને ફિલિપાઇન્સ ટાપુઓ

વચ્ચે દુનિયાનો સૌથી મોટો મહાસાગર પાસિફિક ઘૂઘવે છે, અને તેની માયાળુ માતા પોતાનો પ્યારો પુત્ર એ મહાસાગરને કેમ સોંપે? પણ ડિકને તો જવું જ હતું અને તે ગયો. તે એકલો ન હતોઃ માતાની ભલી દુવા ને પ્રાર્થના તેની સાથે હતાં.

ત્રેવીસમા દિવસની રાત હતી. આકાશમાં વાદળ ઘેરાયાં અને મહાસાગરે પોત પ્રકાશ્યું. જહાજ નાના રમકડાની જેમ તોફાનમાં ઉછળવા લાગ્યું. કપ્તાને હુકમ છોડયોઃ 'પાણી આવવાના અને તુતક ઉપર જવાના બધા માર્ગ બંધ કરો!' મધ્યરાત્રિએ તોફાન પૂર જોશમાં તૂટી પડયું. ડુંગર જેવડાં મોજાં તુતક ઉપર આવતાં હતાં. વરસાદ મૂશળધાર વરસતો હતો. ત્યાં ઝાંખા પ્રકાશમાં નાખુદાની નજર તુતક ઉપર પડી. 'પેલું શું છે?' તેણે બૂમ પાડી. કિશોર બાયર્ડ ત્યાં બેભાન પડયો હતો. તે ભાનમાં આવતાં કપ્તાને તેને હુકમ તોડવા માટે ધમકાવ્યો ત્યારે ભવિષ્યના આ મિડશિપમૅને જવાબ આપ્યોઃ 'મારે તોફાન જોવું હતું!'

મનિલા (ફિલિપાઈન્સ)થી ડિકે સીંગાપોર, સુએઝ અને જીબ્રાલ્ટર થઇને પૃથ્વીપર્યટન પૂરૂં કર્યું. સાગરજીવનમાં રહેલા સાહસ અને આનંદની પ્રેરણા તેણે આમ પહેલી જ વાર પીધી.

'તારે આનાપોલિસ જવું છે?' વર્જિનિયાના મિલિટરી ઈન્સ્ટીટયૂટ અને વર્જિનિયા યુનિવર્સિટીના અભ્યાસક્રમ પૂરા કર્યા પછી શું કરવું તેના વિચારમાં ગૂંચવાતા ડિકને એક દિવસે તેના પિતાએ પૂછ્યું.

ડિકની કલ્પના સતેજ બની. આનાપોલિસ? ત્યાં જવું કોને ના ગમે? એ તો ઊંચામાં ઊંચી દરિયાઇ કેળવણીનું મથક. બાર વર્ષની વયે કરેલાં પૃથ્વીપર્યટન અને ખેડેલાં સાહસની યાદ તાજી બની. તે આનાપોલિસ ગયો અને ૧૯૦૮માં અમેરિકાના નૌકાસૈન્યમાં મિડશિપમૅન બન્યો.

ડિક બાયર્ડને જીવનમાં જે શારીરિક કષ્ટ ભોગવવું પડયું છે તે કોઇ પણ માણસને નાસીપાસ બનાવી દેવાને બસ છે. હવે તેની એ અવદશાની શરૂઆત થઇ. આનાપોલિસ તથા પ્રિન્સ્ટન વચ્ચે ગોઠવાએલી ફૂટબૉલ મૅચમાં તે અસાધારણ જુસ્સાથી ધસારો લઇ ગયો, પણ છેવટને વખતે આનાપોલિસની બાજુમાં ગાબડું દેખાયું. ડિક અસાધારણ વેગ અને ચપળતાથી ત્યાં રક્ષણ કરવા દોડી ગયો; હરીફ પક્ષે ત્યાં હુમલો કર્યો; પણ ડિકે ટક્કર ઝીલી. જ્યારે રસાકસીનું ક્ષેત્ર બદલાયું ત્યારે ડિક ત્યાં જ પડયો હતો. તેના ડાબા પગનાં હાડકાં તૂટી ગયાં હતાં!

પણ ડિક જેવો જવાન એવી મામૂલી આફતથી ડરી જાય? ચૅમ્પીઅન થવા તેણે એક નવો પ્રયોગ શોધી કાઢયો. મેળાવડાને આગલે દિવસે તેણે એ પ્રયોગ કરી જોયો. ઊંચે છતમાં કડાં (Rings) બાંધવામાં આવ્યાં હતાં. ડિક એક કડા ઉપરથી છૂટયો, વચ્ચે હવામાં બે વખત ફૂદડી ફર્યો અને બીજું કડું પકડી લીધું. કેવું આકર્ષક દશ્ય! બીજી વખત તે કડા ઉપરથી છૂટયો; હવામાં બે વખત ફૂદડી ફર્યો; પણ બીજું કડું પકડતાં હાથ છૂટી ગયા! બધાના શ્વાસ થંભી ગયા. ઊંચી છત ઉપરથી ડિક નીચે પટકાઇ પડયો. એ જ ડાબો પગ ફરી પાછો ભાંગી ગયો.

પરીક્ષાના એ દિવસો હતા. બધાની મનાઇ છતાં પણ તેણે સૂતાંસૂતાં દિવસ ને રાત તૈયારી કરી અને ૧૯૧૨માં અમેરિકાના પ્રેસિડન્ટના હાથે ડીપ્લોમા મેળવ્યું.

અણીને વખતે બાયર્ડની બુદ્ધિ બહુ સતેજ બની જાય છે અને જરાપણ ગૂંચવાયા વિના તે સ્થિર મન રાખીને સારો માર્ગ તરત શોધી કાઢે છે. એક જ દાખલો જોઇએ. એક સવારે તે પોતાના જહાજ 'ડેલાવેર'ના તુતક ઉપર રવેશ પાસે ઊભો હતો ત્યાં અચાનક એક માણસ દરિયામાં પડી ગયો. ખલાસીઓએ ગભરાટથી બૂમાબૂમ કરી નાખી, પણ બાયર્ડ ન ગૂંચવાયો. તરત તેણે ક્રેઇનની સાંકળ ઉતારવા હુકમ કર્યો. સાંકળને દરિયામાં ઊતરતી શાંતિથી જોતો બાયર્ડ ઉભો હતો. દરિયો તોફાની હોવાથી પેલો માણસ દૂર તણાવા લાગ્યો. અચાનક આકાશમાંથી વીજળી પડે તેમ બાયર્ડનું પાતળું શરીર ખલાસીઓએ હવામાં સરતું જોયું! વ્હેલની જેમ ડુબકી મારીને ડિક ડૂબતા માણસ પાસે જઇ પહોંચ્યો. ને તેને મોતમાંથી ઉગારી લીધો. આ રીતે તો તેણે ત્રણ વાર ડૂબતા માણસોના જીવ બચાવી સરકાર તરફથી 'કૉંગ્રેસનલ લાઇફ સેવિંગ મેડલ' મેળવ્યો છે.

એવામાં પાછી તેના પગ ઉપર કમનસીબની કરડી નજર થઇ. પગમાં વારંવાર અસહ્ય દુખાવો થઇ આવતો હોય એવી હાલતમાં પણ બાયર્ડ અમેરિકાના કાફલામાં

પોતાની ફરજ બરાબર બજાવતો. પણ એક દિવસે અચાનક દરિયામાં ભારે તોફાનમાં તેનું જહાજ બહુ ડોલતું હતું એમાં નીસરણી ઉપરથી તે પડી ગયો ને પાછો એ જ પગ ભાંગ્યો! કેવી અસહ્ય પીડા થઈ હશે એને? પણ તેથી યે વધુ દુઃખ તો તેને દાક્તરોના દબાણથી દરિયાઇ ધંધો છોડવો પડ્યો ત્યારે થયું.

આમ સ્વદેશનો વફાદાર સેવક બાયર્ડ પેન્શન પર ગયો. પણ સાહસ અને જોખમ ખેડવાને જ જન્મેલા એ બહાદુર પુરુષને એવું નિવૃત્ત જીવન કેમ ગમે? એ તો ચોક્કસ કે સાહસ અને સફરમાં જે મજા અને જે લાભ છે તેનો એક અંશ માત્ર પણ એશઆરામ કે નિવૃત્તિમાં નથી. એટલે જ જ્યારે વિશ્વવિગ્રહમાં અમેરિકા જોડાયું ત્યારે સાહસપ્રેમી બાયર્ડ સાહસ ખેડવા તલપી રહ્યો.

'પગને ઈજા થવાથી દરિયાઇ કામમાં હું ભલે ઊભો ન રહી શકું; પણ ઊડવું હોય તો? ત્યાં તો બેઠે બેઠે જ બધું કરવાનું છે ને?' બાયર્ડે નવો રસ્તો કાઢ્યો. ઊડવાની શોધે તો સાહસની દુનિયામાં નવી દિશા ઉઘાડી છે, અને ઊડવાનાં સાહસ પાસે જમીન અને પાણીનાં સાહસ કંઇ હિસાબમાં જ નથી. બાયર્ડ હજી જમીન ઉપર હતો, પણ તેની કલ્પના અને મહત્ત્વાકાંક્ષા તેની પહેલાં આકાશમાં ઊડવા લાગી. તેમને તો ઊડવા માટે બાયર્ડની રજા હતી, પણ બાયર્ડને દાક્તરો અને સત્તાવાળાઓ રજા નહોતા આપતા. બહુ આજીજી કરવાથી તેને ફ્લોરિડામાં એ શિક્ષણ માટે પેનસાકોલાના વિમાની મથક ઉપર મોકલવામાં આવ્યો.

અભ્યાસ પૂરો થયો હતો અને હવે બાયર્ડને એકલા ઊડવાનું હતું. ઉપરથી જોનારને દરિયાઇ પક્ષી આલ્બેટ્રોસ જેવું લાગતું તેનું સીપ્લેન(દરિયાઇ વિમાન)મૅક્સિકોના અખાતના તરંગોમાં ઝૂલતું હતું. બાયર્ડ આજ દિવસ સુધી પોતાના શિક્ષકને બાજુમાં રાખીને જ ઊડ્યો હતો, પણ આજથી હવે તેને એકલા ઊડવાનું હતું. ધડકતે હૃદયે પણ મજબૂત હાથે તેણે 'સ્ટિક' પકડી, યંત્ર ચાલુ કર્યું અને 'એલીવેટર્સ' ઊંચા થતાં વિમાન ઊંચે ચડવા લાગ્યું. સ્વચ્છ આકાશમાં સૂર્ય પ્રકાશતો હતો; નીચે આટલાન્ટિકનાં આસમાની પાણી પથરાતાં હતાં; કાંઠા ઉપર ભાંગતાં મોજાંમાં પ્રકાશની રૂપેરી રેખા દેખાતી હતી; દૂર અમેરિકાનાં સ્વચ્છ અને સુંદર




અમેરિકાના નૌકાખાતાના રીઅર ઍડમિરલના પોશાકમાં બાયર્ડ

ગામડાં હતાં; પૂર્વમાં હજારો માઇલ સુધી આટલાન્ટિક વિસ્તરતો હતો અને એક દિવસ એ મહાસાગરને આકાશ રસ્તે ઓળંગવાના તેને કોડ હતા. તેણે એ દિશા તરફ જોયા જ કર્યું; તેને માટે એ કીર્તિ યા મૃત્યુનો માર્ગ હતો. સાહસવીર બાયર્ડ એ માર્ગે જવા તલપતો હતો; પણ એ વખતને હજી વાર હતી.

હવે બાયર્ડ નીચે ઊતરવા લાગ્યો. તમને કદાચ ખબર નહિ હોય કે વિમાનવિદ્યા શીખવામાં સૌથી મુશ્કેલ કામ ઊતરવાનું છે. બાયર્ડે એલીવેટર્સ'ને નમાવ્યા ને ઝડપ ઓછી કરી, કારણકે ઊતરવામાં વિમાનને કુદરતી ઝડપ મળે છે. પણ તેનું વિમાન હજી પાણી ઉપર ઊતરે તે પહેલાં તેણે 'એલીવેટર્સ'ને ઊંચા કરી લીધા એટલે વિમાન પાછું સીધું થઇ ગયું. હવા કરતાં ભારે વિમાનો કલાકના અમુક માઇલની ઝડપ હોય તો જ હવામાં રહી શકે છે અને આ વિમાન સીધું થવાથી તેને ઊતરતાં મળતી ઝડપ બંધ થઇ ગઇ! તે દરિયામાં જઇ પડ્યું! બાયર્ડને આ પહેલો જ કડવો અનુભવ થયો. મુશ્કેલીથી તે પાછો ઊંચે ચડ્યો. ભાઇસાહેબ પાછા સીધા ઊડયે જતા હતા ત્યાં સામેથી તેના જેવો જ એક નવો નિશાળિયો ઊડતો આવ્યો અને બંને વિમાન સામસામાં અથડાઇ પડ્યાં! વિમાન ભાંગી

આઠમે વરસે — લશ્કરી શાળામાં — આનાપૉલિસમાં — નૌકા-ગ્રૅજ્યુએટ — ઉત્તરધ્રુવની સફરે — પારીસ કફવનમાં — કીર્તિને શિખરે




ગયાં અને બંને જણુ લોહીલુહાણુ થઇ દરિયામાં પડ્યા, પણુ લાઇફબોટે આવીને બચાવી લીધા.

'આટલાંટિક ઓળંગી ફ્રાંસની રણુભૂમિ ઉપર મને આપણા સરદાર પાસે એક વિમાન આપી મોકલો તો દુશ્મનો ઉપર ભારે અસર થાય.' પરીક્ષા પસાર કરીને તરત આ નવા નિશાળિયાએ દરખાસ્ત મૂકી. કેટલી અસાધારણુ હિંમત! આજે તેર વર્ષ પછી પણુ આટલાંટિક ઓળંગવો એ કાંઇ સાધારણુ વાત નથી. તેની દરખાસ્ત નામંજૂર જ થઇ. એ વખતે હજી કોઇએ આટલાંટિક ઓળંગ્યો નહોતો, અને ઓળંગવો એ અશક્ય નહિ તોપણુ મુશ્કેલ હતું. વળી આવી લાંબી સફરમાં જરૂરી 'એરીઅલ નૅવિગેશન' (હવામાં હકારવાનું કામ) કોઇ જાણુતું નહોતું.

પણુ બાયર્ડે તેમાં પહેલ કરી. તેણે અખતરો કરી જોયો. નવાં ઓજારો, નવી યોજનાઓ ને વધારાના તેલની ટાંકી સાથે આટલાંટિકના મધ્ય ભાગ તરફ તે ઊડ્યો. ઇતિહાસમાં આ પહેલો જ પ્રયાસ હતો.

રસ્તે ધુમ્મસ અને અંધારૂં છવાઇ ગયાં ને તે પાછો ફર્યો. ઉપર આકાશ ન દેખાય; નીચે મહાસાગર ન દેખાય; તેલ અને એન્જિન દગો દેવા લાગ્યાં અને ગાઢ અંધકારમાં મોત ડાચું ફાડીને ઊભું હતું. પણુ તેની પોતાની યોજના અને પોતાની પસંદગીના હોકાયંત્રે તેને મદદ કરી અને તે સાચી દિશામાં હંકારી શક્યો. ઇતિહાસમાં પહેલી જ વખત તેણે સાબીત કરી આપ્યું કે હવાઇ મહાસાગરમાં પણુ ધારેલી દિશામાં રસ્તો ભૂલ્યા વિના હંકારી શકાય છે.

વિગ્રહના અંત પછી અમેરિકાએ ત્રણુ ફ્લાઇંગ બોટો તૈયાર કરી અને તેના ખલાસીઓમાં બાયર્ડની પસંદગી સૌથી પહેલી થઇ. વર્ષો સુધી સેવેલું સ્વપ્ન હવે મૂર્તિમન્ત સ્વરૂપ લેતું હતું. બાયર્ડના આનંદનો હવે પાર ન રહ્યો. પણુ રસ્તામાં તેને ન્યુફાઉન્ડલૅન્ડમાં કામસર રોકી રાખવામાં આવ્યો આથી તેના ઉત્સાહ ને આનંદ ઉપર જબરો ફટકો પડ્યો. કેમકે ફ્લાઇંગ બોટોને રસ્તામાં ઊતરી જવું પડ્યું, અને બાયર્ડે કરવા ધારેલી 'નૉન સ્ટૉપ ફ્લાઇટ' તે ન કરી શકી. ફરીને એણે એક સપાટે આટલાંટિક ઓળંગી પારીસ પહોંચવાની એક યોજના ઘડી. આરમારી અફસરોને પોતાના પક્ષમાં મેળવી, છેલ્લે તેણે કાફલાખાતાના કામચલાઉ સેક્રેટરી થીઓડોર રૂઝવેલ્ટ (જુનીઅર)ની રજા માગી. પણુ રૂઝવેલ્ટ તેને એવી રજા કેમ આપે? આવા સાહસનાં જોખમ તે સમજતો હતો. તે વખતે આવાં સાહસ માટે વિમાનનાં વિશ્વાસપાત્ર યંત્રો બનતાં ન હતાં. રૂઝવેલ્ટને આ જુવાન સાહસવીર ઉપર પ્રેમ હતો. તે તેને મૃત્યુના મુખમાં જવાની રજા કેમ આપે? એક પછી એક તેણે રજુ કરેલી લાગણીભરેલી દલીલો પાસે બાયર્ડે નાસીપાસી છતાં નમતું આપ્યું.



જ્યાં છ માસ સુધી સૂર્ય આથમ્યા વિના ક્ષિતિજ ઉપર ફર્યા કરે છે; જ્યાં સવાર બપોર કે સાંજ નથી; જ્યાં ઉત્તર સિવાય બીજી કોઇ દિશા નથી અને કિનારા સિવાય ક્યાંય પ્રાણીનો વાસ નથી; જ્યાં કાતિલ હિમઝંઝાવાત અને ક્રૂર કરાલ બહેલોનું સામ્રાજ્ય છે; એ પૃથ્વીના પાતાળપ્રદેશ શા દક્ષિણધ્રુવ પરના બાયર્ડના આક્રમણનું બયાન-આવતે અંકે

પણ ૧૯૨૧માં 'ઝેડ આર–૨' નામનું એક હવાઇ જહાજ આટલાંટિક ઓળંગવા જતું હતું અને રૂઝવેલ્ટે બાયર્ડને તેમાં જોડાવા સલાહ આપી. બાયર્ડ તેમાં સામેલ થવા ગયો; પણ એરોડ્રોમ ઉપર તે મોડો પહોંચ્યો અને કમાન્ડરે તેને સાથે લેવા ના પાડી. અને તે સારૂં જ થયું, કારણકે સવારે હવાઇ જહાજ તેના છાપરા નીચેથી નીકળીને ઊંચે ચડ્યું અને થોડી જ વારમાં ફાટી ગયું. તેમાંનાં બધાં માણસો માર્યાં ગયાં. આથી તેની યોજના તરત માટે તો પડતી મૂકાઇ દરમિયાન હવે બાયર્ડે લગ્ન કર્યાં. પણ સંસારી આકર્ષણો કરતાં યે ઉત્તરધ્રુવના અણશોધ્યા અને અણજોયા વિશાળ હિમપ્રદેશો તેને વધારે જોરથી બોલાવી રહ્યા હતા. તેણે એ સાદ સાંભળ્યો ને તેની જિંદગીનું નવું પ્રકરણ શરૂ થયું.

સેંકડો દેશપ્રેમી સાહસવીરોના કરુણ વિનાશથી અંકિત બનેલા આ ધ્રુવપ્રદેશો સૈકાઓ થયાં સાહસિક મનુષ્યોને પોતાને આંગણે નિમંત્રી રહ્યા છે. કેટલા યે હોંશભર્યા જુવાનો સુખવૈભવને તરછોડી, જિંદગીનો મોહ છોડી માત્ર પોતાના દેશને યશ અપાવવા, સાહસની દુનિયામાં પોતાના દેશને અમર કરવા, સ્વદેશ ને સ્વજનોની હૂંફ છોડી ધ્રુવપ્રદેશની અસહ્ય ઠંડીમા ક્રૂર બરફ નીચે સદા માટે અદૃશ્ય થયા છે હડસન અને ફ્રૅંકલિન, ક્રોઝિયર અને બેલોટ, ઍન્ડ્રી અને આમુંડસન જેવા અનેક સાહસવીરો એ હિમરેખા (arctic circle)મા બરફની વિશાળ દિવાલો પાછળ ગયા છે અને સ્વદેશ તથા સ્વજનોની હૂંફમાં બેસવા કદી પાછા ફરી શક્યા નથી. જેમ્સ રૉસ, કૅપ્ટન પીઅરી, મૅકક્યૂવર, મૅક ક્લિન્ટોક, નાન્સેન અને જનરલ નોબાઇલ જેવા નરવીરોએ એ પ્રદેશ ખેડ્યો છે. ડિક બાયર્ડને એ અસામાન્ય પ્રદેશો આકાશમાર્ગે જોવાના કોડ જાગ્યા.

તમને કદાચ ખ્યાલ પણ નહિ હોય કે ધ્રુવની મુસાફરી માટે કેવીકેવી તૈયારીઓ કરવી પડે છે અને તેને માટે કેટલો ખર્ચ કરવો પડે છે. બાયર્ડને જવા માટે પ્રેસિડેન્ટ કૂલિજ સુદ્ધાંની સૌની રજા તો મળી; પણ પૈસા માટે તેને બહુ ફાંફાં મારવાં પડ્યાં. દરેક મોટું કાર્ય કરવામાં ઓછીવત્તી મુશ્કેલી તો નડે, પણ તે જ મુશ્કેલીઓ એ કાર્યને વધારે મોટાઇ આપે છે.

૧૯૨૫ના એપ્રિલની એક સવારે બાયર્ડ એક અમેરિકન લક્ષાધિપતિના દીવાનખાનામાં નવ વાગ્યાથી બેઠો હતો. તે પોતાના સાહસ માટે મદદ માગવા આવ્યો હતો અને જવાબ મળ્યો હતો કે શેઠ હમણાં જ મળશે. કલાક પર કલાક વીતવા લાગ્યા, પણ શેઠે દર્શન ન દીધાં. ભૂખ્યા ડાંસ જેવો હજી ડિક બેઠો હતો. અંતે બપોર થતાં પાસેની હોટેલમાં જઇ તે જમી આવ્યો. પણ શેઠે તો તેને જમવા પણ ન બોલાવ્યો. છેક સાંજે નોકરે આવીને જણાવ્યું કે શેઠને મુસાફરીની વાતો કરવા જેટલી ફુરસદ નથી! થોડાક દિવસ આના ફોકટ ફેરા ખાધા. આખરે મોટરકંપનીવાળા એડસલ ફોર્ડે તેને મદદ કરી.

૧૯૨૫ના જૂનની ૨૦મી તારીખે બાયર્ડ આગબોટ 'પીઅરી'માં પોતાના રસાલા સાથે હંકારી ગયો. સાથે ત્રણ વિમાનો હતાં. કેટલીક મુશ્કેલીઓ વેઠ્યા પછી તેઓ ઑગસ્ટની પહેલી તારીખે ગ્રીનલૅન્ડની ઉત્તરે ઇટાહ પહોંચ્યા. બીજી સવારે તેઓ વિમાન ઉડાડવાની તૈયારી કરવા લાગ્યા. એરોપ્લેનને ઊડતાં પહેલાં થોડુંક દોડવું જોઇએ. અને નરમ હિમ (snow)થી છવાએલા બરફ ઉપર તો તેનાં પૈડાં ખૂંચી જાય. અંતે ૭૨ કલાકની મહેનત પછી ઊડવાની સગવડ થઇ. એરોપ્લેન તૈયાર થયું. એસ્કિમો—ધ્રુવપ્રદેશના વાસી—લોકો આ દેખાવ કુતૂહલથી જોઇ રહ્યા હતા. માણસ તે ઊડી શકે? ત્યારે શું પંખીના આકારનું નિર્જીવ ખોખું તે ઊડી શકે? એસ્કિમો કુમારોને પણ એ સાંભળીને ભારે ગમ્મત પડી હશે! વિમાનનું યંત્ર ચાલુ થયું, પંખો ફરવા લાગ્યો, એસ્કિમોએ જોયું કે આ પંખીમાં જીવ છે! અને એ પંખી તો ઘૂઘવાટી કરતું આકાશમાં ઊડી ગયું ને તેમની આંખો અજાયબીથી ફાટી જ રહી.

બરફનાં મેદાનો, બરફના જ ડુંગરો અને ખડકો તથા થીજી ગએલા સમુદ્રો ઉપરથી વિમાન ઊડતું ગયું. અચાનક તેલની ટાંકીમાં ખોટકો જણાયો. આવી જગ્યાએ ઊતરવું પડે તો વિમાન અને વિમાનીઓનો નાશ જ થાય ને? પણ બાયર્ડનો સાથી ફ્લૉઇડ બેનેટ હિંમતમાં સેતાનના સગા ભાઇ જેવો હતો, અને ઊડવામાં શકરા જેવો હતો. ઠંડો પવન સુસવાટા મારતો હતો. ધ્રુવપ્રદેશોમાં બરફ કરતાં યે પવન વધારે ઠંડો હોય છે. તેનો એક જ સપાટો મોત ઉપજાવવા માટે બસ

હોય છે. છતાં એવા પવનમાં પણ બેનેટ વિમાનની પાંખ ઉપર ચડયો અને એ ખોટકો સુધારી આવ્યો !

પંદર દિવસમાં તો ઠંડા પવનના સુસવાટા ઉપર સવાર થઇને શિયાળો આવી પહોંચ્યો અને ઉનાળાને હાંકી કાઢયો. સૂર્યાસ્ત થવા લાગ્યો; સમુદ્રનું બરફમાં રૂપાંતર થવા લાગ્યું; પક્ષીઓનાં ટોળેટોળાં દક્ષિણ તરફ ભાગવા લાગ્યાં; જનાવરો અદૃશ્ય થઇ ગયાં; જ્યાં પક્ષીઓનો ભારે ઘોંઘાટ મચી રહ્યો હતો ત્યાં અપૂર્વ શાન્તિ પથરાઈ ગઇ. શિયાળાની વ્હેલી શરૂઆતે બાયર્ડની યોજનાને ધૂળમાં મેળવી અને તે પણ પાછો ફર્યો. પંદર દિવસમાં ૬૦૦૦ માઇલ તેઓ ઊડ્યા હતા.

બીજે વર્ષે કરજ કરીને પણ તેણે પાછી તૈયારી કરી. વારંવાર તે મદદ કોણ આપે ? છતાં ફોર્ડે કેટલીક મદદ કરી ખરી. પોતાના મથક (base) તરીકે તેણે યુરોપની ઉત્તરે આવેલો સ્પિટ્ઝબર્ગન ટાપુ પસંદ કર્યો.

૧૮૯૭માં ઍન્ડ્રી નામનો એક સાહસવીર, બે સાથીઓ અને કેટલાંક કાસદ કબૂતરો સાથે બલૂનમાં —સુકાન કે સંચા વિનાના ને કેવળ પવનની મહેરબાની ઉપર ટકતા વિમાનમાં—બેસીને ઉત્તર ધ્રુવ પહોંચવા સ્પિટ્ઝબર્ગનથી ઊડ્યો હતો. તેનું માત્ર એક કબૂતર હાથ આવ્યું હતું. પણ પછી તે સિવાય ૩૨ વર્ષ સુધી તેના હાલહવાલની કાંઇપણ ખબર નહોતી મળી! ૩૨ વર્ષે તેનું શબ બરફમાં એવા ને એવી હાલતમાં સચવાઇ રહેલું મળી આવ્યું. બાયર્ડ આજે એ સ્થળેથી ઊડતો હતો.

એ સમે મહાન નૉર્વેજિયન વિમાની આમુંડસન પણ હવાઈ જહાજમાં બેસી ધ્રુવ તરફ જવા મથતો હતો. તે આગળ નીકળી જાય તો? આમ ન બનવા પામે તે માટે વિમાન 'જોસેફાઇન ફોર્ડ'ને તરાપા ઉપર મૂકી તેઓ તેને કાંઠે લાવવા લાગ્યા. વખત કટોકટીનો હતો, કારણકે પવન કે પ્રવાહમાં તે આવી જાય તો બધી યોજના ધૂળમાં મળે. બધાના શ્વાસ ઊંચા હતા. વિમાન કાંઠે આવ્યું. ઍરોડ્રોમ તૈયાર કરી જોવા તેઓ ઊડવા ગયા કે પોચી જગ્યા આવવાથી વિમાન જોખમાઇ ગયું. તેઓએ રાત જાગીને ઉતાવળેઉતાવળે કામ કર્યું અને બીજી સવારે ઊડી ગયા. આખી રાત તેમણે સૂર્યના પ્રકાશમાં સફર કરી. અને બીજે દિવસે સવારે તેઓ ધ્રુવ પર આવી પહોંચ્યા.

દુનિયાની એ ઉન્નત અગાસી પર બરફ ને પાણી સિવાય બીજું કંઇ નથી. દક્ષિણ સિવાય ત્યાં બીજી કોઇ દિશા નથી. છ માસ (૨૧મી માર્ચથી ૨૩મી સપ્ટેમ્બર) સુધી ત્યાં સૂર્ય આથમ્યા વિના ક્ષિતિજ પર ફર્યા કરે છે ને બાકીના છ માસ ત્યાં રાત જ રહે છે. ચંદ્ર પણ ત્યાં દર માસે એક અઠવાડિયા સુધી ચક્રાવા મારતો ઊંચે ચડે છે બીજા અઠવાડિયા સુધી તેવી જ રીતે નીચે ઉતરે છે. અને બીજાં બે અઠવાડિયાં સુધી તે દેખાતો જ નથી! વર્ષનો મોટો ભાગ સમુદ્રો બરફના રૂપમાં રહે છે. ઉનાળાના ટૂંકા સમયમાં અસંખ્ય દરિયાઇ પક્ષીઓ ધ્રુવ પ્રદેશની મુલાકાત લે છે અને સમુદ્ર અસંખ્ય જળચર પ્રાણીઓથી ખદબદતો દેખાય છે. ખંડોની ઉત્તરે જંગલી એસ્કિમો અને લાપ લોકો વસે છે.

એવા એ ધ્રુવપ્રદેશમાંથી બાયર્ડનાં પાછા વળતાં જ પવનનું તોફાન ચાલુ થયું. તેલ ઝમવા લાગ્યું ને સેકસટન્ટ ભાંગી ગયું. નીચે ઊતરવું એ તો હવે મોતને આમંત્રવા જેવું હતું. તેના જ શબ્દોમાં કહીએ તો, કુદરત તેમની સામે અટ્ટહાસ્ય કરતી હતી. ત્યાંથી દેખાતા દસ હજાર માઇલના ઉજ્જડ બર્ફસ્તાન ઉપર બે નાના તુચ્છ અને નાશવંત મનુષ્યો એક નાનકડા વિમાનમાં ઊડતા હતા.

પણ પોતાના પુરોગામી ઍન્ડ્રી કે અનુગામી નોબાઇલના હાલહવાલ ભોગવ્યા વિના બાયર્ડ પાછો પોતાને મથકે પહોંચી શક્યો. આખી દુનિયાને બીનતારી સંદેશા પહોંચી ગયા કે કમાન્ડર બાયર્ડે આકાશમાર્ગે ઉત્તર ધ્રુવ શોધી કાઢ્યો છે. આખી દુનિયામાંથી મુબારકબાદીના સંદેશાનો વરસાદ વરસ્યો. 'પાઅરી'નો વાયરલેસ ઑપરેટર પણ જવાબ આપીઆપીને થાકી ગયો; પણ બાયર્ડે બે રાત સુધી જાગીને તેમને જવાબ આપ્યા.

૧૯૨૬ના જૂનની ૨૨મી તારીખે સવારે ન્યૂ યૉર્કના બંદરે માનવ સમુદાય ઉલટયો હતો. બે સ્નેહાળ આંખો બાયર્ડને શોધતી હતી અને બાયર્ડની આંખો તેને શોધતી હતી. અજીત ધ્રુવ ઉપર વિજય મેળવીને આવેલા પોતાના પ્યારા પુત્રને એ માયાળુ માતા જ્યારે મળી હશે ત્યારે કેવું દૃશ્ય થયું હશે તે તમે કલ્પી શકો છો? દેશના સાચા સપુતનું અમેરિકન પ્રજાએ ભવ્ય સ્વાગત કર્યું. તેને જોવા ન્યૂયૉર્કની આકાશ સાથે વાતો કરતી આલેશાં ઇમારતોમાંથી અનેક આંખો ટગમગતી હતી; આકાશમાં ઊડતાં વિમાનોમાંથી પુષ્પવૃષ્ટિ થતી હતી; અને તેને આવકાર આપતા અવાજો છેક આકાશમાં

સંભળાઇ રહ્યા હતા! પ્રેસિડેન્ટ કૂલિજે તેને નૅશનલ જ્યૉગ્રાફિકલ સોસાયેટીનો હબ્બાર્ડ મેડલ આપ્યો.

સાહસ ને સફરનો સ્વાદ એક વખત ચાખ્યા પછી બાયર્ડને નવરા બેસી રહેવું ગમ્યું નહિ. ઉત્તર ધ્રુવ ઉપર વિજય મેળવ્યો, પણ હજી આટલાન્ટિક ઓળંગવો બાકી જ હતો. તેણે એક દિવસ એક અમેરિકન કરોડાધિપતિને કહ્યું, 'આટલાન્ટિકને આકાશ માર્ગે ઓળંગવા હું આજ બાર બાર વર્ષ થયાં પ્રયાસ કરી રહ્યો છું.'

'કમાન્ડર,' એ શ્રીમંત રોડમૅન વાનામેકરે જવાબ આપ્યો: 'આપણે વહેલા મળ્યા હોત તો ઠીક થાત. હું તો એથી યે લાંબો વખત થયાં એવા કોઇ યોગ્ય સાહસિક માણસને મદદ કરવા શોધી રહ્યો છું.'

કેવો અકસ્માત! તરત ફૉકર કંપનીને એક એરોપ્લેન બનાવવાનો હુકમ અપાઇ ગયો. મહાન અમેરિકન વિમાની લિંડબર્ગ પણ આટલાંટિક ઓળંગવા તૈયારી કરતો હતો; જો બાયર્ડ ઉતાવળ ન કરે તો લિંડબર્ગ એ માન ખાટી જાય. વિમાન તૈયાર થયું. પણ તે આગલા ભાગમા ભારે હોવાથી જ્યારે બાયર્ડ, ફૉકર, નોવાઇલ અને બેનેટ અખતરા માટે ઊડીને નીચે ઉતરતા હતા ત્યારે તે જમીન ઉપર પટકાઇ પડ્યું. ફૉકર ઊડી પડ્યો, બેનેટ ચગદાઇ ગયો, અને બાયર્ડ તથા નોવાઇલ 'ફ્યૂઝ લેજ'માં ભીંસાઈ ગયા! આવા અકસ્માતોમાં ઘણીવાર આગ સળગી ઊઠે છે ને 'ફ્યૂઝ લેજ'માં ભીંસાઇ ગએલા માણસો તેમાં બળી મરે છે: પણ બેનેટની સમયસૂચકતાને લીધે આગ ન લાગી.

હવે લિંડબર્ગની આગળ થવું અશક્ય હતું. બાયર્ડે દિલાવરીથી પોતાનાં સાધનો તેને આપી દીધાં. લિંડબર્ગ ક્યાંય ઊતર્યા વિના આટલાન્ટિક ઓળંગી પારીસ પહોંચી ગયો. બાયર્ડની બધી આશાઓ તો તેના વિમાન સાથે જ ભાંગી ગઇ હતી. લિંડબર્ગના વિજયના સમાચાર આપતાં અનેક મિત્રોએ બાયર્ડને ઠપકાથી નવાજ્યો; પણ તેણે કહ્યું, 'મારે મન તો એ બહુ આનંદજનક સમાચાર છે. હું તેનો અને તેના આશ્ચર્યજનક વિજયનો જ વિચાર કરૂં છું.'

'તમે કેમ પ્રયાસ નથી કરતા?' રૂઝવેલ્ટે પૂછ્યું.

'કારણકે એ દિશામાં હું જે કંઇ કરૂં તે હવે લિંડબર્ગની કીર્તિને ઓછી કરે.' ઉદાર બાયર્ડે જવાબ આપ્યો.

પણ ૧૯૨૭ના જૂનની ૨૯મીની સવારે 'અમેરિકા' નામના વિમાનમાં બેસીને, તેણે કહ્યું તેમ, વૈજ્ઞાનિક સફરે નીકળી પડ્યો. બેનેટ તો હજી લંગડાતો ચાલતો હતો એટલે તે સાથે ન આવી શક્યો અને તે માટે બાયર્ડ પણ બહુ દિલગીર થયો. નોવાઇલ, બર્ટ એકોસ્ટા અને એક નોર્વેજિયન તેની સાથે હતા.

ક્ષિતિજની પાછળ અમેરિકાની ભૂમિ અદૃશ્ય થઇ. નીચે આટલાન્ટિકનો આસમાની પટ વિસ્તરતો હતો. વચ્ચેવચ્ચે સફેદ વાદળ આવતાં હતાં. ત્રણ એન્જિન ઘુઘવાટી કરતાં હતાં અને રસ્તો ઝડપથી કપાતો જતો હતો. ત્રણ એન્જિન સાથે ચાલવાથી તેલ વધારે બળાતું હતું, તે કેટલા દિવસ ચાલશે તેનો નોવાઇલ હિસાબ કાઢવા બેઠો. બાયર્ડે તેની સામે જોયું ત્યારે તેનું મુખ ધાસ્તીથી ફિક્કું પડી ગયું હતુ. આ ઘુઘવાટીમાં વાત કરવી અશક્ય હતી, એટલે તેણે કાગળ ઉપર નીચે પ્રમાણે લખીને બાયર્ડને બતાવ્યું: વિમાન જે ઝડપથી તેલ ખેંચે છે તે જોતાં રસ્તામાં જ તેલ બળી જશે અને તે દરિયામાં પડશે.

બાયર્ડ મુંઝાયો; આટલી આટલી મુશ્કેલીઓ પછી શરૂ કરેલી સફરનો અંત શું આવો આવશે? હવે શું પાછા ફરવું? ત્યારે શું દરિયામાં ડૂબી મરવું? અચાનક નોવાઇલને પોતાની ભૂલ સમજાઇ અને 'અમેરિકા' આગળ વધી ધુમ્મસ અને વાદળામાં અદૃશ્ય થઇ ગયું.

જૂનની ૩૦મી તારીખ હતી. બાયર્ડનું શું થયું તેના સમાચાર દુનિયાને હજી મળ્યા ન હતા. અનેક માણસો ચિંતાથી ફફડતા હતાં. આટલાન્ટિકમાં કોઇ પણ આગબોટે 'અમેરિકા'ને જોયું ન હતું. લોકો તેના સમાચારની કાગને ડોળે રાહ જોતા હતા. દિવસ એમ ને એમ વીતી ગયો. રાત પડી અને પારીસ ઉપર વાદળ ઘેરાયાં ને વરસાદ વરસવા લાગ્યો. બધે ઘોર અંધારૂં છવાયું હતું. રાત ભયંકર હતી. અચાનક આકાશમાંથી ઘુઘવાટી સંભળાઈ. એ કાળા અંધકારમાં 'અમેરિકા' ઘૂમવા લાગ્યું. પાછળથી મહાન ફ્રેન્ચ વિમાની કોસ્ટેએ તેને કહેલું: 'અમે એ ઘુઘવાટી સાંભળી અને તમારી નિરાધારતા માટે અમને ચિંતા થવા લાગી.'

'અમેરિકા' પારીસ ઉપર ચકરાવા મારવા લાગ્યું. અંધારામાં ઊતરવું એ મોતના મુખમાં પેસવા જેવું હતું પણ બાયર્ડને ઊતર્યા વિના છુટકો ન હતો. વિમાન

નીચે આવી આવીને પાછું ઊંચે ચડી જતું. અંધારામાં ક્યાં ઊતરે? ઊતરે તો ૯૯ ટકા મોત જ! એક વખત ફરીથી તેણે ગુલાંટ ખાધી, ત્યાં એક દીવાદાંડી નજરે પડી. બાયર્ડે ધાર્યું કે પાસે પાણી હોવું જોઇએ. તેણે 'ફ્લેર'થી ખાત્રી કરી જોઇ. 'એલીવેટર્સ' નીચા નમ્યા ને 'અમેરિકા' ઝડપ ઓછી કરીને નીચે ઊતરવા લાગ્યું.

આપણે જોઇ ગયા કે વિમાનને ઊતરવું એ સૌથી મુશ્કેલ કામ છે. એક વખત ધોળે દિવસે પણ બાયર્ડને તેમ કરતાં નહોતું આવડ્યું, ત્યારે આ તો કાળી રાત હતી! ને તેમાં પાણીની સપાટીએ ક્યારે પહોંચાય તે ક્યાંથી ખબર પડે? અને ખબર ન પડે તો એ સીધું પાણીમાં જ ઊતરી જાય! છતાં તેઓએ હિંમત પકડી.

છર્‌....ર્‌....ર્‌ ...ર્‌, પંખા પાણી કાપવા લાગ્યા: પણ આંખ ઉઘાડે એટલી વારમાં તો ધ....ર્‌....ર્‌....ર્‌....ર્‌ના ભયંકર અવાજે કાઢતું વિમાન પાણીમાં ઊતરી ગયું! થોડીક ક્ષણ તેમની બુદ્ધિ બહેર મારી ગઇ. ભાનમાં આવતાં જ તેઓ તરવા લાગ્યા અને કાંઠે આવ્યા. ઉજાગરા, થાક અને ૪૮ કલાકની ભયંકર ક્ષુધાટીથી તેઓ મરણતોલ થઇ ગયા હતા. પણ બાયર્ડ તો વર્ષો થયાં પોતે સેવેલા સ્વપ્નની મળેલી સિદ્ધિ પર મુશ્તાક થયો. ધીરજ અને ખંત શું નથી કરી શકતાં?

આમ, ઉત્તર ધ્રુવ અને આટલાન્ટિકની યે ફતેહમંદ મુસાફરી થઇ ગઇ, પણ આમુંડસને શોધેલો દક્ષિણ ધ્રુવ તો હજી બાકી હતો. સાહસવીરો માટે આજે પણ એ ક્ષેત્ર કંઇ નાનું નથી; અને મહત્ત્વાકાંક્ષાને તો હદ જ ક્યાં છે? કમાન્ડર બાયર્ડ ત્યાં જવા તૈયારી કરવા લાગ્યો. છેલ્લામાં છેલ્લી શોધનાં અને દક્ષિણ ધ્રુવની સફરને અનુકૂળ આવે તેવાં જહાજ, વિમાનો, યંત્રો, ઓજારો, સાધનો, જથ્થાબંધ ખોરાક અને કોલસા લઇને જવાની તેણે યોજના ઘડી અને જ્યાં યુનાઇટેડ સ્ટેટસ તથા મૅક્સિકો જેવડો ઍન્ટાર્કટિકા નામનો ખંડ આવેલો છે, જ્યાં કિનારા સિવાય આખા ખંડ ઉપર કોઇ પણ પ્રાણીનો વાસ નથી ને જમીન પર જ્યાં કેટલા યે ફૂટ બરફ સદાકાળ જામેલો રહે છે, જ્યાં આમુંડસને નૉર્વેનો વિજયધ્વજ ફરકાવ્યો છે ને સ્કૉટે જ્યાં પોતાના સાથીઓ સાથે ચિરસમાધિ લીધી છે, એ દુનિયાના ભેદી અને તોફાની એક આખા ખંડની સફર પણ તેણે ખેડી.

પૃથ્વી ભરમાં એ એક જ પ્રદેશ તેનાથી અદીઠ રહેલો હતો. તેના પર પણ તે ઘૂમી વળ્યો. ને બધા સાહસખેડુઓની નજર બહાર રહેલા ત્યાંના એક ભૂમિખંડ પર અમેરિકાની માલિકી તેણે સ્થાપી ત્રણ મોટરોથી ચાલતુ તેનું મોનોપ્લેન બરફમાં ભાંગ્યું, વહેલો ને વરસતા બરફે પૂરી કમનસીબી કરી છતાં આખી સફર દરમિયાન એકે જિંદગીનો ભોગ આપ્યા વગર તેણે ખેડેલી સફળ સફર માટે અમેરિકાની જ્યૉ-ગ્રાફિકલ સોસાયટી તરફથી ખાસ તેને માટે તૈયાર થએલો ચાંદ તેણે મેળવ્યો. એમ તો પોતાના સાહસો માટે તેણે બધા મળી પાંચ સર્વોત્તમ કક્ષાના અને બાવીસ બીજા યે ચાંદો મેળવ્યા છે, પણ આ ચાંદ પર તો તેની અમરતા ટંકાએલી છે. એ સાહસોનું હાલમાં જ 'ગગનપંથે' અને 'સાહસશોધ' નામક ગ્રંથોમાં વિગતવાર બયાન બહાર પાડી, ભૂતકાળની સ્મૃતિ વાગોળતા બાયર્ડને હજુ પણ દુનિયામાં કોઇ અદીઠ ખૂણો રહ્યો હોય તો ત્યાં પહોંચવાને હોંસ છે. **વિજય વાસુ**

(અમેરિકન કાફલાના બાહોશઅફસરએફ.ઓનનાઅહેવાલપરથી)

નક્કામું વાચન વધારશો તો કીમતી જીવન વેડફાઇ જશે. અને જો છાપાંઓ વાંચવાનું છોડી દેશો તો ડગલે ને પગલે પસ્તાશો. છાપાંઓ વાંચતાં દુનિયાનું જ્ઞાન કેળવાય છે એ લાભ તો છે જ, પણ એથીયે વિશેષ લાભ તો, શું લેવું અને શું તજવું, શું સાચું માનવું અને શું કોરે મૂકવું એનો વિવેક કરવાની શક્તિ કેળવાય છે, એ છે. તમે રમતો છોડી દેશો તો જલદી ઘરડા થશો, અને હારજીતમાં સમાન રહેવાની અનાસક્તિ સહેજે કેળવવાની એક તક ગુમાવશો.

(દ. બા. કાલેલકર)



જીવનતીર્થ હરદ્વાર

ત્રિપથગા ગંગાના ત્રણ અવતાર છે. ગંગોત્રી અથવા ગોમુખીથી માંડી હરદ્વાર સુધીની ગંગા તે એનો પ્રથમ અવતાર. હરદ્વારથી પ્રયાગરાજ સુધીની ગંગા તે એનો બીજો અવતાર. પ્રથમ અવતારમાં એ પહાડના બંધનમાંથી મુક્ત થવા મથે છે. બીજા અવતારમાં એ પોતાની બેનપણી યમુનાને મળવા તલસે છે. પ્રયાગરાજ થઇ ગંગા અને યમુના મળીને પોતાના મોટા પ્રવાહ સાથે એ સરિતપતિ સાગરમાં વિલીન થવાને ઝંખે છે એ એનો ત્રીજો અવતાર. ગંગોત્રી, હરદ્વાર, પ્રયાગ અને ગંગાસાગર એ ગંગાપુત્ર આર્યોને માટે મોટામાં મોટાં તીર્થસ્થાનો છે. જેમ ઉપર ચડીએ તેમ તીર્થનું માહાત્મ્ય વધારે એમ મનાય છે. એક રીતે એ સાચું પણ છે. પણ મારે મન ભારત જાતિ માટે અત્યંત આકર્ષક સ્થાન હરદ્વાર જ છે. હરદ્વારમાં પણ પાંચ તીર્થો પ્રસિદ્ધ છે. દરેકનું માહાત્મ્ય પુરાણકારોએ શ્રદ્ધા ને રસથી વર્ણવ્યું છે, પણ એ કશું મહત્ત્વ જાણ્યા વગર પણ માણસ કહી શકે છે કે 'હરિકી પાયડી'માં જ ગંગાનું માહાત્મ્ય કહો તો માહાત્મ્ય ને કાવ્ય કહો તો કાવ્ય અધિક દેખાઇ આવે છે.

એમ તો દરેક નદીમાં કાવ્યમય ભૂમિભાગ હોય જ છે. ગંગાને કિનારે હરદ્વાર કરતાં અધિક રૂપાળાં સ્થાનો ન જ હોઇ શકે એમ કહેવાનો આશય નથી. 'હરિકી પાયડી'ની આસપાસ બનારસની શોભાનો સોમો ભાગ પણ ન જડે; છતાં અહીં કુદરત અને માણસ એક બીજાના વેરી ન થતાં એમણે ગંગાની શોભાને વધારવાનું કામ જ સહકારથી કર્યું છે. ગંગાનો એ સાદો, સ્વચ્છ પ્રવાહ, મંદિર પાસેનો એ દોડતો ઘાટ, ઘાટ તળેનો નાનોસરખો વાંકોચૂંકો ધરો, આ બાજુ હજારો લોકો સુખેથી બેસી શકે એવો પટ જેવો ઘાટ અને પેલી બાજુ નાનકડા બેટની ગરજ સારે એવો કકડો અને બે બાજુને સાંધનાર જૂનો પૂલ, એ બધું જ કાવ્યમય છે. કાંઠાનાં મંદિરો અને ધર્મશાળાનાં સાદાં શિખરો એમાંનું એકેય ગંગા તરફનું આપણું ધ્યાન પોતા તરફ ખેંચતાં નથી અને છતાં એ બધા ગંગાની શોભામાં ભળે એવાં જ છે. બનારસના બજારમાં બેસતા આળસુ પોઠીઆ જુદા અને શાંતપણે વાગોળતા અહીંના પોઠીઆ જુદા. અહીં ગંગામાં ક્યાંય કાદવનું નામ ન મળે. જ્યાં જુઓ ત્યાં એકબીજા સાથે અનંતકાળથી અથડાઇને ગોળ મટોળ થએલા સફેદ પથરાઓ જ જોઇ લેવા.

'હરિકી પાયડી'માં સૌથી આકર્ષક વસ્તુ તરફ આપણું ધ્યાન જતું નથી. આપણે એની કેવળ અસર અનુભવીએ છીએ. અને એ છે અહીંની હવા. હિમાલયનાં દૂરદૂરનાં હિમાચ્છાદિત શિખરો પરથી જે પવનો દક્ષિણ તરફ વાય છે તે પહેલવહેલા અહીંની મનુષ્યવસતિને સ્પર્શે છે. આટલો પાવન પવન બીજે ક્યાંથી મળે? હરિકી પાયડી પાસે પુલ ઉપર ઊભા થાઓ એટલે ફેફસાંમાં અને હૈયાંમાં કેવળ આહ્લાદ જ ભરાઇ જાય છે. ઉન્માદકારી નહિ પણ પ્રશમકારી.

જેટલીવાર અહીં આવ્યો છું એટલીવાર એ ને એ જ શાંતિ, એ ને એ જ પ્રહ્લાદ અને એ ને એ જ સ્ફૂર્તિ અનુભવી છે. મુંબાઇની ચોપાટી સાથે કેટલાક લોકો આ ઘાટને સરખાવે છે. આત્યંતિક વિરોધનું સાદૃશ્ય આ બેમાં જરૂર છે. અહીં યાત્રીઓ માછલાંઓને

જ્યાં આકાશના તારાઓને પૃથ્વીના દીવાઓ જવાબ દે છે

આહાર આપે છે તો ત્યાં માછીઓ આહાર માટે માછલાંઓને પકડે છે.

હરિકી પાયડી જોવી હોય તો સાંજે સૂર્યાસ્ત પછી જવું. ચાંદરણું છે કે નહિ એનો વિચાર કરવાની જરૂર નથી. ચાંદરણું હશે ત્યારે એક જાતની શોભા મળશે, નહિ હોય ત્યારે બીજી. એ બેમાં જે પસંદગી કરવા બેસે તે કલાપ્રેમી નથી પણ અર્થપ્રેમી છે. આકાશમાં એક પછી એક તારાઓ પ્રગટે છે અને નીચેથી એક પછી એક સળગતા દીવાઓ એમને જવાબ દે છે. એ આખા દૃશ્યની ગૂઢ શાંતિ મન ઉપર કોઇક અસર કરે છે, એટલામાં મંદિરમાંથી ટીંગટાંગ ટીંગટાંગ વાગતી ઘંટડીઓ આરતી માટે નોતરે છે. આ ઘંટાનાદને જાણે અંત જ નથી. ટીંગટાંગ ટીંગટાંગ, ચાલ્યા જ કરે છે. અને ભક્તો જાતજાતની આરતી ગાયા જ કરે છે. પુરુષો ગાય છે, સ્ત્રીઓ ગાય છે, બ્રહ્મચારીઓ ગાય છે અને સંન્યાસીઓ પણ ગાય છે; સ્થાનિક લોકો ગાય છે અને પ્રાંતપ્રાંતના યાત્રીઓ પણ ગાય છે. કોઇ કોઇને ગણકારતું નથી; કોઇ કોઇનાથી અકળાતું નથી. દરેકજણ પોતાના ભક્તિભાવમાં તલ્લીન. સનાતનીઓ સ્તોત્રો ગાય છે, આર્યસમાજીઓ ઉપદેશ કરે છે, શીખો ગ્રંથસાહેબના એકાદ મહોલ્લામાંથી (આ સાદિ વાર) લલકારે છે.

ગૌરક્ષા પ્રચારકો તમને સમજાવે છે કે દુનિયામાં સફેદ રંગ છે કેમકે ગાયનું દૂધ સફેદ છે. ગાયના પેટમાં તેત્રીસ કરોડ દેવ છે; ફક્ત ત્યાં પેટ પૂરતું ઘાસ નથી. કેટલાક નાસ્તિકો આ મેદનીનો લાભ લઇ ઇશ્વર ન હોવાનું પ્રમાણસર સિદ્ધ કરી આપે છે અને ઉદાર હિંદુધર્મ એ બધું આસ્થાપૂર્વક ચલાવવા દે છે. ગંગા મૈયાના વાતાવરણમાં કોઇનો જ નિરસ્કાર નથી; બધાંનો સત્કાર છે. ભગવાં કપડાં પહેરીને પોતે મુક્ત હોવાનો ડોળ કરનારા મુક્તિફોજના મિશનરીઓ પણ જો આવતી કાલે ઊઠીને અહીં હિંદુધર્મનો વિરોધ પ્રચારે તો આપણા યાત્રાળુઓ એમને શાંતિથી સાંભળશે અને કહેશે કે ભગવાને જેવી બુદ્ધિ આપી છે તેવું બિચારો બોલે છે; એનો વાંક શો? હિંદુ સમાજમાં દોષો અનેક છે અને એ દોષોને લીધે હિંદુ સમાજે ઘણું વેઠ્યું પણ છે પરંતુ ઉદારતા, સહિષ્ણુતા અને સદ્‌ભાવ એ હિંદુ સમાજની ખાસિયત દોષ રૂપ નથી જ. ઉદારતાને લીધે હિંદુ ધર્મે ઘણું વેઠ્યું છે એમ કહેનારા હિંદુ ધર્મની જડ જ કાપી નાખે છે.

હજી પેલો ઘંટ ચાલે છે અને આળસુ લોકોને પણ આરતીની વેળા હજુ વહી ગઇ નથી એમ કહી મનખાનું કલ્યાણ કરવા આહ્વાન કરે છે.

અને પેલી બાળાઓ, જાણે પોતાના ભાગ્યની પરીક્ષા કરતી હોય તેમ, ખાખરાના પાંદડાના મોટા મોટા પડીઆમાં ફૂલો અને ઘીના દીવાઓ રાખી એમને પ્રવાહમાં છોડી દે છે, અને તરત એ પડીઆ હોડીની પેઠે ડોલતા ડોલતા, પોતાની અંદર રહેલી જ્યોતિનું મહત્ત્વ જાણે જાણતા હોય તેવી રીતે, જીવનની સફર આરંભે છે. ચાલી, એ જીવનયાત્રા ચાલી. એક પછી એક, એક પછી એક, દીવાઓ પ્રવાહમાં પોતાના ભાગ્યને છોડી દે છે. મનુષ્યજીવનમાં વ્યક્તિઓનું થાય છે તેમ આ દીવાઓનું પણ થાય છે. કોઇ અભાગિયા, યાત્રાની શરૂઆતમાં જ પવનને વશ થઇ જાય છે અને ચોમેર વિષાદ ફેલાવે છે; કેટલાક ભારે આશા દાખવી નિરાશ કરે છે; કેટલાક આજન્મ માંદલાની પેઠે ટગુમગુ કરતાં દૂર સુધી પહોંચે છે; કોઇકોઇવાર બે પડીઆ પાસેપાસે આવીને એકબીજાને ચોંટી જાય છે અને પછી એ જોડહોડી દંપતીની પેઠે લાંબી લાંબી મુસાફરી કરે છે. એમને ગોળગોળ ફરતા જોઇ મનમાં જે ભાવ પ્રકટ થાય છે તે વ્યક્ત કરવા કઠણ છે. કેટલાકની તો જીવનજ્યોત હોલવાઇ જાય તે પહેલાં જ તેઓ દૃષ્ટિ આડે થઇ જાય છે. મૃત્યુ અને અદૃષ્ટ બંને મનુષ્યજીવનના છેલ્લા અધ્યાય છે. આ બે આગળ કોઈનું કશું ચાલતું નથી, અને તેથી જ માણસને ઇશ્વરનું સ્મરણ થાય છે. મરણ ન હોત તો વખતે સ્મરણ પણ ન હોત.

હિંમત હોય તો કો'ક દિવસ સવારે ચાર વાગ્યે ઊઠી એકલા એકલા આ ઘાટ ઉપર આવીને બેસો; જુદી જ જાતના ભક્તો તમને અહીં દેખાશે. ત્રણ વાગ્યાથી માંડીને સૂર્યોદય સુધી વિશેષ લોકો જ અહીં આવવાના. વાજીનીવતી ઉષા સૂર્યનારાયણને જન્મ દે છે અને તરત વ્યવહારુ દુનિયા આ ઘાટનો કબજો લે છે. તેમ થાય તે પહેલાં જ આપણે અહીંથી ખસી જઇએ તે સારું. આકાશના તારાઓ પણ રાજી થશે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

આ પૃથ્વીનો છેલ્લો શ્વાસ

પૃથ્વીનો પ્રલય ક્યારે અને કેવી રીતે થશે તેનો ક્યાસ વિજ્ઞાને કરેલી અત્યારની પ્રગતિને આધારે ખગોળવેત્તાઓ કંઈક સ્પષ્ટ રૂપમાં હવે કાઢી શક્યા છે. વિજ્ઞાનનાં એ પ્રમાણભૂત અનુમાનો જોડે કલ્પનાની જરા છાંટ મિલાવીને શુક્ર ગ્રહના કોઈ વાસીને મુખે કહેવડાવેલું આ અદ્ભુત કથાનક ટૂંકામાં પણ અત્યંત રસભર રીતે આપણી આગળ એ કરોડ વરસનો ઇતિહાસ રજુ કરે છે

આજને ચાર કરોડ (૪,૦૦,૦૦,૦૦૦) વર્ષો વીત્યા બાદ એકદા શુક્રના ગ્રહ પર કોઈ એક જિજ્ઞાસુને ત્યાંનો એક વૃદ્ધ અધિવાસી, પૃથ્વીએ લીધેલા છેલ્લા શ્વાસનું બયાન નીચે પ્રમાણે આપી રહ્યો હતો:

કોઈ ૧,૮૭,૬૦,૦૦,૦૦૦ (એક અબજ, સત્યાશી કરોડ અને સાઠ લાખ) વર્ષો ઉપર સૂર્ય એક બહુ મોટા નક્ષત્ર પાસે થઈનીકળ્યો. એ નક્ષત્ર ઠરેલો ન હતો. તાપની અધિકતાથી તેનો પિંડ તપ્ત વાયુના રૂપમાં જ હતો. આપણા સૂર્યે એ નક્ષત્રમાં એક મોટો જુવાળ ઉપજાવ્યો. એ જુવાળ ફાટ્યો ને તેના ઊડી પડેલા કકડા ગ્રહો બન્યા. પૃથ્વી એ બધા ગ્રહોમાં ખૂબ ઝડપથી ફરતી હતી. છેવટ તે ઠરતી જતાં તેનો પણ એક કકડો ઊડી પડ્યો ને તે ચંદ્ર બન્યો.

શરૂઆતમાં તો ચંદ્ર પૃથ્વી પર બહુ મોટા મોટા જુવાળ ઉપજાવવા લાગ્યો. આથી પૃથ્વીની પરિભ્રમણ-શક્તિમાં મંદતા આવતી ગઈ. પણ મનુષ્યોનો તે પર જન્મ થતાં સુધીમાં તો તેની ગતિ ઘણી ધીમી પડી ગઈ હતી ને દિવસ પણ ઠીકઠીક લાંબો થયો હતો.

સંવત ૫૦,૦૦,૦૦૦ (પચાસ લાખ) સુધીમાં તો મનુષ્યજાતિએ પૂર્ણ રીતે પરિસ્થિતિ પર કાબુ મેળવી લીધો ને વ્યવસ્થિત બની ગઈ. એ વખતે વ્યક્તિનું જીવન લગભગ ૩૦૦૦ વર્ષોનું રહેતું. પૃથ્વીના મોટા-મોટા ભાગોને કૃત્રિમ રીતે ગરમ રાખવામાં આવતા. ફળફૂલોની પેદાશ માટે વિજ્ઞાન અને કલા બંનેને મિલાવી દેવામાં આવ્યાં હતાં.

સંવત એંશી લાખ સુધીમાં દિવસની લંબાઈ બમણી થઈ ગઈ હતી. બધાંને એમ લાગતું કે હવે પૃથ્વીનું પરિભ્રમણ બહુ જલદીથી ઘટી જવાનું. કેટલાક લોકો કોઈ બીજી દુનિયા પર જઈ જીવન ટકાવવાના ઉપાયો શોધવા લાગ્યા. બીજા ગ્રહોમાં પહોંચવા માટે પહેલાં ધાતુના નળ બનાવી તે દારૂખાનાની હવાઈઓ જેમ આકાશમાં છોડવામાં આવ્યા. એવી હવાઈમાં બેસી મનુષ્ય પહેલવહેલો સંવત સત્તાણુ લાખ ત્રેવીસ હજાર આઠસો ને એકતાલીસ (૯૭,૨૩,૮૪૧)માં મંગળના ગ્રહ પર પહોંચ્યો. પરંતુ ત્યાં તેને માલૂમ પડ્યું કે પૃથ્વીવાસીઓનું ત્યાં વસવું અશક્ય છે, એટલે તેણે સંકેતથી એ બીનાથી પૃથ્વીવાસીઓને વાકેફ કર્યા.

સંવત ૧,૭૮,૪૬,૧૫૦ સુધીમાં તો પૃથ્વી પરની વિનાશક પ્રતિકૂળતાઓ ઘણે અંશે વધી ગઈ દિવસની એ લંબાઈ વધી તે હવે ૪૮ કલાકનો બની ગયો હતો. જેમજેમ તેની લંબાઈ વધતી ગઈ તેમતેમ જલવાયુમાં ભારે ફેરફારો થવા લાગ્યા. લાંબી રાતો બહુ જ ઠંડી બનતી ને દિવસે તો ત્રાહિ પોકરાવે એટલી ગરમી છૂટતી. છતાં યે મનુષ્યો વિજ્ઞાનની મદદથી વસ્તુઓને મરજી મુજબ ઠંડી કે ગરમ રાખી શકતા હતા.

હવે તો ચંદ્ર પણ દિવસેદિવસે પૃથ્વીની નજીક ને નજીક આવતો ગયો. સં. અઢી લાખ (૨,૫૦,૦૦,૦૦૦) સુધીમાં તો મનુષ્યોને માલૂમ પડી ગયું કે ચંદ્રના—અને સંભવતઃ પૃથ્વીના પણ અંતને હવે માત્ર એક લાખ વર્ષો જ બાકી રહ્યાં હતાં. તેમનામાંના ઘણાને મનુષ્ય-જાતિના મૃત્યુનો વિચાર એટલો ભયંકર નહોતો લાગતો જેટલો તેમના પોતાના મૃત્યુનો લાગતો હતો. એવા કેટલાકોએ આપણા ગ્રહ પર આવી પહોંચવાનો યત્ન કર્યો. એક પછી એક એમ કરતાં ૨૮૪ વખત તેમનો પ્રયાસ નિષ્ફળ ગયો; પણ આખરે તો તેઓ આવી જ પહોંચ્યા. એ આવી પહોંચનારા લોકોએ મરવા પહેલાં અહીંની પરિસ્થિતિનું પૃથ્વીવાસીઓને સંકેતો દ્વારા પૂરેપૂરૂં વિવરણ મોકલાવી આપ્યું.

એ સંકેત મળતાં લાખેક લોકો (કે જેમનામાંના કેટલાકના આપણે સંતાન છીએ તેઓ) એ નિશ્ચય કર્યો કે આટલા બધા મરતા જાય છે તે ભલે, પણ મનુષ્યજાતિનું બીજ તો નાબૂદ ન જવું જોઈએ. પણ

એ શક્ય તો ત્યારે જ બને કે જ્યારે તેઓ ગરમીનો અને પ્રાણવાયુના અભાવનો સામનો કરી શકે. એ માટે પૃથ્વી પર ખાસ એવા મનુષ્યો ઊભા કરવાની જરૂર જણાઇ. લોકોએ વિજ્ઞાન ત્યારે પૂર્ણતાએ પહોંચાડેલું, એટલે વાંછિત મનુષ્યો ૧૦,૦૦૦ વર્ષો સુધીમાં તૈયાર થઇ ગયા. પછી ધાતુની મોટીમોટી હવાઇઓમાં તેમને બેસાડી શુક્ર તરફ છોડવામાં આવી. કુલ અગિયાર હવાઇઓ છોડવામાં આવેલી, તેમાંથી ત્રણ હવાઇઓ-માંનાં માણસો તો શુક્ર પર પહોંચતાં જ મરી ગયા. બાકીની આઠવાળા જે બચ્યા તે આપણા પૂર્વજો.

આપણા ગ્રહનો ઇતિહાસ અત્રે દેવાની કૈં જરૂર નથી. એ પહેલા આગંતુકોના અસીમ પ્રયત્નો બાદ મનુષ્યોત્તર પ્રાણીઓ તરીકે આ ગ્રહ ઉપર આપણો વસવાટ કાયમી બન્યો. અને આપણે સાધેલી ઉન્નતિ પણ ગજબની ગણાય. પૂર્ણ સામાજિક સંયમને આધીન રહેલી વ્યક્તિ વિકાસ સાધતી ગઇ. આપણો વિકાસ એટલી તો ઝડપથી થયો કે પૃથ્વીથી શુક્ર પર આવી પહોંચેલી છેલ્લી હવાઇમાં બેસનારા મનુષ્યો અહીંના અધિવાસીઓ સાથે સમાગમ કરી સંતાનોત્પત્તિ કરવા માટે પણ અસમર્થ નીવડેલા.

છેલ્લાં લાખેક વર્ષોમા ચંદ્ર કંઇક વધુ ઝડપે પૃથ્વી તરફ વધવા લાગેલો. જ્યારે એ સ્પષ્ટ થઇ ગયું કે હવે બહુ સમય સુધી વિનાશને ટાળી શકવો મુશ્કેલ છે ત્યારે પૃથ્વી પર બાકી રહેલા થોડાઘણા પણ શુક્ર પર પહોંચવાની તૈયારી કરવા લાગ્યા. સં. ત્રણ કરોડ ને સાઠ લાખ (૩,૬૦,૦૦,૦૦૦)માં પૃથ્વીથી ચંદ્રનું અંતર ઇતિહાસના આરંભમાં હતું તેટલું થઇ ગયું હતું. પૃથ્વીએ જેમ તે નિકટ આવતો ગયો તેમ પોતાની અસર તેના પર પાડવા માંડી.

ને આખરે ચંદ્રના ટુકડે ટુકડા જુદા પડવા માંડ્યા. તે પૃથ્વીની એટલો તો પાસે આવી ગયો કે આપણને હાલ જે આકાશ દેખાય છે તેનો વીસમો ભાગ તેણે ઘેરી લીધેલો. તેના પૃષ્ઠ પરથી વછૂટી નીકળેલા ખરતા તારાઓ પૃથ્વીની આસપાસ બેફામ સ્વતંત્રતાથી ઘૂમવા લાગ્યા. લગભગ હજારેક વર્ષો સુધી આ તાંડવ ચાલુ રહ્યું. અંતે ધીમેધીમે પૃથ્વીવાસીઓનું એ તરફનું કુતૂહલ કમી થતું ગયું. વિનાશ તદ્દન નિશ્ચિત બન્યો ત્યારે પૃથ્વીવાસીઓ પણ તેને ભેટવા કટિબદ્ધ થઇ ગએલા.

પછી તો એકદમ પ્રલયનું ઘમસાણ મચ્યું. આપણા શુક્ર પરથી તેનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવેલું. એ પહેલાંની બધી અવસ્થાઓ સંકેતદ્વારા પૃથ્વીવાસીઓ છેવટ સુધી મોકલતા રહેલા. ચંદ્રનો જે ભાગ પૃથ્વીની સામે હતો તેમાંના એક જ્વાળામુખીમાંથી સહસા સફેદ ગરમ લાવા–પીગળેલા પથ્થરો, ધાતુઓ અને ઉપધાતુ-ઓ–નો ધોધ ફૂટી નીકળ્યો. ઘનઘોર વાદળાંએ આકાશને છાઇ મૂક્યું. તેથી પૃથ્વીની થોડીઘણી રક્ષા તો થઇ શકી. એ વાદળાંઓની પાર ચંદ્ર પરથી જબરી જબરી અગ્નિ-શિખાઓ ઊઠી દૂર ને દૂર ફેલાવા લાગી. બાદ ત્રણ જ દિવસમાં પૃથ્વીનો એ ઉપગ્રહ ફાટ્યો ને પૃથ્વી ઉપર ગરમ લાવા ને ધૂળનું એક સંમિશ્રિત મંડળ પથરાઇ ગયું. પૃથ્વીથી જે અંતિમ સંદેશો મળેલો તે પરથી જણાય છે કે ધ્રુવપ્રદેશ સિવાયના પટોની સારી મનુષ્યજાતિએ ભૂમિની નીચે આશ્રય શોધેલો. ચંદ્રના તૂટવા બાદ ફક્ત એક જ દિવસમાં તેનો એક જબરો ટુકડો પૃથ્વી પર જઇ પડ્યો. વરાળનાં ઘેરાં વાદળાં આખી પૃથ્વી પર છાઇ ગયાં હતાં. આપણા ખગોળ-શાસ્ત્રીઓના અસીમ પ્રયત્નો બાદના નિરીક્ષણ છતાં તે વખતે ધરાતલ પર શી હકીકત બનતી હતી તેનો ચોક્કસ કયાસ ન નીકળી શક્યો. પરંતુ પાછળથી એ વાત સ્પષ્ટ થઇ કે પૃથ્વીના બધા ઉષ્ણતાપ્રધાન પ્રદેશો ચંદ્રના એ તૂટી પડેલા ટુકડાથી અનેક માઇલ નીચે દબાઇ ગયા હતા અને બાકીના સમુદ્રની અંદર ગરક થઇ ગયા હતા. હવે ત્યાં મનુષ્યજાતિ નામશેષ પણ રહી હોય એવી કશી સંભાવના નથી એમ નિરીક્ષણ બાદ આપણા ખગોળશાસ્ત્રીઓ જણાવે છે.

તૂટતા જતા ચંદ્રના નાનામોટા ટુકડા હજુ પણ લગભગ ૩૫,૦૦૦ વરસ સુધી પૃથ્વી પર પડતા રહેશે. અને એમ કરતાં જ્યારે બંને એકાકાર થઇ જશે ત્યારે પૃથ્વી ફરી વાર આબાદ બનવા લાયક થઇ રહેશે.

અને એવી જ દશા આપણા શુક્રની પણ આવશે. આપણો તો પ્રસ્તાવ થઇ જ ચૂક્યો છે કે એવી પરિ-સ્થિતિ વખતે બૃહસ્પતિના ગ્રહ પર જઇ વસવું. ત્યાં જોકે આપણાથી બહુ નાનાં અંગોવાળાં પ્રાણીઓનું જ હોવું સંભવિત છે, પણ વિજ્ઞાનની મદદે આપણે બધું પાર પાડી શકીશું.

'કુમાર'


(જે.બી.એસ. હાલ્ડેનના 'ધિ પૉસિબલ વર્લ્ડ્ઝ' ઉપરથી)



જળદીવડા

(ચિત્રલેખા · કુ. શકુન્તલા)

'આકાશમાં એક પછી એક તારાઓ પ્રગટે છે અને નીચેથી એક પછી એક દીવાઓ એમને જવાબ દે છે.... પોતાના ભાગ્યની જાણે પરીક્ષા કરતી હોય તેમ, પેલી બાળાઓ, ખાખરાનાં પાંદડાંના મોટામોટા પડીઆમાં ફૂલો અને ઘીના દીવા મૂકી એમને પ્રવાહમાં છોડી દે છે; અને તરત એ પડીઆ હોડીની પેઠે ડોલતા ડોલતા, પોતાની અંદર રહેલી જ્યોતિનું મહત્ત્વ જાણે જાણતા હોય તેમ, જીવનની સફર આરંભે છે. ચાલી, એ જીવનયાત્રા ચાલી! (જીવનતીર્થ હરદ્વાર)



દરિયાકાંઠે મજૂરી

ફોટોચિત્રમાં મનુષ્ય-આકૃતિ ઉતારવાનું વલણ લગભગ બધા ઍમૅટરોને કુદરતી રીતે જ વધારે હોય છે, પણ તેનું યોગ્ય આવિષ્કરણ–ચિત્રસંયોજનાની, વિષયની, ગુણવત્તાની અને ટેકનિકની દૃષ્ટિએ કરનારા એટલા જ વિરલ હોય છે. લોહી ગાળીને પરસેવો નીતારતી કારમી મજૂરી કરનારા મજૂરોના રોજિંદા સ્વાભાવિક જીવનમાંથી શ્રી ખંડાલાવાળાએ ઝડપેલું આ સુંદર ચિત્ર એનું દૃષ્ટાન્ત છે. હિંદુસ્તાનમાં પેપર નૅગેટિવનો ઉપયોગ પહેલવહેલો કરનાર શ્રી ખંડાલાવાળાની એ પ્રોસેસમાં જે લાક્ષણિકતા અને વિશિષ્ટ વ્યક્તિત્વ છે એ દૃષ્ટિએ ફોટોગ્રાફીના અભ્યાસીઓએ આ ચિત્ર નિહાળવા જેવું છે.

(ફોટો · કાર્લ ખંડાલાવાળા)

સાહસ બહાદુરી અને નિર્ભયતા ખીલવનારી પુરુષજીવનની જોમવંતી કલા

શિકાર

શિકારનું તત્ત્વજ્ઞાન ચર્ચવાની અહીં ઇચ્છા નથી, પરંતુ ક્ષત્રિયતાની આવશ્યકતા પ્રત્યેક યુગમાં રહી છે અને ભવિષ્યમાં રહેશે. શિકાર એ સાહસ, બહાદુરી અને નિર્ભયતા ખીલવનારી પુરુષજીવનની એક જોમવંતી કલા છે. શિકારનો અર્થ સસલાં, તેતર, જળકુકડી અને સગર્ભા હરિણીઓનો શિકાર નથી. એવો શિકાર ઘૃણાસ્પદ નહિ પણ માનવતાનું અધઃપતન કરનાર છે. શિકાર તો શેરમર્દનો, શક્તિના અવતાર સમા વાઘનો, પાણીના રાજા મગરનો, માણસને ઉભા ને ઉભા ચીરી નાખનાર દંતુશળોવાળા સુવરનો, સરતી સ્ફૂર્તિ સમા ચપળ ચિત્તાનો, અને જરૂર પડ્યે ખેડુતોનાં જનાવરને મધરાતે ઊંચી જનાર ઝરખ અને વરૂનો હોય! કારણ, એમાં ભાલાની ને રાઈફલની, બંદુકની ને છરાની, ડાંગની ને હાથની એમ વિવિધ શસ્ત્રો વાપરવાની આવડત અને સમયવર્તી દૃષ્ટિ જોઇએ છે; પશુસ્વભાવનું અનુભવજન્ય જ્ઞાન અને તપસ્વીની ધીરજ ને શાંતિ જોઇએ છે. મોતથી નિર્ભય બનેલો માણસ જ જીવનની ઉજાણી માણી શકે છે.

ગુજરાત અને કાઠિયાવાડમાં ઘણા કલાવિદ્ શિકારીઓ પ્રકાશન અને અખબારી દુનિયાથી દૂર પડ્યા છે. એમની કલા એ મૂગાએ ખાધેલી સાકરના જેવી છે. એમાંના જે થોડા લખી શકે છે તેમણે કલમ નથી ચલાવી. છોટાઉદેપુરના પોલિસ કમિશ્નર કુમારશ્રી રાયસિંહજી અને વડોદરાવાળા શ્રીમંત વિઠ્ઠલરાવ ગાયકવાડ એ વાઘના પીઢ શિકારીઓ છે. રાયસિંહજી સાહેબની સાથે તો છોટાઉદેપુરની પેલે પાર છેક નર્મદાને તીરે મધ્ય પ્રદેશના ગાઢ જંગલમાં વાઘના શિકારનો આનંદ પણ માણ્યો છે. અજમેર પાસેના ખર્વાધિપતિ રાવ ગોપાળસિંહજીના યુવરાજ રાવ ગણપતસિંહજી અને એમની રાઠોડી ઠકરાણી સાથે ભાલાથી સુવરનો શિકાર કરવાની મઝા પણ લૂટી છે ને હરણના તો ઘણા શિકાર કર્યા છે. એટલે જ આજે પંડિત શ્રીરામ શર્માના પુસ્તક 'શિકાર'ની મોજ મારા જુવાન બિરાદરોને મળે એવી ઇચ્છાથી, એમણે કરેલા અને જોએલા સાપ, સુવર, હરણ, મગર અને વાઘના શિકારોની રોમાંચક અને રંગદર્શી ઘટનાઓ ગુજરાતીમાં ઉતારવાનો લોભ થયો છે. ગુજરાતીમાં શિકારનું સાહિત્ય નથી જ. આનાથી ગુજરાતી શિકારીઓને પોતાના શિકારની ઘટનાઓ આલેખવાનું મન થાય એ પણ એક શુભ ઇચ્છા છે.

ઠીંગણા કદના, મજબૂત બાંધાના અને તેજસ્વી આંખોવાળા મર્દ પંડિત શ્રીરામ શર્મા પહાડના વાસી અને શિકારના અચ્છા ખેલાડી છે. શીલ તેવી શૈલી; એટલે એમની શૈલીમાં પણ જાણે એમનું પૌરુષ ઊતર્યું છે. એમનું ગદ્ય વેધક અને જોમવંતુ છે. શિકારની ઘટનાની સાથે એમણે મનોરમ અને કવિતાભર્યાં પ્રકૃતિવર્ણનો ગૂંથ્યાં છે; જીવનની સાથે રૂપકોને ધૂપછાંવની રમત રમાડી છે. હિંદીમાં આ પુસ્તકના પ્રકાશને રંગ જમાવ્યો હતો. હિંદી ગદ્યવિકાસના ઇતિહાસમાં તો આ ગ્રંથ સીમાચિહ્ન મનાયો છે. પુરુષજીવનમાં જે એક wild તત્ત્વ છે તેનું આવું સજીવન, સંવાદી અને સમર્થ આલેખન વિરલ છે. શિકારનાં બધાં સ્થળો તિહરી (ગઢવાલ) રાજ્યની સીમનાં છે. તિહરી હિમાલયની ગોદમાં આવેલું નાનું પહાડી રાજ્ય છે. કુદરત ત્યાં ઉદાર અને સમૃદ્ધ બનીને વિસ્તરી છે. એ તિહરીનાં નાળાં, પહાડો, જંગલો, કોતરો, યમુના ગંગા અને ભિલંગનાના રમણીય પ્રદેશ આ શિકારનાં સ્થાનો છે. રમ્યતા અને રંગદર્શનનો આવો સુમેળ એ વિરલ સિદ્ધિ છે.

કિસનસિંહ ચાવડા



એ પુસ્તકમાંની પૌરુષભરી વાર્તાઓની માળા આ સાથે જ આ અંકથી શરૂ થાય છે

કાળોતરાનો સામનો

અગિયાર વરસની કુમળી વયે એક સાંકડા અંધારા કૂવામાં

સમીસાંજે જ્યારે હું જંગલમાંથી પાછો વળું છું ત્યારે ડૂબતા સૂર્યનાં કિરણો પૂર્વ ભણી સંકેત કરીને કહે છે: 'બચપણમાં અમારી દૃષ્ટિ અમારા વર્તમાન ભણી હતી; આ બાજુ આવવા અમે ઉતાવળાં થઇ રહ્યાં હતાં; પરંતુ મધ્યાહ્નના મદ પછી અનુભવ થયો અને અત્યારે તો અમે વલોપાત કરી રહ્યાં છીએ કે અમારા એ શૈશવનું માધુર્ય ફરી હવે મળવું અસંભવિત છે. હે રાઇફલધારી! ઉમર ઢળતાં તું પણ હવે જલદી જ અમારી જેમ બચપણને માટે વિહ્વળ બનીને આંસુ વહાવીશ. હજી હમણાંથી ચેતે તો સારૂં.'

અમને આ ચેતવણી સાર્થક લાગી છે. એમાંથી મને વેદાંતનો ઉપદેશ મળ્યો છે. પ્રાતઃકાળને સમયે મનુષ્યની છાયા (દૈવી સિગ્નલ) પશ્ચિમ—અંત ભણી હોય છે. એ જાણે કહે છે કે અવસાન પર દૃષ્ટિ નાખ, પરંતુ બચપણમાં તો કોઇ વિરલ જ એ તરફ જુએ છે અને કોઇ જુએ પણ શું અને શા માટે? જીવનયાત્રાના પ્રારંભમાં ચારે તરફ હૃદયની અંતરતમ લ્હેરો અને મનનાં ઉચ્ચતમ ઉદ્દયનો સુદ્ધાં ખીલેલા બાગ જેવાં દેખાય છે. વરસાદમા ઊગેલા છોડને ભવિષ્યમાં આવનાર ગરમી અને શીતળતાનો કશો જ ખ્યાલ નથી હોતો. ઉદ્દગમની સમીપ સરિતાના જળને શી ખબર કે આગળ જતાં સંસારનો ગંદવાડ એમાં આવીને મળશે, અને સ્વચ્છતા તથા ગંદકી વચ્ચે કેટલું સંઘર્ષણ થશે! કુરકુરિયાંને એની ઓછી જ ખબર હોય છે કે બાલ્યાવસ્થા સમાપ્ત થતાં જ એમની સ્નેહાળ માતા રોટલાના એક ટુકડાને ખાતર એમને કરડવા ધાશે? મૃગનાં બચ્ચાંને એ વાતનું જ્ઞાન નથી હોતું કે બચપણમાં જરા પાછળ રહેવાથી વિહ્વળ બનીને પોકારનારી માતા મોટા થયા પછી પોતાની પાસેનું ઘાસ સુદ્ધાં નહિ ચરવા દે. અને ફૂલ જેવા બાળકને પણ બચપણમાં એ વાતનું જ્ઞાન નથી હોતું કે આગળ જતાં એનું જીવન કેટલું દુઃખદ અને વેદનાભર્યું થઇ જશે.

પરંતુ ધારેધારે, જેમ જેમ જીવનયાત્રા માર્ગ કાપે છે, તેમતેમ શૈશવનું આશારૂપી ઝાકળ વિખરાઇ જઇને વેરાનભૂમિ બની જાય છે, એનો આભાસ યુવાવસ્થાની ઉત્તુંગ શિખા જોઇને થાય છે. પર્વતના શિખર પરથી જેમ ઘાટની બંને બાજુઓ દેખાય છે, ત્રાજવાંની મૂઠ જેમ બંને પલ્લાંની સમાનતા બતાવે છે તેવી રીતે જ યુવાવસ્થામાં ભૂતકાળનું સિંહાવલોકન અને ભવિષ્યની પ્રગતિનું અનુમાન કરી શકાય છે. કોઇ કરે કે ન કરે, પણ હું તો કરી રહ્યો છું—જેમ હોલિકાપૂજનથી હોલિકાદહનનું અને સંધ્યા પહેલાંની દીવાની વાટથી દીપશિખાનું અનુમાન કરી શકાય છે તેમ મારી આજ સુધીની જીવનયાત્રામાં નાની સંકોચાએલી પરંતુ અતિ મનોહર એક ટેકરી પડી છે. આ ટેકરીનું એક શિખર એક ઉચ્ચ શિખા સમાન આટલે દૂર ચાલ્યા આવ્યા છતાં સ્પષ્ટ દેખાય છે.

સન ૧૯૦૮ની વાત છે. ડિસેમ્બરનો અંત અથવા જાન્યુઆરીનો પ્રારંભ હશે. કાતિલ ઠંડી પડતી હતી. બેચાર દિવસ પહેલાં થોડાક છાંટા પણ પડી ગયા હતા એટલે ટાઢની ભયાનકતા વધી ગઇ હતી. બપોરના સાડાત્રણ અથવા ચાર વાગ્યા હશે. મારા કેટલાક સાથીઓના સાથે બોરડી ઝૂડીને બોર ખાવામાં મસ્ગુલ હતો, ત્યા ગામમાંથી આવીને એક માણસે જોરથી બૂમ પાડી 'તમારા ભાઇ બોલાવે, જલદી ઘેર ચાલો.' મેં ઘર ભણી ચાલવા માંડ્યું. સાથે નાનો ભાઇ પણ હતો. મોટાભાઇના મારનો ખૂબ ડર હતો, એટલે જરા ધ્રૂજતો હતો. સમજાતું નહોતું કે શો અપરાધ થયો છે. ભણવામાં તો મેં કદિ માર ખાધો નહોતો; પરંતુ મારનાર મારવા માટે સેંકડો બહાનાં શોધી કાઢે છે. ગુનેગાર ઠરાવવા માટે એક વરૂએ નીચે ખીણમાં પાણી પાસે ઊભેલા બકરા ઉપર પાણી ગંદું કરવાનો આરોપ મૂક્યો હતો અને એનો જીવ લીધો હતો એ વાતની

લોહી થીજાવી નાખે એવો એ પ્રસંગ એક કેવી બેફામ બાળરમતમાંથી પરિણમ્યો

ચિ ત્ર કા ર · ર વિ શં ક ર પં ડિ ત

કરવામાં શી હિંમત—શી ઝિંદાદિલી હશે?



કૂવાને તળિયે જોયું તો મારી દૃષ્ટિ દંગ થઇ ગઈ, બુદ્ધિ બહેર મારી ગઇ

મને જાણ હતી. ડરતાં ડરતાં ઘરમાં ગયો. આશંકા હતી કે વખતે આ બોર ખાવાના અપરાધમાં માર્યા જઇશું. પણ એટલા ઉપર મોટાભાઇને પત્ર લખતા જોયા હવે મારનો ભ્રમ દૂર થયો. અમને જોઇને ભાઇએ કહ્યું, 'આ કાગળો લઇને મકખનપુરની પોસ્ટ ઑફિસમાં નાખી આવો. જરા ઉતાવળે જજો કે કાગળો સાંઝની ટપાલમાં નીકળી જાય. જરૂરી કાગળો છે.'

ટાઢના દિવસો તો હતા જ; તેમાં હવાના પ્રકોપથી કાયા કંપતી હતી. પવનની લહેરો મજ્જાઓને પણ ધ્રુજાવતી હતી એટલે અમે કાનને ધોતિયાથી બરાબર બાંધ્યા લૂ અને ટાઢથી બચવા માટે કાન બાંધવામાં આવે છે. દુર્ગના રક્ષણ માટે ચારે દિવાલનું રક્ષણ કરવું પડે છે; કે એકકેય બાજુથી શત્રુનો પ્રવેશ ન થાય. માતાએ શેકવા માટે થોડા ચણા પણ ધોતિયામાં બાંધી આપ્યા.

અમે બંને ભાઇઓ પોતપોતાનો ડંડો સંભાળી લઇને નીકળી પડ્યા. એ વખતે બાવળના ડંડા પ્રત્યે જેટલો મોહ હતો તેટલો આ ઉમરમાં રાઇફલ પ્રત્યે પણ નથી. પ્રત્યેક આર્યસમાજી ઉપદેશકને અગે એ અસ્ત્રથી સજ્જ જોયો હતો. ડંડાને હું એમના ધંધાનું ચિહ્ન માનતો. એ નાની વયમાં એવા ઘણા ઉપદેશકો જોયા હતા, પછી એમના એ કલ્પિત ચિહ્નનો પ્રભાવ કેમ ન પડે? અને તેમાં યે મારો ડંડો તો અનેક સાપોનો જીવ લેનાર ગરુડ હતો. મકખનપુર સ્કૂલ અને ગામની વચ્ચે આવનારા આંબાઓ પરથી દર વર્ષે એ વડે કેરીઓ પાડતા હતા અને એ વખતે એ મૂગો ડંડો સજીવ લાગતો હતો. પ્રસન્ન વદને અમે બંને મકખનપુર તરફ ઉતાવળે ચાલવા માંડ્યું. કાગળો મેં ટોપીમાં મૂકી દીધા, કારણકે પહેરણમાં ગજવું નહોતું.

ઉછળતા અને કૂદતા અમે બંને એકશ્વાસે ગામથી

એ શ્રીરામ શર્માની શિકારકથાઓમાંની આ પહેલી વાર્તા 'સ્મૃતિ'માં એમણે કહ્યું છે

ચાર ફર્લાંગ દૂર એક કૂવા પાસે આવી પહોંચ્યા. આ કૂવામાં એક અતિ ભયંકર કાળો નાગ પડ્યો હતો. કૂવો કાચો હતો અને છત્રીસ ફૂટ ઊંડો હતો. એમાં પાણી નહોતું. ખોદીને પડી રહેવા દીધો હતો. એમ હશે કે જરૂર પડ્યે ગળાવી લેવાશે. કોણ જાણે નાગ એમાં શી રીતે પડ્યો હતો. સંભવિત છે કે દેડકાનો પીછો પકડીને ઝડપથી એ બાજુ જતો હશે અને કૂવાની પાસે આવતાં દેડકો કૂવામાં પડી જતાં એ પોતાની ગતિ નહિ રોકી શક્યો હોય! અથવા પ્રણય-કલહને કારણે કે કુટુંબ કંકાસથી કંટાળીને અકસ્માત પડીને કૂપવાસી બન્યો હશે! કારણ ગમે તે હો, પણ અમારું એના કૂવામાંના નિવાસનું જ્ઞાન બે મહિનાનું હતું.

બાળકો ખૂબ મસ્તીખોર હોય છે. અને મસ્તીખોર હોવું એમને માટે આવશ્યક છે. કારણકે મસ્તી એક પ્રકારની ચેતનવંતી શક્તિ છે જે બાળકમાં હોવી જોઇએ. મકખનપુર ભણવા જનારી અમારી ટોળી બરાબર વાનરટોળી હતી. એક દિવસ અમે નિશાળેથી પાછા ફરતા હતા એવામાં અકસ્માત કૂવામાં ડોકિયું કરવાનું મન થયું. સૌથી પહેલું ડોકિયું કરનારો હું હતો. કૂવામાં એક મોટું માટીનું ઢેકું ગબડાવીને જોયું કે એનો અવાજ કેવો થાય છે. એ સાંભળ્યા પછી આ મારી બૂમોનો પડઘો સાંભળવાની ઇચ્છા હતી. પરંતુ કૂવામાં ઢેકું પડતાં જ અંદરથી એક ફુંફાડો સંભળાયો. કૂવાને કિનારે ઊભેલા બાળકો પહેલાં તો એ ફુંફાડાથી એટલા બધા ચકિત થઇ ગયા કે જેમ કલ્લોલ કરતું હરણોનું જૂથ પાસે જ શિકારી કુતરાનું ભસવું સાંભળીને ચકિત થઇ જાય છે. પણ ત્યાર પછી સૌએ વારાફરતી ડોકિયું કરીકરીને એકએક ઢેકું ફેંક્યું અને કૂવામાંથી આવતા ફુંફાડા સાંભળ્યા. પછી તો નાગના એ ફુંફાડા અમારે માટે મઝાની સામગ્રી બની ગયા. અને એ એવી સામગ્રી હતી કે જેનાથી અમે ઘણા દિવસો સુધી આનંદ લૂટી શકતા હતા. એ અવસ્થામાં એવો ખ્યાલ ક્યાંથી હોય કે નાગને પણ બિચારાને જીવ હોય છે. ઢેકું નાખવાથી એને ય વેદના થાય છે. અમારે તો એના ફુંફાડા સાથે કામ હતું. જો એ વિરોધના ફુંફાડા ન મારત તો અમારી બાલક્રીડાનો અંત આવી જાત. અમારો એ તમાશો હતો પણ એને કોણ જાણે શું યે વીતતું હશે.

પછી તો ગામમાંથી મકખનપુર ભણવા કે બીજે કામે જતાં અને આવતાં લગભગ રોજ કૂવામાં ઢેફાં પડતાં. હું તો આગળ દોડી આવતો અને ટોપીને એક હાથમાં પકડીને બીજે હાથે ઢેફું ફેંકતો. આ રોજની ટેવ થઇ ગઈ હતી. નાગનો ફુંફાડો સાંભળવો એ એ સમયનો અપૂર્વ આનંદ હતો. કૂવામાં આટલા બધા દિવસો કેદી થઇને પડી રહેવાથી નાગ પણ પોતાના એ જીવનનો અભ્યાસી થઇ ગયો હતો. અને પછી પાછળથી તો જ્યાં સુધી મોટું ઢેફું બરાબર વાગે નહિ ત્યાં સુધી ફુંફાડો પણ મારતો નહિ. એટલે પછી મોટાં ઢેફાં પડવા માંડયાં. ઢેફું કૂવામાં પડતાંની સાથે જ ફેણ વિસ્તારીને એ ઊભો થઇ જતો ને ઢેફાની ઉપેક્ષા કરતો; અને જરા વાગતાંની સાથે જ એ ફુંફાડો મારીને પોતાનો ક્રોધ પ્રગટ કરતો. કૂવામાં એ આમતેમ આંટા મારતો, પણ એ કારાગારમાંથી મુક્તિ મળવી મુશ્કેલ હતી. એ કેદખાનામાં પડ્યો પડ્યો જે મૂર્ખતાને કારણે પોતે કૂવામાં પડ્યો હતો તે મૂર્ખતા પર પસ્તાવો કર્યા કરતો. અપમાન સહન કરી લેવું, અપમાનનો ઉત્તર ન દેવો અથવા મન મારીને બેસી રહેવું એ માણસો વિના બીજી કોઇ યોનિનો ધર્મ નથી. ભય આવતાં કીડામંકોડા અને હરણાંઓ સુદ્ધાં નાસી જાય છે અને નાસીને પોતાનો જીવ બચાવે છે; અથવા ઘાયલ થતાં કે પકડાતાં મુક્ત થવા માટે દાંત, શીંગડાં, ડંખ કે પગનો ઉપયોગ કરીને મરણિયા પ્રયત્નો કરે છે. અક્કલના પૂતળા માનવીની જેમ માર ખાધા પછી અપમાનિત થઇને મહિનાઓ પછી અદાલતમાં જવાનું એમને નહિ સૂઝે. એમને માટે અદાલત છે જ નહિ. પ્રકૃતિના શાસનમાં ખાસ નિયંત્રણ નથી. પછી એ નાગ ઢેફું વાગતાં પ્રતિવાદના સ્વરૂપમાં ફુંફાડો શા માટે ન મારે, આઝાદીને માટે તરફડિયાં શા માટે ન મારે? એ ફુંફાડાનો વલવલાટ નહોતો પણ કેદીનો ઉચ્છ્વાસ હતો; અને કહેતો કે,

યોં તો ઐ સૈયાદ આઝાદીકે હૈં લાખોં મઝે;
દામકે નીચે તડપનેકા મઝા કુછ ઔર હૈ.

પરંતુ એ વખતે–અગિયાર વર્ષની ઉમરમાં–એ વેદનાપૂર્ણ ફુંફાડામાં ઉપદેશ લેવાની પરવા નહોતી. આ તો આજે લાગે છે. એટલે જેવા અમે એ કૂવા પાસેથી નીકળ્યા કે ઢેફું નાખીને ફુંફાડો સાંભળવાની વૃત્તિ

થઇ આવી. હું કૂવા ભણી ગયો. નાનો ભાઈ મારી પાછળ એવી રીતે ધારેધારે આવતો હતો જેમ મોટા હરણના બચ્ચાની પાછળ નાનું હરણબાળ આવે છે. મેં કૂવાને કિનારેથી એક ઢેફું ઉઠાવ્યું ને કૂવામાં ઝૂકીને એક હાથે ટોપી ઉતારીને નાગ પર ગબડાવ્યું.

પણ—પણ મારા ઉપર તો જાણે વીજળી પડી. નાગે ફુંફાડો માર્યો કે નહિ. ઢેફું એને બરાબર વાગ્યું કે નહિ એનું અત્યાર સુધી બરાબર સ્મરણ નથી; પણ ટોપી હાથમાં લેતાં જ ત્રણે કાગળો કૂવામાં પડી ગયા! હરિયાળી ચરતા હરણનો અકસ્માત જેમ ગોળી વાગતાં આત્મા નીકળી જાય અને એ વલવલાટ કરીને સમસમી રહે તેવી રીતે ટોપી-માંથી કાગળો પડતાં જાણે સાથે મારો પ્રાણ પણ કૂવામાં પડી ગયો! એ પડતાંની સાથે જ એમને પકડવા મેં એક ઝપાટો માર્યો, જેમ ઘાયલ શેર શિકારીને ઝાડ પર ચડતો જોઇને લપકી પડે. પરંતુ એ તો મારા હાથની આગળ જ કૂવામાં પડી ગયા. એમને પકડવાની ગભરામણમાં હું પણ કૂવામાં પડતાંપડતાં બચ્યો.

કૂવાની પાળ પર બેસીને અમે રડતા હતા. નાનો ભાઇ બૂમો પાડીને રડતો હતો અને હું આંખોમાંથી પાણી વહાવીને ચુપચૂપ. તપેલીમાં ઊભરો આવવાથી ઢાંકણું ઊંચું થઇ જાય છે અને પાણી બહાર વહી જાય છે. નિરાશા, માર પડવાનો ભય અને ઉદ્વેગથી રૂદનનું ઉભરાણ આવતું હતું. પાંપણોનાં ઢાંકણાં અંતરના ભાવોને રોકવાનો પ્રયત્ન કરતાં હતાં, પરંતુ ગાલ પર આંસુ સરતાં જ જતાં હતાં. માની ગોદ સાંભરતી હતી. એમ થતું હતું કે જાણે મા આવીને છાતી સરસા ચાંપી દે અને લાડ કરીને કહે કે કાંઇ હરકત નહિ બેટા, કાગળો તો ફરી લખાશે. એક મન એમ પણ કહેતું હતું કે કૂવામાં થોડી માટી નાખી દઇને પછી ઘેર જઇને કહીએ કે કાગળો નાખી આવ્યા. પણ એ વખતે જૂઠું કેમ બોલાય એ તો હું જાણતો જ નહોતો. ઘેર પાછા વળીને સાચું કહી દેવાથી તો રૂની જેમ પીંજાઇ જાત. મારના ખ્યાલથી શરીર જ નહિ, મન પણ કંપી ઊઠતું હતું. અકારણ અથવા અપરાધને ખાતર પણ માર પડવાથી હૃદયની કોમળ કળી કરમાઇ જાય છે, માનસિક અને શારીરિક વિકાસ રૂંધાઈ જાય છે. સાચું બોલીને માર ખાવાના ભયથી અને જૂઠું બોલીને કાગળો ન પહોંચે એ જવાબ-દારીના ભારથી દબાએલો હું ડુસકાં લેતો હતો. પાસેના રસ્તેથી એક સ્ત્રી પોતાના બાળકનો હાથ પકડીને જતી હતી. એને જોઇને તો કરુણાસાગરે માઝા મૂકી દીધી. હૃદયના ઊભરાએ પલકોનાં ઢાંકણાંને હઠાવી દીધાં. બારણાં ઊઘડી ગયાં. આંસુધારા વહી ચાલી. આ રીતે પંદરેક મિનિટ વીતી ગઇ. આમ વાર થતી હતી અને આ બાજુ દિવસનો બુઢાપો વધતો જતો હતો. ક્યાંક નાસી જવાની ઇચ્છા થતી હતી પરંતુ મારનો ભય અને જોખમદારીની બેધારી તલવાર કલેજા પર લટકી રહી હતી.



અવધૂતનું ગાન

એક લંગોટી, એક ભંભોટી,
હાથમાં છે એકતારો;
એક હરિનું નામ છે હોઠે,
માનનો એક ફુવારો—
હૈયે ગાનનો એક ફુવારો.

ગાનના તારે ધરણી સાથે
સાંધતા ઊંચા આભ;
ગાનથી નાનાં હૈયાં સાથે
કરીએ એક વિરાટ—
અમારાં ગાનએ મિલનવાટ.

ગાનના જોરે ઊડતા ઊંચે
ઊડતા ગાતા ગાન;
એકતારાની ઝણઝણાટી
કંઠથી ઊઠે તાન—
તેના ઘેનમાં રહે અમ પ્રાણ.

ગાનનો ગેરૂ રંગ અમારો
ધરણીથી તે આભ
ઊડતો જેને લાગતો તેને
ફૂટતી જાણે પાંખ—
અને એ ઊડતા સાથોસાથ.

પ્રહ્લાદ પારેખ

અસંપ્રજ્ઞાત સમાધિથી માયાનાં બંધન તૂટી જાય છે. દૃઢ સંકલ્પથી નડતરની બેડીઓ કપાઇ જાય છે. મારી અડચણ પણ દૂર થઇ ગઈ. કૂવામાં ઊતરીને કાગળો કાઢવાનો નિશ્ચય કર્યો. કેટલો ભયંકર નિર્ણય હતો! પણ જે મરવા તૈયાર હોય તેને શું? મૂર્ખતા અથવા બુદ્ધિમત્તાથી કંઇક કામ કરવા ખાતર જ્યારે કોઈ મોતનો માર્ગ સ્વીકારી લે છે, અને તે પણ જાણીજોઇને, ત્યારે તો એ એકલો સંસારની સાથે બાથ ભીડવા તૈયાર થઇ જાય છે. અને ફળ? એને ફળની શી ચિંતા? ફળ તો કોઇ બીજી શક્તિ પર નિર્ભર છે. શુભ ઘડી અને શુભ મુહૂર્તનાં અનેક કામોનું ફળ દુઃખદ હોય છે. શુભ ઘડી અને મુહૂર્ત બૂરાં નથી, પરંતુ એમાંથી ફળ ઊપજાવવું એ આપણા હાથની વાત નથી. મને મારા નિર્ણયકાળની ઘડી અને મુહૂર્તની ખબર નથી; પણ મારો નિર્ણય મારી આજની દૃષ્ટિએ અતિ ભયંકર હતો. એ વખતે કાગળો કાઢવા માટે હું વિષધરનો સામનો કરવા તૈયાર થઇ ગયો. પાસો ફેંકી દીધો હતો. મોતનું આલિંગન થાય અથવા નાગના ઝેરી ડંખથી બચીને પુનર્જન્મ થાય એની ચિંતા નહોતી; પરંતુ મારો વિશ્વાસ એવો હતો કે ડંડાથી પહેલાં નાગને મારીશ અને પછી કાગળો લઇ લઇશ. બસ, આ દૃઢ વિશ્વાસના બળ ઉપર મેં કૂવામાં ઊતરવાનો નિર્ણય કર્યો.

નાનો ભાઇ રડતો હતો. હવે એના રોવાનું તાત્પર્ય એ હતું કે મારું મોત મને નીચે બોલાવે છે. જોકે એ શબ્દોમાં કહેતો નહોતો. ખરેખર, મોત સજીવ અને નગ્ન સ્વરુપે કૂવામાં બેઠું હતું. પરંતુ એ નગ્ન મોતનો મુકાબલો કરવા માટે મારે પણ નાગા થવું પડ્યું. નાનો ભાઇ પણ નગ્ન થયો. એક ધોતિયું મારું, એક નાના ભાઇનું, એક ચણા બાંધેલું અને બે કાને બાંધેલાં—પાંચ ધોતિયાં અને થોડું દોરડું એ બધું મળીને કૂવામાં પહોંચી શકાય એવો રસ્સો તૈયાર થઇ ગયો. અમે ધોતિયાંના છેડા જોરથી મજબૂત ગાંઠ્યા અને ખૂબ ખેંચીને અજમાયશ કરી જોઇ કે વખતે છૂટી ન જાય. અમારા પોતાના તરફથી કચાશ રહે એવું ન રાખ્યું. ધોતિયાને એક છેડે ડંડો બાંધ્યો અને એને કૂવામાં નાખ્યો. બીજા છેડાને એક ઝાડના થડને ચાર આંટા વીંટી અને એક ગાંઠ મારીને ભાઇને પકડવા આપ્યો. નાનો ભાઇ માત્ર આઠ વર્ષનો હતો, એટલે મજબૂતીનો આધાર મારા બાંધવા ઉપર જ હતો.

હું ધોતિયાને આધારે કૂવામાં ઊતરવા લાગ્યો. નાના ભાઇએ ફરીથી રડવા માંડ્યું. મેં એને આશ્વાસન આપ્યું કે હું કૂવામાં ઊતરતાં જ નાગને મારી નાખીશ. અને સાચે જ એવો મારો વિશ્વાસ હતો. કારણ એ હતું કે એ પહેલાં મેં અનેક સાપ અને નાગ માર્યા હતા. બે ત્રણ તો જોડા અને પત્થરોથી માર્યા હતા. હું એ વાત તો એ વખતથી જ જાણતો હતો કે સાપ અથવા નાગને પોતાની જમણી બાજુએથી જ મારવો જોઇએ. અને એને મારવા માટે સૌથી સરસ લાકડી અરહરનો સાંઠો. જો એ સાપના કે નાગના પૂછડા સિવાય ગમે ત્યાં બરાબર વાગી જાય તો એ બિચારો ત્યાં જ ઠરી જાય છે. એનાં હાડકાંની બનાવટ જ એવી હોય છે કે લાકડીનો ફટકો લાગતાં જ એનાં હાડકાં તૂટી જાય છે, અને એ પછાડ ખાવા માંડે છે ત્યાં તો બીજી ચોટનો મોકો મળી જાય છે. નાસતા સાપને મેં આવી રીતે ઘણીવાર માર્યો હતો. બેત્રણ વાર તો મરતાંમરતાં બચી ગયો હતો. એટલે કૂવામાં ઊતરતી વખતે મને નાગનો ભય તો બીલકુલ નહોતો. એવું ન હોત તો હું કૂવામાં ઊતરવાનું સાહસ જ ન કરી શકત.

હૃદયમાં ચાલતું પહેલાંનું તોફાન તો શરૂમાં જ શાંત થઇ ગયું. જે અશ્રુધારા વહાવી હતી તે તો પોતાની એ અશક્તિ ઉપર કે કૂવામાંથી કાગળો કાઢવા શી રીતે; પણ જ્યારે ધોતિયાંના સાધનની બુદ્ધિ સૂઝી ત્યારે તો મારો સંતોષ પ્રસન્નતાની સીમા સુધી પહોંચી ગયો. અત્યારે પણ મારું કદ ઠીંગણું છે; અને એ વખતે તો હું નર્યો બાળક હતો. ધોતિયાને આધારે ઊતરતી વખતે બધી તાકાત બાહુઓમાં જ હતી, કારણકે પગની પકડમાં ધોતિયું આવતું જ નહોતું. જેમ જેમ નીચે ઊતરતો જતો હતો તેમ તેમ હૃદયના ધબકારા વધતા જતા હતા કે જો નાગ ન મર્યો તો કાગળો શી રીતે લઇ શકીશ. કૂવાના તળિયાથી ચારપાંચ ગજ ઊંચે રહ્યો હોઈશ, ત્યારે ધ્યાનથી નીચે જોયું. મારી દૃષ્ટિ દંગ થઇ ગઇ અને બુદ્ધિ બહેર મારી ગઈ. ધરાતલથી એક હાથ ઊંચો થઇને નાગ ફણા ફેલાવીને ડોલતો હતો. પૂછડું અને એની પાસેનો થોડો ભાગ પૃથ્વી ઉપર હતો. આગલો અરધો ભાગ ઊંચો થએલો હતો અને મારી રાહ જોતો હતો. નીચે જે ડંડો બંધાએલો

હતો તે મારી ઊતરવાની ગતિથી આમતેમ હાલતો હતો. એ કારણથી જ ચેતી જઇને મને ઊતરતો જોઇ નાગ તૈયારીનું આસન જમાવીને બેઠો હતો. મદારી જેમ વાંસળી બજાવીને કાળા નાગને રમાડે છે અને નાગ ક્રોધે ભરાઇને ફણા ફેલાવીને અને ફુંફાડા મારીને લપકે છે, એ જ રીતે બરાબર એ બેઠો હતો. એનો પ્રતિદ્વંદ્વી–હું એનાથી થોડાક હાથ ઉપર ધોતિયું પકડી લટકી રહ્યો હતો.


ધોતિયું કૂવાની ઉપરના એક લાકડા ઉપરથી ઉતારેલું હોવાથી વચ્ચે લટકતું હતું, અને મારે પણ કૂવાના તળિયાની બરાબર વચ્ચે જ ઊતરવું હતું. પણ એનો અર્થ તો હવે એવો હતો કે નાગથી દોઢ ફૂટ (ગજ નહિ) જ પગ મૂકવા અને પગ મૂકતાં જ નાગ ચોટ લગાવી એના જેવો જ કાળો મને બનાવી મૂકે! કાચા કૂવાનો ઘેરાવો ઘણો ઓછો હોય છે. છેક નીચે જતાં તો એ દોઢ ગજથી વધારે નથી હોતો. આવી દશામાં કૂવામાં હું નાગથી વધારેમાં વધારે ચાર ફૂટ દૂર રહી શકું એમ હતું, અને તે પણ જ્યારે નાગ મારાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે ત્યારે. પણ ઊતરવું તો હતું કૂવાની વચ્ચોવચ્ચ; કારણકે મારૂં સાધન વચ્ચે લટકતું હતું. ઉપરથી ટીંગાઇને તો નાગ મારી શકાય જ નહિ. ઊતરવું તો હતું જ. થાકનો માર્યો હવે ઉપર ચડી શકતો નહોતો. હજી સુધી દુશ્મનને પીઠ દેખાડવાનો નિશ્ચય કર્યો નહોતો. અને કદાચ કરત તોપણ તળિયે ઊતર્યા વિના હું ઉપર ઓછો ચડી શકવાનો હતો?

ધીરેધીરે ઊતરવા માંડ્યું. એકએક ઇંચ હું નીચે ઊતરતો જતો હતો તેમતેમ મારી એકાગ્રતા વધતી જતી હતી. એકાગ્ર ચિત્તમાં જે વિચારો સૂઝે છે તે વ્યગ્ર ચિત્તમાં સૂઝતા નથી. તૂટેલા હીરાનું અખંડિત હીરા જેટલું મૂલ્ય નથી હોતું. મને પણ એક યુક્તિ સૂઝી. બંને હાથે બરાબર મજબૂત ધોતિયું પકડીને મેં મારા બંને પગ કૂવાની ધારે અડાડ્યા. થોડી માટી ખરીને નીચે પડી અને નાગે ફૂં કરીને તેના પર ફેણ-ની ઝાપટ મારી. મારા પગ કૂવાની ભીંત પરથી છૂટીને કમરને સમકોણે વળી ગયા! પણ આથી એક રસ્તો સૂઝી આવ્યો—સાપની સામે કૂવામાં સામે છેડે ઊ-તરવાનો. બીજો એક ધક્કો–હીંચકો ખાઇને મારા દુશ્મનની સામે, કૂવાની બીજી બાજુ, દોઢ ગજ દૂર કૂવાને તળિયે જઇ ઊભો.

આંખો ચાર થઇ. કદાચ એકબીજાને ઓળખી ગયા. નાગને ચક્ષુશ્રવા કહે છે. હું પણ ચક્ષુશ્રવા બની ગયો હતો. બાકીની બધી ઇન્દ્રિયોએ જાણે સહાનુભૂતિથી પોતાની બધી શક્તિ આંખોને જ આપી દીધી હતી. શરીરમાં સહાનુભૂતિની પણ પીડા થાય છે. પગમાં ઠોકર વાગવાથી આખા શરીરમાં કંપ વિસ્તરી જાય છે. એટલે ઇન્દ્રિયો પરસ્પર સહાય કરે એમાં આશ્ચર્ય નથી. નાગની ફણા ઉપર મારી દૃષ્ટિ ચોંટી ગઇ હતી કે હવે એ કઇ બાજુથી આક્રમણ કરે છે. નાગે જાણે મોહિની બિછાવી દીધી હતી. કદાચ એ મારા હુમલાની રાહ જોતો હતો.

પણ જે વિચાર ને આશાથી હું કૂવામાં ઊતર્યો હતો તે તો આકાશકુસુમવત્ હતાં. માણસનાં અનુમાન અને ભાવિ યોજનાઓ ક્યારેક કેટલી મિથ્યા અને ઉલટી નીકળે છે? અનુમાનિત સફળતાના આશા-તંતુથી બંધાએલું આ માનવી પૂતળું કોણ જાણે શું શું નથી કરતું અને ક્યાં ક્યાં નથી જતું! એ આશાતંતુ તૂટતાં જ એ પૂતળું માંસનો એક લોચો બની જાય છે. આશા વિના જીવનનો આનંદ જ નથી. મને નાગનો સાક્ષાત્કાર થતાં જ મારી યોજના અને આશાની અ-સંભવિતતા પ્રતીત થઇ ગઇ. ત્યાં ડંડો ચલાવવા માટે જગ્યા જ નહોતી! લાઠી અથવા ડંડો ચલાવવા માટે વધારે અને પૂરતું સ્થળ જોઇએ, જેમાં એ ઘુમાવી શકાય અથવા જોરથી ફટકો મારવા ખાતર એટલી જ પાછળ લઇ જઇ શકાય. નાગને ડંડાથી દબાવી શકાતો હતો, પરંતુ એમ કરવું એ તો તોપના મોઢા પર ઊભા રહેવા જેવું હતું. જો ફેણ અથવા એની પાસેનો ભાગ ન દબ્યો તો એ ઉછાળો મારીને જરૂર ડસે. અને ફેણને દબાવવાની સંભાવના ય હોત તો પણ એની પાસે પડેલા કાગળો શી રીતે ઉઠાવત? બે કાગળો તો બરાબર એને અડકીને પડ્યા હતા; માત્ર એક મારી તરફ પડ્યો હતો. અને હું તો કાગળો લેવા જ ઊતર્યો હતો.

અમે બંને અમારો પોતપોતાનો પેંતરો સાચવીને રાહ જોતા હતા. એ જ આસન પર ઊભાઊભા પાંચ મિનિટ વીતી ગઈ. બંને બાજુથી મોરચા મંડાયા હતા, પણ મારો મોરચો કમજોર હતો. જો નાગ મારા ઉપર ઉછળત તો હું બહુબહુ તો એને પકડીને કચડી



આ વખતે નાગે ફરી ચોટ લગાવી અને ડંડાને લપેટાઇ ગયો

કરત. હવે તો મારવો અથવા બીલકુલ છેડતી ન કરવી એ બે જ માર્ગ હતા. પહેલો મારી શક્તિ બહારનો હતો. આખરે વિવશથઇને મેં બીજોગ્રહણકર્યો.

ડંડાને આગળ કરીને જેવો મેં નાગની ડાબી બાજુએ પડેલા કાગળો ભણી લંબાવ્યો કે નાગની ફેણ પાછળ હઠી. ધીરે-ધીરે ડંડો કાગળો તરફ આગળ વધ્યો, અને જ્યાં કાગળો પાસે પહોંચ્યો કે ફુંફાડાની સાથે જાણે કાળી વીજળી લપકી અને ડંડા પર પડી. હૃદયમાં કંપ થયો અને હાથે આજ્ઞા માની. ડંડો છૂટી પડ્યો. હું તો કોણ જાણે કેટલો યે ઉપર ઉછળી પડ્યો. જાણી જોઇને નહિ,—અજાણતાં, ભયનો માર્યો. સ્થિર થઇને જોયું તો ડંડા ઉપર ત્રણ ચાર ઠેકાણે લીલા ડાઘ પડ્યા હતા. એ વિષ હતું. નાગે પોતાની શક્તિનું મૂર્તિમંત ઉદાહરણ સામે મૂક્યું હતું. પણ હું તો એની શક્તિને પહેલાંથી જ જાણતો હતો. એ ઉદાહરણની મને જરૂર નહોતી. નાગે તો લાગલાગટ ફુંફાડા મારીને ત્રણ ચાર ચોટ લગાવી. એ ઉપદેશકી ડંડો પહેલી જ વાર એ રીતે અપમાનિત થયો હતો; કે એ નાગનો ઉપહાસ કરતો હતો!

આ બાજુ ઉપર ફૂં ફૂંના અવાજથી અને મારા ઉછળીને એ જ ઠેકાણે પડવાના ધબાકાથી મારા નાના ભાઇને લાગ્યું કે થઇ રહ્યું, બંધુત્વનો સંબંધ એ ફૂં ફૂં અને ધબાકાથી તૂટી ગયો. એને લાગ્યું કે નાગના ડંસથી હું ઉછળીને પડ્યો. મારા કષ્ટ અને વિરહના ખ્યાલથી એના હૃદયને આઘાત લાગ્યો—ભાતૃસ્નેહના તાણાવાણાને ચોટ વાગી. એનાથી ચીસ પડાઇ ગઇ. સીનેમામાં કરુણાજનક દૃશ્ય જોઇને હું મારી આ ઉમરમા

નાખીને મારી નાખત; પણ એ તો અચૂક તરલ વિષ મારા શરીરમાં પહોંચાડી દેત અને મને પણ પોતાની સાથે લઇ જાત. હજી સુધી નાગે ઉછાળો માર્યો ન હતો, એટલે મેં પણ ડંડાથી દબાવવાનો ખ્યાલ છોડી દીધો. એ ઉચિત પણ નહોતું.

હવે પ્રશ્ન એ હતો કે કાગળો શી રીતે ઉઠાવવા? બસ એક રીત હતી. ડંડા વડે કાગળો નાગની પાસેથી પોતાની તરફ ખસેડી લેવા. નાગ જો ઝપટ કરે તો કોઇ ઉપાય નહોતો. શરીર પર માત્ર પહેરણ હતું; બીજું કપડું પણ પહેર્યું નહોતું. જો પૂરતાં કપડાં હોત તો એની મદદથી યે નાગની ફેણ પકડવાનો પ્રયત્ન

પણ રોઈ પડું છું. દવાખાનામાં કોઇ બીજા ઉપર વાઢ-કાપ જોઈને ઘણા બેહોશ થઈ જાય છે.

એટલે નાના ભાઇની આશંકા અસ્થાને ન હતી. પરંતુ એ ફુંફાડા અને ધબાકાથી મારાં સાહસ અને હિંમત વધ્યાં. બીજી વાર એ જ રીતે કાગળો ઉડાવવાનો પ્રયત્ન કર્યો. આ વખતે નાગે ફરીથી ચોટ લગાવી અને ડંડાને લપેટાઇ ગયો. ડંડો હાથમાંથી છૂટચો નહિ, પણ નાગ પોતાના ધક્કાથી એને પોતાની તરફ ખેંચી ગયો અને —અને એની પૂંછડી મારા હાથને અડકી ગઇ. ઉફ! એ કેટલો ઠંડો હતો. ડંડો એક બાજુ પડી ગયો. ડંડાના ખેંચાવાથી ને નાગના ઉછળીને સામી બાજુએ પડવાથી અમારા આસનની દિશાઓ બદલાઇ ગઇ. મેં તરત જ કાગળો સમેટીને લઇ લીધા.

વિવાહ અને વિજયનાં પ્રભાત અતિ વિકટ હોય છે. ઉપર ચડવું એ આસાન વાત નહોતી. માત્ર હાથની મદદથી, પગને કયાંય ટેકવ્યા વિના ૩૬ ફૂટ ઉપર મારાથી આજે યે નથી ચડાતું. પણ એ અગિયાર વરસની ઉમરે હું ૩૬ ફૂટ ચડયો. હાથ ભરાઇ ગયા હતા અને છાતી ફૂલી ગઇ હતી. ધમણ ચાલતી હતી. પણ એકએક ઇંચ ચડીચડીને હું હાથના બળથી ઉપર ચડી આવ્યો. જો હાથ છૂટી જાત તો શું થાત એનું અનુમાન કરવું કઠિન નથી. ઉપર આવીને બેહાલ બની થોડી વાર પડી રહ્યો. શરીર ખંખેરીને ધોતિયું અને પહેરણ પહેરી લીધાં. પછી કિસનપુરના પેલા છોકરાને, જેણે મને ઉપર ચડતાં જોયો હતો તેને આ ઘટના કોઇને ન કહેવાની તાકીદ કરી ને અમે ચાલ્યા નીકળ્યા.

સન ૧૯૧૫માં જ્યારે મેં મૅટ્રિક પાસ કરી ત્યારે એના આનંદમાં મેં આ ઘટના મારી માતાને સંભળાવી. ભીંજાએલી આંખે માતાએ મને ગોદમાં દબાવી લીધો.

કેવા અદ્ભુત હતા એ દિવસો! એ સમયે રાઇફલ નહોતી, ડંડો હતો; પણ ડંડાનો શિકાર રાઇફલના શિકારથી ઓછો રોચક અને ભયાનક નહોતો. બાલ-પણની એ ઘટના હું કદિ ભૂલી નથી શકતો. એ ઘટ-નાના સાક્ષી પરમાત્મા વિના અમે ત્રણ જણ છીએ; મારા નાના બીમાર બંધુ પંડિત જગન્નાથ શર્મા, પેલો પાતી અને હું.

શ્રીરામ શર્માના હિંદી પરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**

મારી નજરે (અનુસંધાન પાછળના પૃ. ૧૭૨ થી)

રૂમમાં ફરીવાર મીઠા પાણીથી નહાય છે. મીઠું પાણી જ બધે વપરાય છે. આ બાથરૂમ સ્વચ્છતા અને શરીરને રાહત આપનારૂં અગત્યનું સાધન છે. આથી મુસાફરોમાં સફાઇ અને પ્રફુલ્લતાનું ધોરણ આપોઆપ જળવાય છે. કોઇને પણ નહાવા-ની આળસ ન જ થાય અને તેનો આનંદ માણી શકે એવી સગવડ આ બાથરૂમની છે.

ખાવાપીવાની સગવડો

● સેકન્ડ ક્લાસના બધા પૅસેન્જરો મોટા હૉલમાં પોત-પોતાને માટે નક્કી થએલા ટેબલ પર જ જઇને વખતસર બેસે છે, એટલે ચા, બપોરાં કે રાત્રીભોજન પીરસાય છે. સ્ટીમરના વાસ દરમિયાન પહેલે જ દિવસે દરેક જણ પોતાની જગ્યા નક્કી કરી નાખે છે અને ત્યાંના ખાતાધીશો હૉલના નકશામાં દરેકના નંબરો લખી નાખે છે એટલે કયા ટેબલનો ઉતારૂ હાજર હતો તેની નિયમિત નોંધ રહે છે.

સવારના સાડા સાતથી નવ સુધીમાં કોઇપણ ઉતારૂ અહીં આવી ચા માગી શકે છે. પણ ચા એકલી જ નહિ: ફુલાવેલા ઘઉં, દૂધ, ટોસ્ટ અને માખણ, મુરબ્બો, ફળો વગેરે પસંદ કરવા જેવી ઘણી વાનીઓ જોઇતા પ્રમાણમાં મળે છે. એટલે સવારમાં પેટ સંતોષ કરી લે તો એક વાગ્યા સુધીનો વખત કાઢવો આકરો લાગતો નથી. ઘેર સવારમાં નહિ ખાવાની ટેવ વાળા પણ અહીં તો સવારનો નાસ્તો ચપાટી જાય છે.

આ પછીનો વખત કેટલાક ડેક ઉપર પડયા રહીને ગુજારે છે, કેટલાક વાંચે છે, કેટલાક ગપ્પાં ને ચર્ચાઓ ચલાવે છે તો કેટલાક ચોમેર આંટા મારે છે. એક વાગ્યે તો સૌની ક્ષુધા એક-સરખી તૈયાર થઈ જાય છે. અમે દસથી બાર સુધીનો વખત જાપાનીઝ ભાષાનું થોડું જ્ઞાન મેળવવામાં તેમજ જાપાન જઇ આવેલા અનુભવીઓને ત્યાંના જીવન અને વ્યવહારની પૂછપરછ-માં ગાળીએ છીએ. વઢવાણવાળા મહીમાઇ વ્યારે જાપાની ભાષા શીખવવા માંડી છે અને વાંકાનેરવાળા કેવળભાઇ શાહ તેમના પ્રત્યક્ષ અનુભવોથી ઘણી ઝીણવટભરી રીતે જાપાનની વિગતો કહે છે. અત્યારે તો તેઓ અમને એક જીવતા જાપાની જ્ઞાનકોષ જેવું સાધન થઈ પડયા છે. આટલા દિવસથી ચર્ચા કરીએ છીએ, પણ તેમની તરફથી ચોખ્ખા ખુલાસા અને જવાબો મળતાં ખોટ પડતી નથી. એ ભાઇએ જિંદગીની કડવીમીઠી ખૂબ ભોગવી છે અને સ્વાશ્રયબળે જ જાપાન સાથેનો વેપાર ખેડી રહ્યા છે. તેમનામાં સ્વનિષ્ઠા અને સંકલ્પશક્તિ ઘણાં જણાય છે. માત્ર પાંચ અંગ્રેજી ચોપડી ભણી એક સાહસિક વેપારી થનારે કેવા કઠણ સંજોગોમાં ઘડતર કર્યું હશે તે કલ્પી શકાશે. તેમના અનુભવ અને આગળ પડી સેવા આપવાની તત્પરતાથી તેમણે બધા જ ઉતારૂઓ પર પ્રવાસમાં ઉપકાર કર્યો છે. ખાવાપીવાની અગવડો દૂર કરવા હેડ સ્ટુઅર્ડ પાસે જઈ

બંદોબસ્ત કરાવવો કે બંદર પર ઊતરે ત્યારે દરેકને જોઇતી સગવડ ની તપાસ કરવી વગેરે બાબતોમાં તેમનો અગ્ર ભાગ જ હોય.

બપોરનું ખાણું (લંચન)

● ખાણાના ટેબલ પર જઇએ ત્યારે એક છાપેલું 'મેનુ' (menu) પડ્યું જ હોય. તેમાં તે દિવસે તૈયાર કરેલી વાનીઓની યાદી હોય. દરરોજ આ મેનુ નવાં છાપેલાં અને ઉપર આનંદ આપતાં નવાં રંગીન ચિત્રોવાળાં બદલાતાં જ રહે છે. ખાણું પૂરું થયા બાદ તેનો કંઈ ઉપયોગ રહેતો નથી, એટલે ઉતારૂઓ સંગ્રહ માટે તે રાખી શકે છે. રોજરોજ એ છાપવા માટે સ્ટીમરમાં જ એક છાપખાનું છે. ત્યાં મોટરથી ચાલતું ટ્રેડલ અને કંપોઝિંગ સ્ટાફ પણ હોય છે, એટલે મેનુ ઉપરાંત સ્ટીમરની ખબરોનું અને જરૂરી છાપકામ ત્યાં જ થાય છે અને તે પણ બહુ જ સફાઇ-દાર. મેનુનાં રંગીન કવરો માત્ર અગાઉથી ઇટલીમાં છપાએલાં હોય છે. અંદરની જ બાજુ સ્ટીમરના પ્રેસમાં છપાય છે. આ વખતે હિંદી મુસાફરો લગભગ પચાસ કે સાઠ જેટલા શુદ્ધ શાકાહારીઓ છે એટલે તેમના માટે થોડા દિવસ વેજીટેબલ મેનુ જુદું છપાતું. અમે તો મુ. નાનાભાઇને ભળાવી દીધું કે તેઓ પસંદ કરે તે જ વાનીઓ અમારે મંગાવવી. અમારો સ્ટુઅર્ડ પણ તેમને અગાઉની એક મુસાફરીથી ઓ-ળખે છે, એટલે કામ સહેલું થયું. તેણે જ કહ્યું કે તમને નહિ ખપે તે વસ્તુ હું લાવીશ જ નહિ. છરીકાંટા ને ચમચાના સરંજામ અને બદલાતી રકાબીઓની પ્રવૃત્તિ પહેલવહેલી સામી આવી છતાં અમારે કોઇ યુરોપિયનોના સાથમાં ખાવાનું નહોતું એટલે સરળતાથી ગાડું ચાલ્યું. ઈટાલિયન સ્ટુઅર્ડો પણ હિંદી ઘરાકી ઝાઝી મળી એટલે બધાની સગવડ સાચવવા બહુ ઇંતેજાર હતા. તેમને પણ અમારી ખોરાકી પ્રમાણમાં કંઇક સસ્તી લાગી હશે, એટલે ભાત, શાક વગેરે સારાં મળવા લાગ્યાં. લીલાં શાક, ફળો, શાકભાત અને સૂપ વગેરેથી પેટ ભરી શકયા એટલે કંઇ પંચાત લાગી નહિ. એકબે જણને પહેલા બેચાર દિવસ ફાવ્યું નહિ, પણ ધીરેધીરે તેમને પણ સરળતા જણાઇ. પોશાકની ચર્ચા તો તદ્દન ઊડી જ ગઇ હતી. બપોરે તો અરધાં પૅન્ટ અને માત્ર બાંડિયા સાથે ભોજન-ગૃહમાં કામ ચાલ્યું જતું. જમતાં લગભગ એકથી દોઢ કલાક જાય પણ વખતની ખબર પડે નહિ.

બપોરે થોડી ઊંઘ લીધા પછી ડેક પર આવીએ તો કોઈ આકાશ જોતા ડેક ચેર પર પડ્યા હોય તો કોઇએ બ્રિજની રમત માંડી હોય. સીંગાપોર સુધી તો એક બૅન્ડપાર્ટી રોજ સવારસાંજ નવાં નવાં ગાયનો સંભળાવતી.

બપોરે સાડાચાર વાગ્યે ચા મળે છે. તે વખતે પણ પેટ ભરવા જેવી વાનીઓ તો આવે છે, પણ અમે તે વખતે માત્ર ચાથી ચલાવી લેવાનું ઠીક ગણ્યું છે અને તેથી સાંજની ભૂખ બરાબર વખતે જાગે છે.

સાંજનું ભોજન (meals)

● યુરોપિયન સંસારમાં સાંજનું ભોજન જ મહત્ત્વનું ગણાયું છે, એટલે સાંજે ભોજનગૃહની ટાપટીપ ફરી જાય છે. સ્ટુઅર્ડો તે વખતે કાળાં પાટલુન અને ઉપર કડક ઇસ્રીવાળાં ધોળાં ખમીસ પહેરી વાળ બરોબર ઓળીને ઊભા હોય છે. અમને પણ સૂચના હતી કે સાંજે પૂરો પોશાક પહેરી હાજરી આપવી જોઇએ. ફર્સ્ટ કલાસના પૅસેન્જરો તો પૂરેપૂરા કાળા સૂટમાં જ તેમના જુદા ડાઇનિંગ રૂમમાં જાય છે. યુરોપ આખામાં સાંજના ખાણામાં સૌ કાળો પોશાક પહેરે છે, પણ આ બાજુ કાળા પોશાકનો આગ્રહ બહુ ન દેખાયો; કારણકે ચીના ગૃહસ્થો અને મલાઇ સ્ત્રીપુરુષોને તેમના દેશનો જ સ્વચ્છ પોશાક પહેરી ખાણામાં હાજરી આપતાં જોયાં. નાનાભાઈએ તો એકબે દિવસ સદરો પહેર્યો, પણ હવે તો ધોતિયું અને પહેરણ પહેરી ટેબલ પર બેસે છે. છતાં તેમના તરફ સ્ટુઅર્ડ પણ માનથી જુએ છે. માણસની પ્રતિષ્ઠા પોશાક કરતાં વર્તન અને વિનય પર જ વધારે આધાર રાખે છે.

ટેબલ પર મોટા રૂમાલો અગાઉથી મૂકેલા હોય છે તે દરેક જણ ઉપાડી લે છે ને પોતાના ખોળામાં પાથરી દે છે, જેથી કંઇ એંઠવાડ કપડાં પર પડે નહિ. છતાં દરેક જણ ખુરશી બને તેટલી ટેબલની પાસે રાખી રકાબી પર જ મોં રાખીને છરીકાંટાથી ખાય છે, એટલે હાથ પણ ભાગ્યે જ બગડે છે. વળી દરેક રકાબી બદલાય ત્યારે છરીકાંટા પણ બદલાય છે અને જે વાનાં આવે તેના ખરનાં જ સાધનો આવે છે.

સ્ટીમર પર રોજ જે શાકપાન ને ફળો મળે છે તે બધાં ઇટાલીથી જ ખરીદેલાં હોય છે, છતાં સાવ તાજાં લાગે છે. તેનું કારણ સ્ટીમરમાં જ એક (રેફ્રિજરેટર) બરફમય વાતાવરણની ઓરડી છે ત્યાં રાખવાથી ગમે તેટલી મુદ્દત તે એવાં ને એવાં જ રહે છે. આ ઉપરાંત રાસાયણિક ચાસણી અને ક્ષારોમાં કેટલાંક ફળો અને શાકો સંઘરેલાં હોય છે, તે પણ પીરસાય છે ત્યારે તાજાં જેવાં જ લાગે છે. માખણ જોઇએ તેટલું પીરસાય છે. આ વખતે સ્ટીમરે તેના સ્ટાફમાં એક હિંદી રસોઇઓ લીધો છે તે વળી ભજીયાં, પાપડ ને પૂરીની એક રકાબી કરી આપે છે; પરંતુ તેમાં ઘરના કરતાં ચોથા ભાગનો યે સ્વાદ કે બનાવટ નથી જણાયાં. અમે આટલા દિવસો યુરોપિયન ઢબે કરેલાં શાક પાઉં વગેરેથી પેટ ભર્યાં ખરાં, પણ સીંગાપોરમાં થોડા કલાક રોકાયા ત્યારે અમને શ્રીયુત હરિલાલ બત્રિકાને ત્યાં રોટલીશાક ને દાળભાત જમવાનાં મળ્યાં ત્યારે ખાત્રી થઇ કે રસોઈના સ્વાદ અને કરામતમાં હિંદુસ્તાન સાદાં સાધનોથી જે વાનીઓ કરી શકે છે તેની આગળ યુરોપ ટકે નહિ. માત્ર પીરસણની સજાવટ, ચોખ્ખી ગોઠવણ ને શાંતિભરી વ્યવસ્થામાં તો હિંદુસ્તાને નવું જ શિક્ષણ લેવાનું છે.

(ચાલુ) —ર.મ.રા.

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ

[અનુસંધાન પોષ અંકના પૃ. ૨૫થી]

શીખવાનો ક્રમ

આખી પદ્ધતિ કુલ પાંચ પ્રકરણોમાં સમાઇ જાય છે; અને એ પાંચે ય પ્રકરણોમાં લખવા તથા છાપવામાં એક જ સરખી યોજના કામે લાગી હશે. માટે **પ્રથમ** તે યોજના સમજી લો.

પ્રકરણની શરૂઆતની **'નોંધ'માં**, પ્રકરણની પૂર્વતૈયારી રૂપે, એ પ્રકરણના વિષય સાથે સંબંધ ધરાવતી ભાષાની ધ્યાન ખેંચે એવી વિગતોની ચર્ચા કરી છે.

પ્રકરણમાં શીખવાનું વસ્તુ પેટા પ્રકરણો જેવા 'દિવસો'માં વહેંચી નાખેલું છે. અને આવા કુલ ૧૬ 'દિવસ' થયા છે તે પછી એ બધા 'દિવસો'ના પુનરાવર્તન માટે 'મનોયત્ન' અને છેવટે તે મનોયત્નનું 'લઘુલેખન' આપેલાં છે.

દરેક 'દિવસ' ચાર ભાગમાં વહેંચેલો છે: નિયમો, સૂચનાઓ, ઉદાહરણો અને લઘુલેખન.

આ બધામાં 'નિયમો' એ મુખ્ય વસ્તુ છે. પણ બધી ભાષાબંધી માફક તેની ભાષા કોઇકોઇ સ્થળે દુર્બોધ જણાશે એ સંપૂર્ણપણે સમજાવવા તેની નીચેની 'સૂચનાઓ' નિયમોના જ ક્રમે છાપેલી છે. જેમકે ૧૭મો નિયમ સમજવા માટે ૧૭મી સૂચના વાંચવી વગેરે.

'ઉદાહરણો' પણ નિયમવાર જ આપ્યાં છે; અને દરેક ઉદાહરણમાં આપેલા શબ્દ લઘુલિપિમાં કેમ લખાય તે તેની નીચેના 'લઘુલેખન'માં ઉદાહરણના જ ક્રમે આપેલું છે.

એટલે કોઇ નિયમ શીખવો હોય ત્યારે સાથોસાથ તે નિયમ પરની સૂચના, તે નિયમ પરનાં ઉદાહરણો તથા તેનું લઘુલેખન પણ જોતા જવું. એથી નિયમ બરાબર સમજી શકાશે.

ઉદાહરણો ઘણી વખત માત્ર એકાદ નિયમ માટે નહિ પણ નિયમોના એકાદ નાના સમૂહ માટે પણ આપેલાં જણાશે. ત્યાં એ બધા નિયમો ઉપર મુજબ એકીસાથે શીખવાના છે.

એક જ 'દિવસ' નીચે આપેલા બધા નિયમો છૂટા કે સમૂહમાં શીખાયા પછી તેની પરસ્પર તુલના કરતા રહેવી; અને પછી જ બીજા 'દિવસ' ઉપર જવું.

બધા 'દિવસ'નાં ઉદાહરણો **ભૂલ રહિત લખી** તથા **વાંચી** શકાય તે પછી એ જ મુજબ **પ્રકરણને** અંતે આપેલું 'મનોયત્ન' **પ્રથમ** લઘુલિપિમાં લખો, છાપેલા સાથે તે સરખાવો, અને **તમે લખેલું** વાંચો.

પ્રકરણના નકશામાં આપેલી તે તે પ્રકરણની પરમાવધિની ઝડપથી એ મનોયત્ન લખી શકાય તથા એટલા જ સમયમાં વાંચી શકાય (આ ખાસ અગત્યનું), ત્યાં સુધી એનું એ મનોયત્ન લખવા તથા વાંચવાનું ચાલુ રાખો અને પરિચિત લખાણમાં એટલી ઝડપ કેળવાયા પછી અપરિચિત લખાણમાં એ ઝડપ લાવવા યત્ન કરો. આને માટે પ્રસંગ મળે ત્યારે શ્રુતલેખન કરતા રહો.

એ પછી નવું પ્રકરણ એ જ ક્રમે શીખવું શરૂ કરો.

પ્રકરણ ૧ લું: ટૂંકાક્ષરો અને તેનું લેખન

નોંધ

¶. લઘુલિપિના અંગ્રેજી નામ 'શૉર્ટહૅન્ડ'થી તો આપણો સામાન્ય વાચક વર્ગ પણ પરિચિત છે. પણ શૉર્ટહૅન્ડની શક્યતા કે પદ્ધતિ વિષે એનાથી અપરિચિત વાચકોમાં કાંઇ રોમાંચક માન્યતાઓ પ્રવર્તે છે. ઘણા એમ માને છે કે લઘુલિપિ એટલે દર્શાવવાના ભાવોનાં આખાં વાક્યોનાં વાક્યોને એકાદ શબ્દ જેવી સંજ્ઞાથી બતાવવાની કોઇ ચિત્રલિપિ અથવા તો કોઇ ટૂંકો Code. પણ વસ્તુતઃ તેમ નથી. આપણે સામાન્ય લિપિમાં લખીએ છીએ તેમાં ભાવો બતાવવા શબ્દો ને શબ્દોના અવયવો તરીકે જેમ અક્ષરો આવે છે તેમ જ લઘુલિપિમાં પણ લખવાના એકમ તો અક્ષરો—અને ક્યાંક ક્યાંક શબ્દો કે પદો—છે અને એથી ચાલુ લિપિમાં જેટલા અક્ષરો છે તેટલા જ લઘુલિપિમાં પણ છે. માત્ર લઘુલિપિના અક્ષરો અત્યંત સાદા હોવાથી લખાણમાં ઘણો બચાવ થાય છે. વળી ભાષાના બંધારણનું હાર્દ સમજવાથી ભાષામાંનાં કેટલાંક સામાન્ય તત્ત્વોને પણ જુદીજુદી રીતે ટુંકાવવાનું શક્ય બને છે. આમ, જેટલી રીતે બની શકે તેટલી રીતે સમયનો બચાવ કરીને લખવાની કળા એટલે જ લઘુલિપિ. ¶. આ પહેલા પ્રકરણમાં લઘુલિપિની સંપૂર્ણ વર્ણમાળા આપી છે. એટલે ચાલુ લિપિમાં આપણે કોઇ પણ અક્ષર લખીએ તે લઘુલિપિમાં કેમ લખાય તે સમજાવ્યું છે. આથી આ પ્રકરણ પૂરું કરતાં વધારે નહિ તો ચાલુ લિપિની ઝડપે તો **કોઇ પણ** લખાણ લખી શકાય. જોકે ખરી રીતે તો ચાલુ લિપિ કરતાં લઘુલિપિના અક્ષરો સરાસરી ૧/૩–૧/૪મા ભાગના ટૂંકા છે. એટલે તમે સામાન્ય રીતે જેટલી ઝડપે લખી શકતા હો—ઘડિયાળના પ્રયોગથી તમારી મિનિટના શબ્દની ઝડપ જાણી લો—એટલી જ સ્પષ્ટતાથી લઘુલિપિમાં તેનાથી ૨ ૧/૨ ગણી ઝડપે લખી શકવું જોઇએ. પણ લઘુલિપિમાં

¶ કુમારના ચાલુ વર્ષમાં જ સંપૂર્ણ અપાનાર આ 'લઘુલિપિ'ના પુસ્તકનો ગ્રાહકો પૂરેપૂરો લાભ લઇ શકે એ માટે અમે એક નવી યોજના હાથ ધરી છે. બની શક્યું છે ત્યાંસુધી લેખકે વિગતવાર સૂચનાઓ પાઠો સાથે જ આપી છે. અને એવી ગણતરી છે કે એ સૂચનાઓ સામાન્ય વાચકવર્ગને એ લિપિ શીખવવા માટે બસ થઇ પડશે. તેમ છતાં તમને કોઇ ભાગ દુર્બોધ કે અસંગત લાગે તો તમે તમારો ગ્રા. નં. જણાવી લેખકને તે સંબંધે ગમે તે પ્રશ્ન પૂછી શકશો. લિપિ શીખવા માટેની બધી શંકાનું સમાધાન કોઇ પણ જાતની ફી વિના કરી દેવામાં આવશે. ¶ આ સંબંધે બધો પત્રવ્યવહાર કાર્યાલયને સરનામે જ કરવો, અને કવર પર ડાબે ઉપલે ખૂણે 'લઘુલિપિ' એમ લખવું. જવાબ માટે સાથે પોસ્ટની ટિકિટ ચોડેલું પોતાના સરનામાનું કવર બીડવું જરૂરી છે. ¶ અંક મળ્યા પછીના અઠવાડિયામાં આવેલા પત્રોના ઉત્તર વધુ વ્યવસ્થાપૂર્વક આપી શકાશે.

સ્વરો જોડવામાં બહુ વિચાર કરવો પડતો હોવાથી કેટલાક સમયનો ભોગ આપવો પડે છે. આથી જ એ બધો હિસાબ ગણી આ પ્રકરણ માટે પરમાવધિની ઝડપ નકશામાં ૫૦ શબ્દની આપેલી છે. ¶. પ્રકરણ કુલ ચાર 'દિવસો'માં વહેંચાએલું છે. પહેલા દિવસમાં 'નકશા' પરથી ટૂંકા અક્ષરો શીખવાના છે; અને તેમાં ખાસ ધ્યાન ખેંચે એવી વાત અક્ષરોની ગતિની દિશા છે. અક્ષરો જુદાંજુદાં જોડાણમાં પણ પોતપોતાની ગતિની દિશા પરથી જ ઓળખાય છે. માટે યોગ્ય ખૂણે તે લખવાં એ ખાસ જરૂરનું છે. એ બધા અક્ષરોની પસંદગી પાછળની તર્કની આખી શ્રેણી 'સૂચનાઓ'માં સમજાવી છે. તે સાથે વાંચતા જવાથી અક્ષરો તરત યાદ રહી જશે. આ અક્ષરોનું થોડું અનુસંધાન ત્રીજા અને ચોથા દિવસમાં પણ આવે છે. ¶. પણ આ બધામાં વધુ કાળજીપૂર્વક શીખવાનું બીજા દિવસનું કામ છે. વર્ણમાળા જોતાં જણાશે કે સ્વરો અને વ્યંજનોના આકાર સ્પષ્ટ રીતે જુદા તરી આવે છે. અને આમ થવાનાં બે કારણ છેઃ એક તો એ કે એથી સ્વર કે વ્યંજન તુરત ઓળખી શકાય છે. પણ ખાસ તો સ્વરો એ વ્યંજનોને જોડવાની કડી સમાન હોવાથી તેના આવા આકાર બહુ ઉપયોગી થાય છે. પણ સ્વરોના ઉપયોગની આ વિશિષ્ટતા એક નવો મુદ્દો ઊભો કરે છે. સ્વરો ભાષાનાં મર્મસ્થાનો હોવાથી તેના પર વધુ ધ્યાન રાખવાની જરૂર છે; અને તેથી સ્વરો અને વ્યંજનોને કેવી રીતે જોડવામાં આવે છે તેના પર ઘણી બાબતોનો આધાર છે. આથી જો નિયમથી જણાવેલી કરતાં બીજી કોઇ રીતે સ્વર જોડાયા હોય તો તેનો જુદો જ અર્થ થાય છે. માટે સ્વરોના જોડાણના આ નિયમો પર સંપૂર્ણ કાબૂ આવ્યા વિના ઝડપ અશક્ય છે. એક વાત લક્ષમાં રાખવાથી એ કાબૂ તુરત આવી જશેઃ 'સૂચનાઓ'માં સ્વરોનાં જોડાણના નિયમોનાં કારણ વાંચતાં જણાશે કે કોઇ પણ સ્વર પોતાના સામાન્ય અર્થમાં વપરાય ત્યારે હાથના સ્નાયુઓને વધુમાં વધુ પરિચિત કે સ્વાભાવિક હોય એ ગતિએ જ તે જોડાય છે. આથી કોઇ સ્વર ખોટી રીતે જોડાતા હશે તો હાથને જ તે આપોઆપ કઢંગું લાગશે. અહીં એક વાતની નોંધ લેવી જરૂરી છે કે સ્વરોને વ્યંજનો સાથે જોડવાની આ લઘુલિપિમાં ગ્રહણ કરેલી પદ્ધતિ તદ્દન મૌલિક સિદ્ધાંતોથી યોજાએલી હોવા છતાં 'સ્લોન-ડુપ્લોયન' (Sloan-Duployan) શૉર્ટહૅન્ડમાં સ્વીકારેલી પદ્ધતિ સાથે તે નજીકનું સામ્ય ધરાવે છે, અને એનું કારણ હાથના સ્નાયુઓની સ્વાભાવિક ગતિ પર અવલંબેલી તર્કની આખી શ્રેણી જ છે.

ટૂંકાક્ષરો અને તેનું લેખન

સ્વરો




અ આ ઇ ઈ ઉ ઊ ઋ એ ઐ ઓ ઔ અં અઃ

વ્યંજનો

ક સરલાકૃતિ વ્યંજનો

મૂળાક્ષરો — સાધિતઅક્ષરો



ખ વર્તુલાકૃતિ વ્યંજનો

ર લ ન મ સ શ હ ય વ



ળ ઙ ઞ ણ

ગ વર્ગીય વ્યંજનોનાં લીટી પરત્વેનાં સ્થાન

વર્ગના આદ્યક્ષર→ક ચ ટ ત પ



જોડાક્ષરો



ક્ષ જ્ઞ ર્ય

- બાકીના જોડાક્ષરો માટેઃ (૧) પહેલો અક્ષર બારે લખી બાકીના જતા કરવા; અથવા (૨) બધા અક્ષરો આખા હોય એમ લખવા અને પછી અર્ધા પર કાપ મૂકવો.
- રેફ કે અરધા બોલાતા 'ર' માટે અગાઉનો સ્વર અવળો લખવો.
- અનુસ્વાર કે અર્ધા અનુનાસિક માટે અગાઉનો સ્વર બારે લખવો.

સ્વરોનાં જોડાણ

સરલાકૃતિ વ્યંજનોની શરૂઆતમાં



સરલાકૃતિ વ્યંજનોને અંતે કે એક જ દિશામાં જતા બે સરલાકૃતિ વ્યંજન વચ્ચે

કેટલાંક પ્રતિનિધિ ઉદાહરણો



આકૃતિ આશા ઇલાજ નારાજ કામ માહિતી આવેશ ટેક ચેતન તિથિ અંત દુઃખ જાડ દૂધ

રેફ માટે અવળા સ્વર



કર્તા ગર્ભ શર્કરા એત્રાર્મ દીર્ઘતાર દૂર ઘેર ડેરા

વિરામ ચિહ્નો

- · પૂર્ણ વિરામ
- ⌐ ¬ કૌંસ
- ~~ વિગ્રહરેખા અને ગુરુરેખા
- " વિશેષ નામ

- અલ્પવિરામ, પ્રશ્નાર્થ વગેરે બાકીનાં ચિહ્નો સામાન્ય લિપિમાં વપરાય છે તે જ લખવાં

સંખ્યાઓ

સો હજાર લાખ કરોડ અબજ



- સો નીચેની સંખ્યાઓ સામાન્ય અંકોથી લખવી

ઉપરની વિગતો પર સંપૂર્ણ કાબુ મળતાં મિનિટે પચાસ શબ્દ સુધીની ઝડપે કાંઇપણ લખી શકાશે

પહેલો દિવસ : ટૂંકાક્ષરો

નિયમો

[૧] આ લિપિના બધા અક્ષરો નકશામાં આપ્યા છે. તેમાંના વ્યંજનો, લખવાની લીટીની અપેક્ષાએ જે ખૂણે લખ્યા હોય, તે પરથી ઓળખાય છે. સ્વરોનાં સ્થાન એવી રીતે લીટીથી બંધાએલાં નથી.

[૨] લઘુલિપિના વ્યંજનો સામાન્ય વ્યંજનોની માફક એકલા લખ્યા હોય ત્યારે તેમાં 'અ'કાર ભળેલો રહે છે, અને જરૂર પડયે તેમાં બીજા સ્વરો ઉમેરી શકાય છે.

[૩] લઘુલિપિના સ્વરો બે કામ સારે છેઃ (ક) સામાન્ય લિપિના સ્વરોનું તેમજ (ખ) સ્વરો માટેનાં ચિહ્નોનું.

[૪] એક જ શબ્દમાં આવતા બધા અક્ષરો બોલાતા હોય તે ક્રમમાં એકબીજા સાથે જોડીને લખાય છે.

[૫] લઘુલિપિ આંકેલા કાગળ પર લખાય ત્યારે શબ્દના પહેલા વ્યંજનનો નીચેનો છેડો લખવાની લીટી પર રહે એવી રીતે લખાય છે, અને 'ત' 'સ' વગેરે પુરોગામી અક્ષરો લીટીની સાથે જ લખાય છે.

[૬] 'ર' અને 'લ' માટે બબ્બે સંજ્ઞાઓ છે, તેને ડાબી બાજુથી ગણતાં અનુક્રમે પહેલી અને બીજી ગણવી. તેમાંની જે સંજ્ઞા અગાઉના વ્યંજન સાથે, અને પહેલાં કોઈ વ્યંજન ન હોય તો પાછળના વ્યંજન સાથે વધુ સાંકડો ખૂણો કરે તે લખાય છે.

[૭] હ્રસ્વ સ્વરને દીર્ઘ બનાવનારી રેખાઓ (દીર્ઘ રેખાઓ), તથા અલ્પપ્રાણ વ્યંજનને મહાપ્રાણ બનાવનારાં બિંદુઓ (મહાપ્રાણ બિંદુઓ), સામાન્ય રીતે ટૂંકા અને તરત ન સમજાય એવા શબ્દો, વિશેષ નામો કે પરભાષી શબ્દોમાં જ ઉપયોગમાં લેવાય છે.

[૮] એ કરતાં વધારે પદવાળા અથવા વધુ પરિચિત શબ્દોમાં દીર્ઘરેખાઓ તથા મહાપ્રાણ બિંદુઓનો લોપ કરાય છે. પણ આવે પ્રસંગે 'ઘ' અને 'ભ'ની સંજ્ઞાઓ જરા વધુ લાંબી લખાય છે.

સૂચનાઓ

(૧) નકશા ઉપરથી જોઈ શકાશે કે અક્ષરો માટેની સંજ્ઞાઓ તદ્દન સાદી રેખાઓ છે. તેમાંના સ્વરોના આકાર એવા છે કે ગમે તે સ્થિતિમાં તે સરખા જ લાગે. એને માટે વિશેષ વિગત 'બીજા દિવસ'માં આવશે. વ્યંજનો માટેની જુદીજુદી દિશા જ એને અર્થ આપે છે. આ વ્યંજનોમાં ક વર્ગ, ચ વર્ગ, ટ વર્ગ, લ, હ, ય, વ એટલા અધોગામી છે; ત વર્ગ, ન, મ, શ, સ એટલા પુરોગામી છે; તથા પ વર્ગ અને 'ર' એ ઊર્ધ્વગામી છે. વળી થોડાએક અપવાદ સિવાય મોટે ભાગે એ બધાંની ગતિ ડાબી તરફથી જમણી તરફ છે. વળી એ પણ જોઈ શકાશે કે વર્ગીય વ્યંજનોનો વર્ગવાર (ક, ચ, ટ, ત, પ એમ) તેમજ વર્ગમાંના અક્ષરવાર (જેમકે ક, ખ, ગ, ઘ એમ)નો ઉત્ક્રાન્તિક્રમ અમુક ચોક્કસ રીતે જ અને તુરત યાદ રહે એવી રીતે યોજાયો છે. અને એ જ રીતે વર્તુલાકૃતિ વ્યંજનોની જોડીઓ પણ એકબીજાના સંબંધી વ્યંજનો (જેમકે સ, શ)ની છે. એક વાત ખાસ ખ્યાલમાં રાખવાની એ છે કે 'ક' અને 'પ' એ બંને વર્ગો એકબીજા જોડે જોડવા સુગમ પડે એમ જમણી તરફ સહેજ નમેલા છે.

(૨) સામાન્ય લિપિમાં કોઇપણ વ્યંજન અર્ધો અને છતાં સ્વતંત્ર બતાવી શકાય, જેમકે ત્, બ્. પણ લઘુલિપિમાં એ શક્ય નથી. એવા વ્યંજન માટે પણ લઘુલિપિમાં તેનું આખું રૂપ જ લખવું પડે છે. છતાં અનિવાર્ય પ્રસંગો માટે આગળ નિયમ આવશે. જોડાક્ષરો સંબંધી સંપૂર્ણ ચર્ચા બીજા પ્રકરણમાં થશે.

(૩) જેમકે આશા=આ+શ+આ.

કિરણ=ક+ઇ+ર+ણ.

(૪) અંગ્રેજી કે ઉર્દુની માફક.

(૫) નકશામાં જોવાથી આ નિયમ બરાબર સમજાશે. નકશાના 'વ્યંજનો' વિભાગમાં વર્તુલાકૃતિ વ્યંજનો પોતપોતાના લીટી પરત્વેનાં સ્થાનમાં જ બતાવ્યા છે. અને સરલાકૃતિ વ્યંજનોનાં સ્થાન જૂદાં બતાવ્યાં છે. એ બન્નેમાં તૂટક લીટી એ લખવાની લીટી છે. વર્ગીય વ્યંજનોમાં વર્ગના આદ્યાક્ષરનું સ્થાન તે તે વર્ગના પ્રથમ ચારે વર્ણોને લાગુ પડે છે. આ નિયમ મુજબ લખવાનું લખાણ લીટી પર કેવી રીતે ગોઠવાય તે 'સ્વરોનાં જોડાણ' વિભાગમાં 'કેટલાંક ઉદાહરણો' જોવાથી માલુમ પડશે.

(૬) આ નિયમનો ભંગ કરી લખવામાં આવે તો અર્થમાં ફેર પડતો નથી. પણ રેખાંકન કઢંગું બની વાંચવામાં મુશ્કેલી પડે છે.

(૭–૮) દેખીતી રીતે આ નિયમો અસ્પષ્ટતા પ્રેરક લાગશે. પણ 'ધ' અને 'ભ' (જેને માટે નિયમમાં અવકાશ રાખ્યો છે) એ બે બાદ કરતાં ભાષામાં મહાપ્રાણ અક્ષરો એટલા ઓછા વપરાય છે કે લખાણ-માં તેની અવગણના કર્યા છતાં લખેલું ઉકેલી શકાયઃ જેમ બાળકની કાલી ભાષા અનુપ્રાસે સમજી શકાય છે તેમ. માત્ર 'ચ', 'છ', 'ત', 'થ'ના વપરાશમાં સહેજ અનિયમિતતા છેઃ 'ચ' કરતાં 'છ' વધુ વપરાય છે અને 'ત' તથા 'થ' એ બંનેનો ઉપયોગ લગભગ સરખો થવા જાય છે. આ બધો હિસાબ ગણી લઘુલેખક વિવેકબુદ્ધિ વાપરી-ને લખે તથા વાંચે તો અસ્પષ્ટતાનો ભય નહિ જેવો છે.

ઉદાહરણો


(૧) **[નિ. ૧–૫: સાદા શબ્દો]** આશા, એક, ચેતન, જતન, જવાબ, તક, દવા, નકશો, નૂતન, ગત, મન, યશ, વજન, વતન, સમજ, સહન, હવા, હુકમ.

(૨) **[નિ. ૬: 'ર' અને 'લ']** અસર, આલમ, નજર, રજી, શરમ, શરૂ, હાજર.

(૩) **[નિ. ૭: મહાપ્રાણ બિંદુ]** ખપ, ઘર, છૂટ, ફૂટ, ફોજ, લાખો, લાઠી, લાભ.

(૪) **[નિ. ૮: મહાપ્રાણબિંદુનો લોપ]** અખતરો, અછત, અફળ, અબળા, આખર, આચરણ, ખરાબ, ઠરાવ, દાખલો, ફતેહ, ફરજ, ફાયદો, વલણ, સફર, સફળ, સબર.

ઉદાહરણોનું લઘુલેખન



બીજો દિવસ : સ્વર-સંયોજન

નિયમો

[૯] 'ઋ' કોઈપણ વ્યંજન સાથે જોડાય ત્યારે અગાઉના વ્યંજન સાથે ડાબી તરફથી જમણી તરફ અને ઉપરથી નીચે એવી ગતિએ લખાય છે.

[૧૦] કોઇપણ વર્તુલાકૃત વ્યંજનની પહેલાં કે પછી 'ઋ' સિવાય કોઇપણ સ્વર આવે ત્યારે તે વર્તુલના વાંકની સાથે સળંગ ગતિએ લખાય છે.

[૧૧] વર્તુલાકૃતિ અને સરલાકૃતિ વ્યંજનો વચ્ચે આવેલા સ્વરો હંમેશાં વર્તુલાકૃતિ વ્યંજનોની સાથે જ લખાય છે.

[૧૨] કોઇપણ બે વર્તુલાકૃતિ વ્યંજનોની વચ્ચે સ્વર આવે ત્યારે 'અ'કારાદિ સ્વરો આગળના વર્તુલ સાથે અને 'ઇ'કારાદિ સ્વરો પાછળના વર્તુલ સાથે સળંગ ગતિએ લખાય છે.

[૧૩] 'ઇ'કારાદિ સ્વરોના જોડાણની સ્વાભાવિક ગતિ (ઉપરના નિયમો લાગુ ન પડે ત્યારે) ડાબીથી જમણી બાજુ તથા ઉપરથી નીચે થતી છે.

[૧૪] સરલાકૃતિ વ્યંજનની શરૂઆતમાં 'અ'કારાદિ સ્વરો ઘડિયાળના કાંટાની ગતિએ લખાય છે.

[૧૫] જુદીજુદી દિશામાં ગતિ કરતા બે સરલાકૃતિ વ્યંજનો વચ્ચે 'અ'કારાદિ સ્વર આવે ત્યારે તે બે વ્યંજનથી પડતા ખૂણાની બહાર લખાય છે.

[૧૬] એક જ દિશામાં ગતિ કરતા બે સરલાકૃતિ વ્યંજનો વચ્ચે, કે કોઇપણ સરલાકૃતિ વ્યંજનને અંતે 'અ'કારાદિ સ્વર આવે ત્યારે અગાઉના વ્યંજનને પંદરમા નિયમ મુજબ જોડાવાના જે જાતના વધુ પ્રસંગો આવતા હોય તેને મળતી ગતિએ લખાય છે.

સૂચનાઓ

(૯) 'ઋ'કારની આ ગતિ વસ્તુતઃ સામાન્ય લખાણના વલણની જ ગતિ છે.

(૧૦–૧૧) પાછળનો નિયમ આગળનાની પૂર્તિરૂપ છે. આવી રીતે લખાએલો સ્વર વર્તુલના અંદરના ભાગ તરફ નમતો રહે છે.

(૧૨) 'અ' ને મળતા સ્વરો 'ઉ', 'ઓ', 'ઐ', 'ઔ' એ બધાને 'અ' ના જ જોડાણના નિયમો લાગતા હોવાથી તે બધા 'અ'કારાદિ સ્વરો કહેવાય છે. અને એ જ મુજબ 'ઇ' તથા 'એ' બંને 'ઇ'કારાદિમાં સમાઇ જાય છે. નિયમનો પૂર્વાર્ધ અગાઉના નિયમની પૂર્તિરૂપ છે; ઉત્તરાર્ધ વાચનની સ્પષ્ટતા તેમજ લેખનની સરળતા માટે જરૂરી છે. જોઇ શકાશે કે ૧૦,૧૧,૧૨ એ ત્રણે નિયમોમાં વર્તુલાકૃતિ વ્યંજનો સાથેના સ્વરોના વિવિધ સંયોગોની ચર્ચા પૂરી થાય છે.

(૧૩ થી ૧૬) આ ચાર નિયમો સરલાકૃતિ વ્યંજનોનાં સ્વરો સાથેનાં વિવિધ જોડાણ ચર્ચે છે. તેમાં 'ઇ'કારાદિ સ્વરોનું જોડાણ તો ૧૩મા નિયમમાં જ સમાઈ જાય છે. આના ઉદાહરણરૂપ નકશામાં 'સ્વરનાં જોડાણ' વિભાગમાં પણ વિવિધ સ્થિતિઓ બતાવી છે. બાકીના ત્રણ નિયમોમાં 'અ'કારાદિ સ્વરોની વાત છે. ૧૪ અને ૧૬મા નિયમમાં જણાવેલી સ્થિતિ પણ નકશામાં બતાવેલી છે. અને ૧૫માની સહેજે સમજી શકાય તેમ છે, કેમકે ખૂણા બહાર મીંડાંની આંટી પડવી એ લેખનની સામાન્ય ક્રિયા છે. આ ૧૫ મા નિયમને દૃષ્ટિ સમક્ષ રાખીને 'ક', 'ચ', 'ટ', 'ત', 'પ' એ દરેકને પોતાના સિવાયના ચચ્ચાર સાથે વચ્ચે 'આ' લખીને જોડી જાઓ, એટલે તેમાંથી ૧૬ મો નિયમ આપોઆપ ફલિત થશે. જે વર્ગમાં જે તરફ મીંડું કરવાનું વલણ એ ચાર સંયોગોમાં વધુ આવતું હશે તે તરફ જ સ્વાભાવિક હાથ વળી ગયો હોવાથી એવો ખૂણો ન પડતો હોય ત્યારે પણ મીંડું એ તરફ જ વળશે. જેમકે 'તાક', 'તાચ', 'તાટ', 'તાપ' એ ચાર જોડાણમાં 'ત'ની જે તરફ 'આ' વધારે પ્રમાણમાં લખાયો હશે તે જ તરફ એકલો 'તા' કે 'તાત' લખીએ ત્યારે પણ લખાશે.

ઉદાહરણો

(૧) **[નિ. ૯: ઋકાર]** આકૃતિ, (શક્તિ.)

(૨) **[નિ. ૧૦–૧૧: વર્તુલ. વ્યંજન અને સ્વર]** ઈલાજ, ખીણ, જીવન, દેવળ, દેશ, નારાજ, નિયમન, નિશાન, નોકરી, ભાવના, ભાવી, માગણી, માફ, મુખ, મુજબ, મૂળ, ~~~~ મોહ, યુગ, યુવતી, રૂપ, રૂબરૂ, લાગણી, લેખ, લોભ, સમાજ, સલાહ, સાધન, સુખ, સુલેહ, સૂચના, સેવન, સેવા, સોનું, હિસાબ.


(૩) **[નિ. ૧૩: 'ઇ'કાર. સ્વર અને સરલ. વ્યં.]** ઔષધિ, ખેતી, ચીજ, ટીકીટ, ધગધી, માહિતી, રૂઢિ.

(૪) **[નિ. ૧૪: આદ્ય 'અ'કાર. સ્વર અને સરલ. વ્યં.]** અભાવ, આકાશ, આગાહી, આપલે, આભાર.

(૫) **[નિ. ૧૫: ખૂણા બહાર 'અ'કાર. સ્વર]** આગબોટ, આઝાદી, આબાદ, ખાતરી, છોકરો, જોખમ, તોપ, નાબૂદ, બાગ.

(૬) **[નિ. ૧૬: નિ. ૧૫ની પૂર્તિ]** આવરદા, ખુદા, ઘા, ચા, જાદુ, દૂધ, ધાતુ, નેતા, માતા, રેખા, સજા.

ઉદાહરણોનું લઘુલેખન





ગુજરાતનાં બગલાં

જળજંગલની
જીવસૃષ્ટિ વિષે
લખાતી લેખમાળા

વનવગડાનાં વાસી

નો આગળ હપતો.

गर्भाधानक्षणपरिचया—
नूनमाबद्धमालाः
सेविष्यन्ते नयनसुभगं
खे भवन्तं बलाकाः।

તમે મેઘદૂત વાંચ્યો હશે.

કવિવર કાલિદાસ મેઘવર્ણન પ્રસંગે કહે છે: વર્ષાઋતુ જેમનો ગર્ભાધાનકાલ છે, એવી બલાકા[1] માલારૂપે નભોવિહાર કરતી મેઘસંઘે શોભે છે.

મેઘ અને બલાકાના ગર્ભાધાનનો આ સંબંધ પ્રાણિશાસ્ત્રની દૃષ્ટિએ સંપૂર્ણ વૈજ્ઞાનિક સત્યવાળો છે.

ગર્ભાધાનનો કાળ એટલે (પશુ) પંખીઓના અપૂર્વ ઉત્સાહ અને જાગૃતિનો સમય. પ્રથમ સંવનનની ઉદ્દામવૃત્તિ; પછી માળા બાંધવાનો અવિરત પ્રયત્ન; છેવટે ઇંડાંના સેવનની અને પરિણત બચ્ચાંના ઉછેરની ચિંતા. આ દશામાં એને આહારોપાદાનની જેટલી ઓછી જંજાળ એટલું હિતાવહ. આથી સ્વાભાવિક રીતે જે સમયે અને જ્યાં એમના જીવનવ્યવહારનાં સાધનો અને સગવડની વિપુલતા, એ ઋતુમાં અને એ સ્થળે જ પંખીઓ સંતાનેપ્સા રાખે. કણભોજીને ચોમાસાનો અંત અને શિયાળો અત્યંત અનુકૂળ. એ વખતે પાકથી ખેતર લચી પડતાં હોય, એટલે એમને માળા છોડી આઘે જવાનું યે નહિ અને ભૂખે મરવાનું પણ નહિ.

બલાકા એ જળચર પંખી. વર્ષાકાળ આવે, પ્રચંડ મેઘગર્જનાથી મૂશળધાર વૃષ્ટિ થાય, નદી–નાળાં તળાવ બધાં ઉભરાઇ જતાં હોય, આખી સૃષ્ટિ જળમય બની હોય, અઢારે ભાર વનસ્પતિ જન્મ પામે, સાથેસાથે જળજ જંતુ અને જીવસૃષ્ટિની પણ વિપુલતા થાય. એવે વખતે બલાકા ગર્ભાધાન કરે. પ્રજનનની સુવિધા અર્થે જળાશયના કિનારે, વખતે પાણીની વચ્ચે ઝાડ પર માળા બાંધે, જેથી જન્મે ત્યારે અપંગ બચ્ચાંના પોષણ અર્થે આહારોપાદાનનો ભાર હળવો થાય.

આથી જ સૂક્ષ્મદર્શી કવિએ, વર્ષાગમને ગર્ભવતી બનેલી બલાકાને મેઘ સંગે નભોવિહાર કરતી ચીતરવાનું ઔચિત્ય દર્શાવ્યું છે.

પ્રકૃતિના આ અબાધ્ય નિયમને અનુસરીને જ સારસ, ઢોંકડાં, ફાટીચાંચ, બગલાં, ચમચા, કાંકણસાર વગેરે જળચર પંખીઓનો ગર્ભાધાન અને પ્રજનનનો કાળ વર્ષાઋતુ છે.

માદા સગર્ભા થાય એટલે એનું સ્વાભાવિક રૂપ પણ અપાર ખીલી ઊઠે. આની પ્રતીતિ પશુ પંખીઓમાં થાય છે. પણ ગર્ભાધાનકાળની નરમાદા ઉભયની ખીલી ઊઠતી મર્યાદાતીત સુંદરતા તો કેવળ બલાકા—બક જાતિમાં જ જોવામાં આવે છે. એ સમયે બગલાંની પીઠ, પૂછડી કે છાતી પર કલગી પેઠે લટકતાં, બેત્રણ કે પાંચસાત સુંદર અને મુલાયમ નવાં પીછાં ઊગે છે,—બધાંથી લાંબાં, નોખાં પડી જતાં. સ્વભાવે અસંસ્કૃત, અધમ ગણાતાં આ પંખી, આવા અપૂર્વ વિભૂષણને લીધે અન્ય પંખીઓ કરતાં વિશેષ ગૌરવ ભોગવે છે.

અને એમની આ સુંદરતા એમના વિનાશનું મૂળ બને છે. એ સંવનનનાં પીછાંની શોભા અને કોમળતાથી મોહ પામી, પશ્ચિમની વિલાસી પ્રજા બગલાંનો વિનાશ કરે છે,—એ પીછાં વડે ત્યાંની સ્ત્રીઓની ટોપી, ઝબ્બા વગેરે શણગારવા. એ પીછાં 'Osprey' નામથી ઓળખાય છે.[1]

બલાકા–બગલાં–બકજાતિનું અંગ્રેજી નામ Herons. એમાં કેટલાંક એકચર: કેટલાંક સમૂહચર.

૧ બલાકા=બગલાં, બકજાતિ.

૧ આ નામ સાચું નથી. Osprey એ તો મત્સ્યનાશન ગરુડ. એનાં સંવનન કાળનાં મૃદુ પીછાં જેવાં, બગલાનાં પીછાં હોવાથી, બંનેને ભૂલથી એક જ નામે ઓળખવામાં આવે છે.



ગયા અંકમાં (અમે) આ ચિત્રને ભૂલથી 'ફાટીચાંચ' તરીકે ઓળખાવ્યું હતું. વાસ્તવિકરીતે એ નાનું શ્વેત બગલું — લિટલ ઇગ્રેટ છે; ફાટીચાંચનું ચિત્ર સામે આપ્યું છે.



એકલાં ફરે એ Herons: ટોળે વળીને રહેનારાં Egrets કહેવાય. એનું સંસ્કૃત અભિધાન બિસકણ્ઠિકા, કમળના તંતુ જેવા શ્વેત અને સુકોમળ કંઠવાળાં પંખી. ખરેખર, ભારતવાસી સમગ્ર પંખીસમાજમાં સંપૂર્ણ શ્વેત દેહ વાળાં તો બે જ: બગલાં અને એમનો પીતરાઇ ચમચો. અજવાળી રાતે ચાંદનીમાં એમને આકાશમાં ઊડતાં જુઓ, એમના દૂધ જેવા નિર્મળ વાનની અદ્દભુત શોભા નીરખો. જાણે સ્વર્ગંગામાં તરતાં શ્વેત કમળ!

બગલાં છે તો ખૂબ જાણીતાં. પણ એમની જે વિવિધ જાતો આપણે ત્યાં સ્થાયી રહેનારી છે તેનો પરિચય બહુ જૂજ માણસોને હશે. તળાવકિનારે, ડાંગરની ક્યારીમાં, કૂવાના પાળિયા પર—જ્યાં પાણી ભરાતું હોય ત્યાં એકલું અટૂલું, જડ પેઠે આહારની આશામાં સ્થિર ઊભેલું ધૂળિયા રંગનું કાગડા જેવડું પંખી તે પણ બગલું અને નદીનાળાં, તળાવ, નહેર કે ખાડાખાબોચિયામાં, ખેતરમાં ફરતા હળની પૂંઠે કે ગાયભેંસ બળદના પગ વચ્ચે, અહીંનહીં ચપળતાથી ભમતાં, પાણી, કાદવ કે ખેડાતી જમીન કે ઘાસની વચ્ચે આહાર શોધતાં, લાંબી ડોક અને ટૂંકી ચાંચવાળાં શ્વેત પંખી પણ બગલાં. પહેલાં એકચર: બીજાં સમૂહચર. બંનેનો એક જ આહાર: જલજ પ્રાણી: કરચલા, દેડકાં, જીવાત વગેરે. એમના પગ લાંબા, ચાંચ ટૂંકી સીધી ભાલા જેવી અણીદાર. એક અપવાદ સિવાય બંને જાત દિવસના ગાળામાં ચરનારી.

એમને રાતે પણ ઊડતાં ફાવે. એમના ઊડવાની રીત બધાં પંખીથી જુદી તરેહની. પંખીઓ ઊડે ત્યારે પગ પેટ સાથે દબાવી, સંકેલી લઇને. સારસ, ઢોંકડાં વગેરેના પગ ઊડતી વખતે સંકોચ વિનાના, પૂંછડી પાછળ લાંબા સીધા કરેલા હોય છે. પણ બધાં યે પંખી ઊડતી વખતે ગરદન તો સીધી ટટ્ટાર રાખે: સારસ, ઢોંકડાં વગેરે અતિશય લાંબી ડોકવાળાં પણ. માત્ર બગલાં જ આખા પંખીસમાજમાં આડાં ચાલનારાં. ઊડે ત્યારે એમના પગ તો પાછળ લાંબા, પણ એમની લાંબી ગરદન બે ખભા વચ્ચે દબાવેલી, સંકોચી લીધેલી. નિરાંતે બેઠાં હોય ત્યારે પણ આમ ગરદન સંકોચી લઇને. જાણે ગરદન હોય જ નહિ ને માથું અને ચાંચ સીધાં છાતીમાંથી ઊગ્યાં ન હોય! એમના આવા ડોળને લીધે એ બેઠાં હોય કે ઊડતાં હોય, પણ ઝટ ઓળખાઇ જાય. પાતળી સુકોમળ ડોકના આવા આકુંચન અને પ્રસારણના ધર્મને લીધે જ સાહિત્યકારોએ એને બિસકણ્ઠિકા એવું યથાર્થ નામ આપ્યું છે.

આટલી મનોરમ જેમની જીવનકથા છે એવાં





ઉપર: રાત બગલાં—નાઇટ હૅરૉન. જમણી બાજુ- ઉપર: કાળી કાંકરોળી (બ્લૅક આઇબિસ) નીચે: ધોળી કાંકરોળી (વ્હાઇટ આઇબિસ)

બગલાંમાં કોણકોણ ગુજરાતી છે તે જોવાનું રહ્યું.

એકચર બગલાં

પહેલાં એકચર લઈએ. એનું કૌટુમ્બિક નામ Herons. ધૂળિયા રંગના જે બગલાનું વર્ણન ઉપર આપ્યું છે, જે આપણને બગલા નામે પરિચિત છે, તેનું અંગ્રેજી નામ Paddy bird કે Pond Heron.[૧] ગુજરાતનું સર્વવ્યાપક એકચર એ એકલું જ. એ બેઠું હોય ત્યારે તો જોવું યે ન ગમે; પણ ઊડે કે એનું આખું શરીર સ્વચ્છ ધવલરંગી દેખાય. એનાં મેલાં કપડાં હેઠે નિર્મળ શ્વેત દેહલતા છુપાએલી છે.

બીજું એક એકલવાયું બગલું તે Common કે Blue Heron.[૨] ગુજરાતમાં ઘણે સ્થળે દેખાય છે: પણ જૂજ સંખ્યામાં. દોઢ ગજ લાંબી, આછા આસમાની રંગની કાયા. માથા પર આછી સફેદ છાયા. છાતી અને પેટ ધોળા રંગનાં. માથા પર પાછળ કાળાં પીછાંની કલગી—છોગું. ચાંચ ઘેરી પીળી, પગ ઝાંખા લીલા રંગના.

૧ Ardeola grayi: વૈજ્ઞાનિક.

૨ શાસ્ત્રીય નામ Ardea Cinerea.

જેને જોવાનો આપણને ભાગ્યે જ પ્રસંગ આવે એવું એક એકચર રહ્યું. એનું નામ Night heron —રાત બગલું. રાતે જ આહાર અર્થે પરિભ્રમણ કરનારું. એનું માથું, ગરદન, પીઠ અને ખભા શ્યામરંગી. કપાળ, ગાલ છાતી અને પેટ શ્વેત રંગે. ગરદન પર ધોળા રંગના છોગા જેવાં ઝૂલતાં પીછાં. એના 'વાક્', 'વાક્' બોલ પરથી એને 'વાક' નામે પણ ઓળખે છે.


સમૂહચર બગલાં

પછી આવ્યાં સમૂહચર: એકલવાયાં નહિ પણ ટોળાં વળીને ફરનારાં બગલાં—Egrets. બધાં યે સંપૂર્ણ શુદ્ધ શ્વેત દેહપ્રભાવાળાં: એમની તોલે આવે એવાં કેવળ ચમચા—Spoonbills.

એમની ચાર જાત આપણે ત્યાં ઠેરઠેર નજરે પડે છે. બધાંયના આકાર અને રંગ સરખા. ભેદ માત્ર ઊંચાઇ પૂરતો અને ચાંચ તથા પગના રંગનો જ. નાનામાં નાનું કાગડા જેવડું: મોટામાં મોટું દોઢ ગજ લાંબું.

પહેલું Large Egret.[૧] મોટામાં મોટું આ જ. ચાંચ કાળી: ઊનાળે પીળી. પગ કાળા.

૧ Herodius toura.



ચમચો—સ્પૂન-બિલ

એનાથી નાનું Smaller Egret.[1] સંવનનના સમયે (ચોમાસામાં) ચાંચ કાળીઃ શિયાળા ઉનાળામાં પીળી. પગ કાળા. બે સવાબે ફૂટનું શરીર.

પછી આવે Little Egret.[2] ગજ લાંબા એના શરીરમાં ચાંચ બારે માસ કાળી જ રહે છે.

છેલ્લું રહ્યું Cattle Egret.[3] પગ કાળા, ચાંચ બારે માસ પીળી જ. કાગડા જેવડી દેહ. ઢોરઢાંખરની પાછળપાછળ ફરનારૂં: ઢોરનાં પગલાંથી ચમકીનેનાસતાં જીવડાં પકડવા મળે તેથી. ખેડાતા ખેતરમાં પણ કાબર અને ચાસની પડખે એ જીવડાં પકડતું દેખાય છે.

બધાં ય બગલાંમાં નર અને માદાનાં રૂપરંગ એકસરખાં હોય છે, તેથી છેટેથી જોતાં ઓળખાતાં નથી.

એકચર કે સમૂહચર—બધાં ય બગલાં ભેગાં થઇને માળા બાંધે. આવા માળા પચાસ સોથી પાંચસો સુધી એક જ સ્થળે, પાણી પાસે કે પાણી વચ્ચે, સો બસો ઝાડમાં પાસેપાસે બાંધેલા જોવામાં આવે છે. આવા જમાતખાતાને અંગ્રેજો Heronry કહે છે. એમના ભેગાં ઘોકડાં, કાટીચાંચ, ચમચા વગેરે માળા બાંધે છે અને પરસ્પર સહકારથી જીવનયાત્રા પૂરી કરે છે.

હવે બાકી રહ્યાં ચમચો અને કાંકરોળી.

ચમચો

'ચમચો' એ અંગ્રેજી Spoonbill[1] નામની દેશી આવૃત્તિ છે. દોઢ ગજનો દેહ. શરીરે સર્વાંગ શુભ્ર આ પંખીની વિશેષતા એની ચાંચઃ સાત આઠ આંગળ લાંબી પાતળી કાળા રંગની. એના છેડા તવેથાના ગોળ ચાડા જેવા આકારનાઃ જેને લીધે એનું નામ પડ્યું છે. પગ કાળા. ચોમાસું ઊતરતાં એ માળા બાંધે. સમૂહચર પંખી. ગુજરાતમાં સર્વત્ર દેખાય.

કાંકરોળી

કાંકરોળી કે કાંકણસાર—Ibis ત્રણ જાતનાં થાય છેઃ White Ibis,[2] Black Ibis[3] અને Glossy Ibis.[4] ત્રણેના આકાર સરખાઃ માત્ર રંગમાં ફેર. નાના કૂકડા જેવડી કાયા. પગ લાંબા. એમની વિચિત્ર ચાંચને લીધે ઝટ ઓળખાય; એ છ આંગળ લાંબી, દાતરડાની પેઠે વળેલી હોય છે. પાણીમાં કે કિનારે જીવડાં શોધતાં હોય. મૂગે મોંએ ફર્યા કરે.

શ્વેત કાંકણસારનું આખું શરીર સફેદઃ માત્ર બોડકું માથું અને પીંછાં વિનાની ગરદન; ચાંચ તથા પગ કાળા રંગનાં.

કૃષ્ણ કાંકણસાર આખા ડીલે કાળા રંગનું. પાંખમાં સફેદ પટો. પગ ચકચકિત લાલ રંગના. માથાના પાછલા ભાગ પર લાલ ગાંઠીઓ—માંસગ્રંથીઓ.

'ગ્લૉસી' કાંકણસારનો વાન ઘોડા જેવો લાલ. માથું પાંખો અને પૂછડી ઘેરાં તપખીરીઆં. ચાંચ મેલા લીલા રંગની. પગ ઘેરા લીલા.

ત્રણે જાત ગુજરાતમાં રહે છે. ધોળી કાંકરોળી સૌથી વધુ નજરે પડે છે. એને સમૂહમાં રહેવું ગમે. બાકીનાં બે એકલપેટાં. 'ગ્લૉસી' ક્યાંક જ દેખાય છે.

જળચર પંખી તો અનેક ભાતનાં, અનેક રૂપરંગનાં,

---

૧ Herodius intermedia.
૨ „ garzetta.
૩ Buphus coromandus.

૧ વૈજ્ઞાનિક આખ્યા Platalea leucorodia.
૨ Ibis melanocephala
૩ Inocotis papillosus
૪ Falcinellus igneus

વિવિધ સ્વભાવનાં. કોઇ ગુજરાતનાં જળાશયને હમેશાં શોભાવનારાં: તો કોઇનાં પગલાં ચોમાસામાં કે શિયાળામાં થાય. બધાંને દૂરથી ઓળખવાં અશક્ય છે. પણ જેમનો આપણને હમેશાં સહવાસ છે, જેમના જીવનના અવલોકનનો અપૂર્વ આનંદ વિના આયાસે માણી શકાય છે, એ આ વિવિધરંગી પંખીગણ: સારસ અને ઢોંકડાં: કાદીચાચ અને બગલાં: ચમચો તથા કાંકરોળી.

૯ને ૯૨

બુદ્ધનો શાન્તિપાઠ



રોહિણી નદીને પશ્ચિમ કાંઠે ભગવાન બુદ્ધના ભાયાત શાક્યલોકોનું કપિલવસ્તુ નગર હતું, તથા પૂર્વકાંઠે એના મોસાળપક્ષના કોલિય લોકોનું કોલિય નગર આવેલું હતું. શાક્યકોલિયે મળીને કપિલવસ્તુ ને કોલિયનગરની વચ્ચે રોહિણી નદી ઉપર આવરણ (બંધ) બાંધ્યું હતું, ને એમાંથી પાણી લઇને આ કાંઠે શાક્ય તથા ઓલે કાંઠે કોલિય ખેતી કરતા હતા.

એકવાર એવું બન્યું, કે પાણી ઓછું મળવાને કારણે મોલ કરમાવા મંડ્યા. એટલે બેય ગામના કામકરા દાસ ભેળા થયા. ત્યાં કોલિયનગરવાસીઓએ કહ્યું, 'આ પાણી બેય કાંઠે સિંચાશે તો તમને કે અમને કોઇને પૂરૂં નહિ પડે. એના કરતાં આ પાણી અમને જ દીઓ; કારણ અમારા મોલ હવે એક પાણીએ પાકી જાય એમ છે.'

શાક્યો કહે, 'વાહ વાહ. તમે તમારી કોઠી પૂરી ભરો, અને પછી અમે એક હાથમાં સોનું, નીલમણિ ને કાળા કાર્ષાપણ તથા બીજા હાથમાં કોથળા ને સૂંડલા લઇને તમારે બારણે તપ તપીએ એ કયા ગામનો ન્યાય? કાકા મટીને ભત્રીજા અમે શું કામ બનીએ? અમારા મોલ પણ એક પાણીએ પાકી જાય એમ છે, એટલે અમને જ પાણી આપો.'

'ના, નહિ આપીએ નહિ.' એમ કરતાં કરતાં વાત વધી પડી. એમાંથી એક જણે ઊઠીને બીજાને પ્રહાર કરી દીધો. એણે વળી બીજાને માર્યું. એમ મારામારી ને ગાળાગાળી ચાલી.

કોલિય કામકરા કહે, 'પોતાની ભગિનીનો સમાગમ કરવાવાળા કૂતરાશિયાળ જેવા તમારા શાક્યોના હાથીઘોડા ને અસ્ત્રશસ્ત્ર અમને શું કરી નાખશે?'

શાક્ય કામકરા કહે, 'કોલ (બોરડી)ના ઝાડ ઉપર વસનારા કોલિય શાખામૃગના હાથીઘોડા ને અસ્ત્રશસ્ત્ર અમને યે શું કરી નાખશે?'

કામકરાઓએ જઇને ક્ષેત્રપાળને ને ક્ષેત્રપાળે રાજકુળમાં વાત કરી, એટલે એક કોરથી શાક્ય ને બીજી કોરથી કોલિય રણસજ્જ થઇને નીકળી પડ્યા. આ સાંભળીને બુદ્ધ ત્યાં આવી ચડ્યા. શાક્યસિંહને જોઇને શાક્યોએ આયુધ છોડી દીધાં ને એને વંદન કર્યું.

ભગવાને કહ્યું, 'મહારાજ, આ શેનો ઝગડો છે?'

'ભગવન્, અમે નથી જાણતા.'

'તો કોણ જાણે છે?'

'સેનાપતિ જાણતા હશે, ગુરુદેવ.'

સેનાપતિને પૂછ્યું તો કહે, 'ઉપરાજ જાણતા હશે.'

ઉપરાજને ને પછી બીજાને ને ત્રીજાને પૂછતાં અંતે કામકરા દાસને પૂછ્યું, તો એણે કહ્યું, 'શાસ્તા' પાણીમાંથી આ વાદ ઊભો થયો છે.

બુદ્ધે પૂછ્યું, 'મહારાજ, પાણીનું મૂલ કેટલું?'

'અતિ અલ્પ, ભગવન્.'

'અને મહારાજ, ક્ષત્રિયનું મૂલ કેટલું?'

'ક્ષત્રિય તો અમૂલ્ય છે, ભગવન્.'

'તો પાણી સાટુ થઇને ક્ષત્રિયોનો નાશ કરવા તમે ઊભા થઈ ગયા એ તમને શોભે? હું અહીં ટાંકણે પહોંચ્યો ન હોત તો તમેઆજ લોહીની નદી વહેરાવત, એ કેવું અઘટિત કહેવાય? માણસના રક્તબિંદુ આગળ નવલખ મોતી પણ કાંઇ ગણત્રીમાં નહિ, ત્યાં પાણીની વાત જ કેવી?' *


દેસાઇ વાલજી ગોવિંદજી


* ધમ્મપદટ્ઠકથા ૧૫-૧ ઉપરથી

ફોટો-હરીફાઈનું પરિણામ

ગયા માસમાં એક પણ સારો ફોટોગ્રાફ આવ્યો ન હતો તેને મુકાબલે આ માસની હરીફાઈમાં આવેલા ફોટોગ્રાફો ઘણા ગુણયુક્ત છે; એટલું જ નહિ પણ છેલ્લા કેટલાક માસમાં આવો સંગ્રહ આવ્યો નથી.

મોટાં શહેરોમાં આવેલાં સંગ્રહાલયો (મ્યૂઝિયમો) અને બગીચા પક્ષી-ફોટોગ્રાફીનું મુખ્ય સ્થાનક બને છે. પક્ષી-ફોટોગ્રાફી માટે દૂર દૂર કુદરતમાં ભટકવાનું સાહસ તો ઘણાંને ગમે; પરંતુ સમય-સગવડને અભાવે જેમનાથી એ ન બને તેઓથી તેમજ સોંઘાઈથી, નિવાસસ્થાનથી દૂર આવેલા મોટા બગીચાઓમાં પ્રાણી-સંગ્રહોમાં વસાવેલાં પક્ષી-પ્રાણીની ફોટોગ્રાફી સહેલાઈથી થઈ શકે. ભાઈ જસવંત ઠક્કર (ભાવનગર)નું ફોટો-ચિત્ર 'મનામણાં' આ પ્રકારનું ચિત્ર છે અને આ મહીને તે પહેલું ઇનામ જીતે છે. તેનું નામ પણ સૂચક છે અને આકર્ષક ફોટો-ચિત્રના સર્જન માટે તેમને અભિનંદન ઘટે છે. ફોટોગ્રાફીની ટૅકનીક પણ ઠીક ગણાય. ફક્ત વિષય-સંયોજનની દૃષ્ટિએ નિહાળતા મુખ્ય પાત્રોની વચમાં બૅકગ્રાઉન્ડમાં આવેલું પક્ષી ફોટો-ચિત્રમાં ક્ષતિકર છે. પરંતુ હવે, નેગેટિવ થઈ ગયા પછી તો, સારો ઍન્લાર્જમેન્ટ કરી, કાળજીપૂર્વક બૅકગ્રાઉન્ડનાં એ બે પક્ષીનું Spotting (સ્પૉટિંગ) કરી લેવું એ જ ઉપાય છે. ભાઈ આર.આર. લાલન(મુંબાઇ)ને એમના ફોટોચિત્ર 'ત્ર્યંબક' માટે બીજું ઇનામ મળે છે. તળેટીમાં રમણીય વાતાવરણમાં વસેલા ત્ર્યંબક ગામ અને તેની આજુબાજુની ભૂમિનું સારું દૃશ્ય ચિત્રમાં રજૂ થાય છે. ચિત્રની ડાબી બાજુએ લેવાએલું ઝાડ ચિત્રનાં પાત્રોના માપનો ખ્યાલ ઉપજાવે છે અને આખું યે ચિત્ર સુરેખ ડિઝાઈન જેવું ભાસે





ઉપર - 'મનામણાં'—જસવંત ઠક્કર (ભાવનગર) પહેલું ઇનામ
નીચે - 'ત્ર્યંબક'—આર. આર લાલન (મુંબાઇ) બીજું ઇનામ



'ડોકિયું'–ત્ર્યંબક પટેલ (વાંકાનેર) ત્રીજું ઈનામ

છે, છતાં જો જમણી બાજુએથી દાખલ થતી ડાળીઓવાળું ઝાડ દૂર જઇ ચિત્રમાં સામેલ કર્યું હોત તો વધારે સારૂં બનત એમ જણાય છે. વાંકાનેરના ભાઇ ત્ર્યંબક પટેલનું ફોટો-ચિત્ર 'ડોકિયું' તમને પ્રિય એવી બાલ-ફોટોગ્રાફી-નો સારો નમૂનો છે. બાલક કોઇપણ ફોટોગ્રાફરને ચિત્રસર્જનનો પ્રિય વિષય બને છે. સવારના તડકામાં બારીએથી ડોકિયું કરતા બાળકના એ ચિત્રમાં સ્વાભાવિક કુતૂહલ ઊતર્યું છે.

ભાઇ નૃસિંહ અર્જુન પરમાર (મુંબાઇ)નું 'રથચક્ર', ભાઇ આર. આર. લાલન (મુંબાઇ)નું 'ગંગાત્રોધ' અને ભાઇ પ્રતાપરાય માંકડ (કરાચી)નું 'બંગલો' એ આ માસમાં સારાં નોંધપાત્ર ચિત્રો છે. નવીન દૃષ્ટિકોણથી લેવાએલા 'રથચક્ર'માં આકર્ષક અને ચિરસ્થાયી ચિત્રવસ્તુ નથી; તેમજ વર્તુલોનું સંયોજન પ્રિયકર અને વિશદ ન હોતાં કંઈક ગૂંચવણભરેલું લાગે છે. 'ગંગાત્રોધ' સવિશેષ નિરૂપણ માગે છે. 'બંગલો' ચિત્રમાં વિષયને પ્રધાનતા આપવા થોડી કાપકૂપની જરૂર છે.

બલવન્ત ભટ્ટ

મેંદીનાં પાન

ઘણીવારમૈત્રિ વધીને ગાઢ પ્રેમનું સ્વરૂપ પકડે છે, પણ પ્રેમ ઘટીને મૈત્રિ પર કદાચ જ આવે છે.

~

બે ઘડિયાળોને પણ એક સરખો વખત આપતાં નથી બનાવી શકાતાં ત્યારે ધર્મ જેવી નાજુક બાબતમાં બે માણસોને એક વિચારના તે ક્યાંથી બનાવી શકાય?

~

જ્યાં કાયદાનો અંત આવે છે ત્યાં જુલ્મની શરૂઆત થાય છે.

~

તમારા પર કોઇ પણ આપત્તિ આવે ત્યારે સૌ પહેલો વિચાર એ જ કરવાનો કે અગાઉ કેટલી આપત્તિઓમાંથી આપણે પસાર થયા છીએ?

~

પોતાથી ચડતી પંક્તિના માણસોને પોતાની પંક્તિએ ઉતારવા માણસો જેટલા ઇંતેજાર હોય છે એટલા પોતાથી ઉતરતી પંક્તિન માણસોને પોતાની પંક્તિએ ચડાવવા માટે નથી હોતા.

~


દરેક માણસને ચાહે તે વિચારો કરવાનો હક્ક બેશક છે, પણ એ વિચારો બીજાઓએ સ્વીકારવા જોઇએ એવું માનવાનો તો હક્ક નથી જ.

~

બીજાઓ ઉપર કાબૂ મેળવવા ઝંખતા રહી પોતા પરનો કાબૂ ઘટતો જવા દેવો એના જેવું અધઃપતન બીજું નથી.

~

જે જાણીજોઇ બુદ્ધિ ચલાવતો નથી તે આંધળો છે; જે બુદ્ધિ ચલાવી શકતો નથી તે મૂર્ખો છે; પણ જે તે ચલાવવાની હિંમત કરતો નથી તે ગુલામ છે.



ગ્રામોફોનની રેકૉર્ડ કેમ બને છે?

ઉપલે ડાબે ખૂણે ઊભેલો ગાનાર ગાવાનું શરૂ કરે છે એટલે તેનો અવાજ હવામાં આંદોલનો ઉપજાવે છે ને તેની સામે મુકાએલા માઈક્રોફોનમાં થઈ નીચે ઊતરતાં તે યંત્રના નાજુક ગળામાં ધ્રુજારી પેદા કરે છે જેની અસર યંત્રમાંના કાર્બનના વિદ્યુન્મય કણો પર થાય છે. તેને લીધે વીજળીનો પ્રવાહ સ્વરવિસ્તારક યંત્રમાં થઈને એ તારો મારફત ચુંબક જોડાએલા રેકૉર્ડિંગયંત્રના સ્ટાઈલસ વાળા હાથામાં દાખલ થાય છે. આથી એ હાથામાંની ફિરકડી ફરવા માંડે છે, અને તેની સાથે જોડાએલી સોય મીણની ફરતી રેકૉર્ડ પર અવાજના આંકા પાડતી જાય છે. ત્યાર બાદ નેગેટિવ બનાવવા માટે એ રેકૉર્ડને ત્રાંબા-પતરી કરનાર વીજળીક બાથમાં મૂકી એ નેગેટિવને રૂપાનો ઢોળ ચઢાવવા ફરી રૂપલજળમાં મૂકે છે. આમ મીણછાપ નેગેટિવ પરથી રૂપાની પાકી છાપ ઊતરે છે. આ પાકી છાપ ઉપરથી નીકલ પ્લેટિંગના હોજમાંથી નીકલનાં અનેક બીબાં ઉતારવામાં આવે છે. પછી ચિત્રમાં બતાવ્યા પ્રમાણેના પાંચ પદાર્થોમાંથી તૈયાર કરેલો રેકૉર્ડના માવાનો લોંદો પેલાં બીબાં સાથે દબાણ આપનાર યંત્રમાં મૂકે છે. દબાણ આવતાં જ એ લોંદો રેકૉર્ડનો આકાર પકડે છે ને બીબાં પરના અવાજના આંકા સંપૂર્ણતઃ તેના પર કોતરાઈ જાય છે. આમ તૈયાર થએલી રેકૉર્ડને યંત્રમાંથી કાઢી લઈ તેની ખરબચડી કિનારને સરાણ પર ઘસી નાખે છે એટલે લેબલ ચોડાયા બાદ વેચાવા માટે તે તૈયાર બને છે. ગ્રામોફોન પર તેને ચઢાવતાં સાઉન્ડબૉક્સમાંની ખીલી તેના આંકામાં બેસે છે ને જેમ તે ફરતી જાય છે તેમ એ ખીલી સ્વર-પડદામાં આંદોલનો પેદા કરતી જાય છે. સ્વરવાહક નળીમાં થઈ આ આંદોલનો વળતાં હવામાં સ્વરના પડછંદા પાડે છે જે તેના મૂળ સ્વરૂપમાં આપણા કાનમાં પ્રવેશે છે.

જીવનનું પરોઢ

૪ મારા દાદાજી

કરમચંદ બાપાના સમયમાં જ જૂનો જમાનો જઈ નવો શરૂ થઈ ગયો હતો. પછી તો એ ઘોડાવેગે બદલાવા લાગ્યો. વાણિયાના છોકરાઓ પોતાની આખી જુવાની ભણભણ કરે, દુનિયાનો અટપટો અનુભવ લઈ કાર્યદક્ષ થવાની આકાંક્ષા છોડી ઊંચા ભણતરની છાપ મેળવી મોટામોટા પગાર લેવાનાં સ્વપ્નાં સેવે એ પહેલાંના વખતમાં કોઈની કલ્પનામાં યે આવે એમ નહોતું. જૂનું ભણતર એટલે સહેજસાજ લખવું અને ઝપાટાબંધ રૂપિયા તથા આણુપાણુ અને મણુ ખાંડીના હિસાબો કરવા જેટલાં લેખાં બાળ વયે યાદ કરી લેવાં એટલું જ. મોટામોટા વિદ્વાન થવાના કોડ ભાગ્યે જ કોઈ વાણિયાને જાગે. એ ક્ષેત્ર જ બ્રાહ્મણનું મનાય. પરંતુ પેટ માટે ભણવું, મોટા કુટુંબના પાલનપોષણ અર્થે ભણવું એ આજની વૃત્તિ મારા દાદાના બાળપણ વખતે આપણા સમાજમાં જડ ઘાલવા લાગી હતી.

ત્રણચાર પેઢીથી ગાંધીકુટુંબના બધા જુવાનોને રાજ્યની નોકરી અને મુત્સદ્દીગીરીનો ચસ્કો લાગ્યો હતો. નોકરી ન મળે તો બીજું પણ થઈ શકે; નોકરી કરતાં સ્વતંત્ર ધંધામાં વધુ સાફલ્ય છે; જીવનયાત્રા અનેક રીતે થઈ શકે છે એ વાત વિસારે પડતી જતી હતી. બાપકાકાઓની નોકરી સાચવી રાખવામાં પોતાની પ્રતિષ્ઠા અને ક્ષેમ તેમને વધુ દેખાતાં હતાં. બીજી તરફ વંશપરંપરા નોકરી મળવાના દિવસો જઈ મોટી ડિગ્રી મેળવેલાઓને મોટી નોકરી જ્યાં ત્યાં મળવા લાગી હતી. બધી જાતના ગુણ છતાં ડિગ્રી વિનાનો માણસ નોકરી માટે નકામો લેખાવા લાગ્યો હતો. આથી કરમચંદ બાપાએ અગમચેતી વાપરી પોતાનાં તેમજ પોતાના સંરક્ષણ નીચે ઉછરતાં બાળકોને અંગ્રેજી ભણાવી રાજ્યની નોકરીને લાયક બનાવવાનો રવૈયો શરૂ કરી દીધો હતો. પણ આવા નવા ક્ષેત્રમાં બધાં બાળકોને રસ પડે અને તેઓ મહેનત ઉઠાવે એ અસંભવિત હતું.

હાઈસ્કૂલમાં પહોંચી એ ભણતર પૂરું કરનારા પહેલા મારા દાદાજી નીકળ્યા. ત્યારબાદ બાપુજી (મહાત્માજી). એ તો બૅરિસ્ટર પણ થયા.

મારા દાદાજીનું નામ ખુશાલચંદ ગાંધી. બાપુજીથી (મહાત્માજીથી) તેમને જુદા ઓળખવા માટે અમે તેમને મોટા બાપુજી કહીએ છીએ. બાપુજી કરતાં મોટા બાપુજી અઢાર વરસ મોટા. મોટા બાપુજી ચાર વરસના થયા ત્યારે તેમણે માતાનો ખોળો ખોયો અને ચૌદ વરસના થયા ત્યારે પિતા વિહોણા થયા. એમના પિતા જીવનબાપા કરમચંદબાપાથી મોટા. કરમચંદબાપા પોરબંદરમાં કારભારી હતા ત્યારે જીવનબાપા છાયાના મહાલકારી હતા. એક દિવસ સવારે દાતણ કરતાં જીવનબાપા ઊંચે ઓટલેથી અકસ્માત ગબડી પડ્યા ને ખોપરીમાં સખત ઘા પડ્યો. કબાકાકાને એ ખબર પહોંચ્યા કે દોડતે ઘોડે છાયા આવી જીવનબાપાને તેઓ પોરબંદર પોતાને ત્યાં લઈ ગયા. ખૂબ સારવાર કરી પણ જીવનબાપાનો એ ઘા જીવલેણ નીવડ્યો. એમના જતાં મારા દાદાનાં માતાપિતા કબાકાકા અને પૂતળીકાકી બન્યાં. તેમણે એમને એવી રીતે પાળ્યા પોષ્યા કે પોતાનાં માતાપિતાનો અભાવ મારા દાદાને ભાગ્યે જ વરતાયો.

બાપુજી અને તેમના બે મોટા ભાઈઓ કરતાં મોટા બાપુજી સારી પેઠે મોટા. પિતરાઈ ભાઈને મોટા માનતાં ઘણા અચકાય છે, પણ બાપુજી વગેરે ત્રણ ભાઈઓએ મારા દાદાજીનો મોટાભાઈ તરીકેનો પૂરેપૂરો મોભો જાળવેલો. તેમાં યે વડીલ પૂજક બાપુજીએ બચપણથી જ મોટાબાપુજીનાં પ્રેમ અને શ્રદ્ધા આકર્ષી લીધાં. કુટુંબમાં થોડુંઘણું અંગ્રેજી શિક્ષણ પામેલા પણ મોટા બાપુજી જ, એટલે બાપુજીને કાંઈ વાતો કે ચર્ચા કરવી હોય તો તેમની સાથે વધારે ફાવતું. મોટા બાપુજી પણ મોહનદાસની પ્રગતિ જેમજેમ જુએ તેમતેમ રાચે.

મોટા બાપુજીએ ભણી ઊતર્યા પછી તરત જ ધંધાની શોધ માંડી. પરણી તો ચૂક્યા જ હતા, એટલે પોતાનો બધો ભાર કબાકાકા કે બીજા મુરબ્બીઓ પર વધુ વખત રાખવો ઈષ્ટ ન હતો. સૌ પહેલાં તેમને રાજકોટ સ્ટેટના કોઈ ભાયાતના છોકરાઓને ભણાવવાનું કામ

મળ્યું. પણ ટ્યૂટરનું કામ કંઇ કાયમી ન ગણાય, એટલે કબાકાકા તેમને કોઇ સારી જગ્યાએ ગોઠવવાની તજવીજમાં હતા. એવામાં ફોજદારની જગ્યા ખાલી પડી. ઠાકોર બાવાજીરાજે તેમને પૂછયું, તમારા કુટુંબનો કોઈ જુવાનિયો ફોજદારી કરી શકે એમ છે? કબાકાકાએ તુરત મારા દાદાજીને તેડાવ્યા. તેઓ રાજકોટના ફોજદાર થયા. ફોજદારમાંથી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બન્યા. પછી મ્યુનિસિપલ ઇન્સ્પેકટર નીમાયા અને છેવટે ઑડિટરની નોકરી કરી. આખી નોકરીમાં પૂરેપૂરી શુદ્ધતા જાળવી. લાંચથી સો ગાઉ દૂર રહેવાનો કરમચંદ બાપાનો વારસો અક્ષરશઃ જાળવ્યો. પરિણામે આર્થિક સ્થિતિ કદી પણ સારી ન રહી; તેમ લાગલાગટ નોકરી ટકી રહી તેથી આર્થિક સંકટ પણ કદી માથે ન આવ્યું. ઘરના કારભારને અને જૂના રિવાજ મુજબ નાતના જરૂરી વ્યવહારને જેમતેમ પહોંચી વળી શક્યા.

વાણિયા દીવાનની નોકરી તો કરે, પણ ફોજદારી અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની નોકરી કરે એ સામાન્ય વાત ન ગણાય. પરંતુ ગાંધી કુટુંબમાં બેચાર જણે ક્ષત્રિયોને આટે એવી ફોજદારી કરી છે. બાપુજીના મોટા ભાઇ કરસનદાસ ગાંધી પોરબંદર સ્ટેટના સફળ ફોજદાર હતા. મોટાબાપુજીએ પણ રાજકોટમાં પોતાની હાક વગાડેલી. મારાં મોટીબા જ્યારે મોટાબાપુજીના જીવનના સાહસિક પ્રસંગોનાં વર્ણન કરે છે ત્યારે તેમના ચહેરા ઉપર તે દિવસની ચિંતાઓ આજે પણ તાજી થઇ આવતી જણાય છે. મોટા બાપુજી અને તેમની ઉમરના કુટુંબના બીજા સભ્યોની જુવાનીની સાહસકથા આજે સાંભળતાં ઘણી શરમ ઉપજે છે અને થાય છે કે ફક્ત પાંચ છ દાયકામાં જ આપણે આટલા બધા નમાલા કેમ થઇ ગયા હોઇશું? ગાઉના ગાઉ સુધી દોડતે ઘોડે જવું, ગોળીનાં અચૂક નિશાનો લગાવવાં, વધુમાં વધુ ઝડપે જનાર ઊંટિયા પર મજલો કાપવી, ઊંટિયાઓ અને ઘોડાઓ પર બેસી ઊંચી ને પહોળી ટટ્ટીઓ ઠેકવી એ તેમના જીવનનો રોજનો રસ હતો. મારા દાદા કરતાં પણ વધુ તેજસ્વી સાહસ કરવામાં ઘણા આગળ વધી જાય એવા જુવાનો અમારા કુટુંબમાં તે સમયે હતા. એની સરખામણીમાં આજે થોડા ગાઉ ગાડાની મુસાફરી કરવી પડે કે ખેતરોમાં અંધારે એકલા જવું પડે તો આપણે કેવા કમકમી અને કંટાળી ઊઠીએ છીએ એ વિચારતાં થઇ આવે છે કે આ યંત્રયુગે, શાળાના પુસ્તકિયા જીવને અને પરાયાના રક્ષણે સુખી રહેવાની આદતે આપણને કેટલા બધા નિષ્પ્રાણ કરી નાખ્યા છે!

ઠાકોર સાહેબ બાવાજીરાજ જતાં રાજકોટના રાજકારભારમાંથી ગાંધીકુટુંબનો પ્રભાવ સાવ ઓસરી ગયો હતો. મોટાબાપુજી જેવા એકલદોકલ ગાંધી રાજ્યની નોકરીમાં હતા તે નવા આવનારાઓને ખૂંચતું હતું. પરિણામે મોટાબાપુજીને પાકી ઉમર થયા પહેલાં જ નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા. પેન્શન પણ કાંઇ આપવામાં ન આવ્યું. ફક્ત છ માસનો પગાર વધારે અપાયો.

નોકરી છૂટી ત્યારે તેમનાં શક્તિ અને સ્વાસ્થ્ય બીજાં કામ કરવાને પૂરતાં સારાં હતાં, પણ દીકરાઓ મોટા થઇ ગએલા અને કામે લાગી ગએલા એટલે પોષણનો સવાલ ન હતો. આથી એમણે ધનસંગ્રહનો લોભ ન કરતાં નિવૃત્તિપરાયણ જીવન ગાળવા માંડયું. આજે એમની ઉમર લગભગ ૮૫ વરસની થઇ છે. છેલ્લાં ચાર છ વરસથી આંખ અને શ્રવણશક્તિ નબળાં પડયાં છે. તે પહેલાં તેઓ વીસ પચીસ વરસના જુવાન જેવી ધગશથી આખો દિવસ સ્વાધ્યાય કરતા. સંસ્કૃત અને ગુજરાતી ધર્મગ્રન્થોનું તેમનું વાચન અને મનન વિશાળ અને ઊંડાં છે. હજી પણ તેમને નવાનવા ગ્રન્થો વાંચવા, નવુંનવું તત્ત્વજ્ઞાન સમજવું અને શીખવું બહુ ગમે છે. મેં એકવાર કહ્યું, 'બાપુજી, હવે તો આપે આરામ લેવો જોઇએ.' તરત જવાબ વાળ્યો, 'બુઢાપામાં જ્ઞાનસંગ્રહ ઉપરાંત બીજું કયું કામ છે કે તેમાં હું વખત ગાળું? આજે મેળવેલું જ્ઞાન આવતે જન્મે કામ આવશે. નવા જન્મમાં બચપણથી જ બુદ્ધિ તેજસ્વી થશે. મેં જીવનમાં બીજો કંઇ સંગ્રહ નથી કર્યો. મારો વારસો આ ધર્મગ્રન્થો છે. હું આશા રાખું છું કે તમે આ વારસાનો પૂરેપૂરો ઉપયોગ કરો.' એમનું શરીર જરાથી સાવ ઘેરાઇ ગયું છે. ગાત્રેગાત્ર શિથિલ થઇ ગયાં છે પણ પરોઢે ઊઠી માળા લઈ જપ કરવા બેસે છે ને સ્થિરાસન થઇ સવાર સુધી ધ્યાનપરાયણ રહે છે. નહાઇધોઇ ફરી પાછા આઠ નવ વાગ્યે પૂજામાં બેસે તે ભોજન વેળા સુધી. પૂજા કર્યા પછી રોજ ગીતાના છ અધ્યાયનો પાઠ સખત માંદગીના દિવસો બાદ કરતાં આજ ત્રીસ ચાળીસ વરસથી અખંડપણે તેઓ કરે

છે. કામધંધાને લીધે ગમે તેટલું મોડું થાય પણ પૂજાપાઠ કર્યા વિના તેઓ કદી નથી જમતા. હું સમજણો થયો ત્યારથી ઘરને ખૂણેથી નીકળતા ગીતાના ઉચ્ચારનો ઘોષ મારા કાનમાં સતત પડતો જ રહ્યો છે અને મારા કાનોને સંસ્કૃત ભાષા ગુજરાતી જેવી જ પરિચિત થઇ રહી છે.

ધાર્મિક સ્વાધ્યાયથી જ મોટા બાપુજીએ સંતોષ વાળ્યો છે એમ નથી. બાપુજી (મહાત્માજી)ના ક્રાન્તિકારી જીવનનું બુદ્ધિપૂર્વક અનુશીલન તેમણે જીવનભર કર્યું છે. બાપુજીની જે જે વાત તેમને સમજાઇ, જેમાં એમને સત્ય દેખાયું તે તે વાત તેમણે ગ્રહણ કરી અને પાકી ઉમરે જીવનમાં જે જે પરિવર્તન તેમનાથી થઇ શક્યું તે કર્યું. પોતાથી જે પરિવર્તન ન થઇ શક્યું તે પોતાના પુત્રપૌત્રોને કરતા જોઇ રાચ્યા છે અને સતત આશીર્વાદ આપ્યા છે!


બાપુજી જ્યારે પહેલી વાર વિલાયત ગયા ત્યારે પોરબંદરની મોઢ જ્ઞાતિએ સખત વાંધો ઉઠાવેલો; છતાં નાતબહાર થવાનું જોખમ ખેડીને પણ મોટાબાપુજી બાપુજીને વળાવવા મુંબાઇ સુધી ગયા અને નાતબહાર થયા પણ ખરા. મારા ખ્યાલ પ્રમાણે પોરબંદરની નાતે તે દિવસે કરેલો બહિષ્કાર આજ લગી કાયમ છે. તે દિવસથી બાપુજીએ જેમ કહ્યું છે તેમ તેમણે કર્યું છે એમ કહેવાય. પોતે મોટા છતાં ઘરની વ્યવસ્થા બાપુજીને જ હાથે થવા દીધી છે. કમાવાને સમર્થ દીકરાઓ કમાઇકમાઇને પોતાને ધન ભેગું કરી આપે એવી આકાંક્ષા નથી રાખી, પણ હમેશાં સત્કાર્ય કરે એવી જ આકાંક્ષા સેવી છે અને પોતાની તરફથી બધી સગવડ આપી છે. તેઓ કેટલી ઉદાર વૃત્તિથી અમને સૌને ખીલવા દે છે તેનું એક જ ઉદાહરણ ઘણું થઇ રહેશે.

તેમની પાસે રહેવાને હું કેટલાક વખત માટે એક વાર રાજકોટ ગયો હતો, ત્યારે પરોઢિયે મારા નિયમ પ્રમાણે ઊઠી નહાઇધોઇ થોડું અધ્યયન કરીને આઠ વાગતાં હું ખાદી વણવાનું શીખવા હરિજનો પાસે જતો. ત્રણ કલાક તેમની સાથે બેસી કોકડાં ભરી કે તાણો પૂરી પાછો ઘેર આવતો ને હાથ ધોઇ જમવા બેસી જતો. મારાં દાદીમાને આમ ઢેડા ભેગા બેસી, તેમનાં પાણી ચૂંથી મારૂં સીધા જમવા બેસી જવું ન ગમતું. તેઓને મારા વર્તનથી રોજ અકળામણ થતી. પરંતુ હું તો ભંગીઓની શાળામાં ભણાવનારો, ભંગીના છોકરાઓને પોતાની સાથે રાખનારો, મને કહ્યે કંઇ વળે એમ નથી એમ તેમને લાગતું ને મનમાં જ પોતાના દુઃખને દબાવી દેતાં. છતાં એક દિવસ તેમને બહુ લાગી આવ્યું અને મને જમાડતાં જમાડતાં એટલી જ સૂચના કરી કે 'પ્રભુ, તું સવારે નાહીને જાય છે તે કરતાં આવીને નહાતો હોય તો ?' હું પોતાનો જવાબ તૈયાર કરી લઉં તે પહેલાં જ મોટા બાપુજીએ મોટીબાને જવાબ આપ્યો: 'મોહનદાસભાઇને પગલે આપણે ન ચાલી શકીએ તો યે છોકરાંઓને તો તેમને પગલે ચાલવા દઇએ. આપણે ખાસ ઘરેડમાં ઘડાઇ ગયા. આપણે સહેજે જૂની ટેવો નથી છોડી શકતા, પણ છોકરાંઓને આગળ વધતાં તો ન રોકીએ! તેઓ આડે રસ્તે જાય તો વાળીએ, પણ બાપુને માર્ગે જાય તેમાં તેમનું ને આપણું બધાંયનું કલ્યાણ જ છે.' જેમને રૂંવે રૂંવે અસ્પૃશ્ય ભાવના ખાંડીખાંડીને ભરાએલી હોય તેઓ આટલી માનસિક ઉદારતા બતાવે એ ઓછી વાત છે?

જ્યારે મોટાબાપુજી અને બાપુજી બે પાંચ વરસે એકબીજાને મળે છે ત્યારનું દૃશ્ય જોવા જેવું હોય છે. મને પોતાને તો તે એક સ્વર્ગીય દૃશ્ય દેખાયું છે. એ જોતાં રોમાંચ અનુભવ્યા છે. બાપુને પગે લાગતાં હજારો લાખોને ભાળ્યા છે, પરંતુ બાપુ કોઇનાં ચરણોમાં શીશ નમાવે એ દૃશ્ય ક્વચિત નજરે પડે છે. બાપુજી પોતાના આસન પર બેઠા કામ કરતા હોય, તેમને ખબર ન હોય કે ઓરડામાં મોટા બાપુજી આવ્યા છે, એવે સમયે મોટા બાપુજી દૂર ઊભા રહીને બાપુને નિહાળે અને હવેલીમાં જેમ દેવમૂર્તિને હાથ જોડે તેમ બાપુને આઘા ઊભા રહી હાથ જોડે. બાપુને ખબર પડે એટલે તેઓ ઊભા થઇ ઉતાવળે પગલે મોટાબાપુજી પાસે આવી ચરણોમાં માથું નમાવે. પછી બંને એક ગાદી ઉપર જઇને બેસે અને ઉભરાતે હૈયે એકબીજાના કુશળ પૂછે ને વાત કરે. ફરી જ્યારે મોટાબાપુજી બાપુના ઓરડા-માંથી કલાકે દોઢ કલાકે બહાર નીકળે ત્યારે પણ બાપુના બેઠા પછી અને તેમના કામમાં એકાગ્ર થયા પછી તેમને હાથ જોડે ને પાછા ફરે. મોટાભાઇ નાનાભાઈ પ્રત્યે આવી ભક્તિ અને શ્રદ્ધા સેવતા હોય એવાં ઉદાહરણ વિરલ હોય છે. સંધ્યાપૂજાને અંતે મોટાબાપુજીને કેટલી યે વાર બાપુજીના ફોટાને પ્રણામ કરતા પણ મેં ભાળ્યા છે અને એ દૃશ્ય વડે અખૂટ પ્રેરણા મેળવી છે.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

ધ્વનિ કાવ્ય વિભાગ



પ્રબોધ

· પૃથ્વી ·

રસે વહવી વિશ્વના રજત સ્વર્ણ ભંડારને
મિલાવી મધુમિશ્રણે અમૃતના જ ઈશે સૃજી
તને, મધુર ચંદ્રા! શીદ તુજ ધાર આ સીંચતી
કૃતઘ્ન જગ માટ જે અવગણી તને ઘોરતું?

અને ટમક તારલા, શિદ વૃથા તમે વેરતા
અનંત સ્મિત-રશ્મિઓ;પ્રકૃતિસર્વ-સત્ત્વો અરે
વૃથા વહવતાજ સિંધુ શીદ આત્મપીયૂષના?

અયે અનિલ શીતળા! ઘનવનો, ઉંડી ખીણુ ને
અનંત ઉદધિઉરો, ગગનગુંબજો, પૃથ્વિની
પરાગભર કુંજ કુંજ, મૃદુ ગંધ હૈયે ધરી
વૃથા વહવતો પ્રવાહ જગ માટ, જે સર્વદા
તું ભાવ અવમાનીને સદનદ્વાર ભીડે બધાં!

'ભલે અવગણે જગત્, આમ ઉરે કશો ભેદ ના;
કૃતજ્ઞ ઉર ને કૃતઘ્ન ઉર ભેદ એવા બધા
ઉરે ન ધરવા ઘટે સુજનને પથે વિશ્વના.'
મને જટિલને પ્રબોધક અમોલ ગાથા વદી
સમીર-લહરી મૃદુ અગમ પંથ ઊડી ગઈ.

પ્રહ્લાદ પાઠક

કૃપા—દયા

તારી અમીથી છલતી નિગાહમાં
કૃતાર્થના ઈશ અનુભવું અને
તેં પાઠવેલી પ્રભુ! પ્રેરણા બધી
આચારમાં યત્નથી મૂકવા ચહું.

રાચી તું મારા પુરુષાર્થથી મને
તારી કૃપાની પરમા પ્રસાદી
દિયે, તદા હર્ષ, તણા 'તિરેકે
નાચી ઉઠે અંતર મારૂં ડોલતું;

નિષ્ક્રિયતામાં મુજ હાથ જોડીને
બેસી પ્રમાદે રહું હું અઘોરી શો.

અને દુઃખો દર્દ બધાં વધે પછી
હું પાત્ર એને સમજી સહી લઉં;
કિન્તુ ન એ દર્દ દુઃખો બતાવીને
તારી દયા મેળવવા કદી ચહું.

યાચું એ માત્ર હૈયે, સકળ—સબળ વા દીનકેરી—નસોમાં
એવું ચૈતન્યકેરૂં જલદ રૂધિર તું એકધારૂં ભરી દે,
કે સર્વે પ્રાપ્ત કર્મો અવિરત કરીને મૂળ છેદે દયાનું
જેથી સૂકે તહારાં નયનનીર અને હાસ્ય સ્ફૂરે કૃપાનું.

'રસનિધિ'

નેત્રવિસર્જન

· વસંતતિલકા ·

આ કાચના કણુ સમાં નયનો વિશોપી
ઊજાળવા તિમિર આત્મઊંડાણુ કેરૂં
ને પ્રાણુની તરસ છીપવવા અમીથી—
એ બિલ્વમંગળ વીંધે નયનો અરે રે!

રત્નો સમાં ચમકતાં નયનોની રાચી
ફેંકે છ દૃષ્ટિ પૃથિવી-નભ છાઇ દેતી
ન્હાવા કરે નયન, આંતરરાગ માંહી—
દૂરે; રહે નિતરી મંગલ આ ઉષા ત્યાં.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

લખું

· હરિણી ·

કંઇ કંઇ લખ્યું ફાવ્યું તેવું છતાં મન ના ગમે,
લખી લખી અને પાછું જોતાં ગમે નહિ શબ્દ કો,
ફરી ફરી લીધાં બીજાં પાનાં, ફરી લખ્યું તો ય ના
નજર—હરતાં મોતી શા એ પડે નહિ અક્ષરો.
ઘડીક લખવા છોડી દીધું સુવું જઇ ખાટમાં
પણ ન પડતું ચેને ક્યાંયે ફરી કલમે લખું.

નજર મનથી દૂરે એવા અગાધ ઉંડાણુમાં
લલિત શબ્દો ઘાટીલા સૌ લખ્યા વિધિહાથના,
નજર મીંચીને કલ્પી શબ્દો લખું ફરી હોંસથી,
નહિ નહિ, પ્રભો! સૌન્દર્યે તું ઉતારી શકું નહિ.

શશિવદના યાજ્ઞિક

લાલો અને વાલો

બાળવિભાગની વાર્તા

કોઇ એક ગામમાં બે ઠગ રહેતા હતા. એકનું નામ લાલો ને બીજાનું નામ વાલો. બંને જણે વિચાર કર્યો કે હવે ગામમાં રહેવામાં કંઈ રસ નથી, માટે પરગામ જઈ ક્યાંક બુદ્ધિ અજમાવી જોવી.

બંને જણે બીજે દિવસે નીકળવાનું ઠરાવ્યું. લાલાની સ્ત્રીએ લાલાને બે લાડવા બાંધી આપ્યા. બંને લાડવા માટીના બનાવેલા હતા અને ઉપર ખાંડનું જાડું પડ કરેલું હતું. લાલો પોતાની સ્ત્રીની ચાલાકી જોઇને ખુશ થયો ને બોલ્યો, 'તું ખરેખર ઠગની સ્ત્રી છે.'

વાલાની સ્ત્રીએ વાલાને એક માટીના વાસણમાં ભાત ભરી આપ્યો. અંદર બધી રાખ હતી, ઉપર બે આંગળ ભાતનું પડ હતું. વાલો પણ પોતાની સ્ત્રીની ચાલાકી જોઇ ખુશ થયો.

બંને ઠગ વાતો કરતા કરતા ચાલ્યા. રસ્તે જતાં એક નદી આવી. નહાઇને નાસ્તોપાણી કરવાનો વિચાર કરી બંને જણ નહાવા પડ્યા. નહાતાં નહાતાં લાલો બોલ્યો, 'અરરર! મને તો અત્યારે ટાઢ ચડવા માંડી છે. ભૂખે ખૂબ લાગી છે, પણ હું ખાઇશ શું? મારી સ્ત્રીએ તો મને ખાંડના લાડવા બાંધી આપ્યા છે એ ખાઉં તો મરવા જ પડું ને?'

વાલો સમજ્યો કે એના લાડવા પડાવી લેવાનો ઠીક લાગ છે. તે બોલ્યો, 'દોસ્ત, એમાં ગભરાય છે શા સારુ? મારી બૈરીએ તાજા ભાતનું હાંલ્લું ભરી આપ્યું છે. તું ભાત ખાજે, હું લાડવા ખાઇશ.'

લાલો મનમાં તો ખુશ થયો કે માટીના ગોળાને બદલે તાજો ભાત મળશે; પણ દુઃખી થતો હોય તેમ બોલ્યો, 'અરેરે! મારી બૈરીએ કેટલા વહાલથી મને ખાંડના લાડવા કરી દીધા, પણ મારા નસીબમાં જ નહિ.'

નહાઇ ધોઇ બંને નાસ્તો કરવા બેઠા. લાલાએ વાલાને બે લાડવા આપ્યા, વાલાએ લાલાને ભાતનું હાંલ્લું આપ્યું. વાલાએ વિચાર કર્યો કે આવા સરસ લાડવા ભાંગીને ભૂકો કરી નાખી ખાવામાં કંઇ મજા નથી. એ આખા ને આખા જ રહે એમ ખાવા જોઇએ. એટલે એણે લાડવા ફેરવીફેરવી જીભ વડે ચાટવા માંડ્યા. ચાટતો જાય ને એનાં વખાણ કરતો જાય.

લાલાએ વિચાર કર્યો કે આવો સરસ ભાત અંદર હાથ નાખી ચોળી નાખવામાં મજા નથી. એ તો ઉપરઉપરથી સફાઇપૂર્વક ખાવો જોઇએ. તેથી તેણે પણ દાણોદાણો ભાત ઉપાડી ખાવા માંડ્યો.

થોડીક વાર થઇ ને વાલો છી છી છી કરી ઊઠ્યો. એ જ ઘડીએ લાલો પણ મોંમાં રાખ જવાથી થૂંકવા માંડ્યો. બંને ઠગ એકબીજાની સામે જોઇ રહ્યા. બંને એકબીજાની ચાલાકી સમજી ગયા હતા એટલે ખડખડાટ હસી પડ્યા.

બંને જણે આગળ ચાલવા માંડ્યું. જતાંજતાં એક ગામ આવ્યું. ગામની ભાગોળે એક ડોશી રહેતી હતી. આ બે હૃષ્ટપુષ્ટ યુવકોને જોઇ ડોશીએ પૂછ્યું, 'ક્યાં જવા ઠાકોર?'

'નોકરીએ.' બંને જણે જવાબ આપ્યો.

ડોશીએ પૂછ્યું, 'મારે ત્યાં રહેશો? પગાર મનગમતો આપીશ. અને કામ કંઇ ભારે નથી.'

બંને જણે વિચાર કર્યો કે ઠીક છે. અહીં રહીને કંઇ થઇ શકે તો જોવું. તેથી તેમણે હા પાડી.

ડોશીએ લાલાને કામ બતાવ્યું, 'જો ભાઇ, તારે સવારમાં વહેલા ઊઠી આ ગાય સીમમાં ચરાવવા જવાનું. એટલું તારું કામ. ગાય એવી ડાહી છે કે તું તારે નિરાંતે ઝાડ નીચે પડ્યોપડ્યો ઊંઘ્યા કરજે ને! પણ જો, ગાય ભૂખી રહેવી ન જોઇએ ને સાંજ પહેલાં અહીં આવી જવી જોઇએ' લાલો આ નોકરીથી ખુશ થયો.

પછી ડોશીએ વાલાને કહ્યું, 'તારે આ વાડીમાં ગલકાંને પાણી પાવાનું. કૂવા પર ડોલ ને દોરડું છે. કામ કાંઇ ભારે નથી; ચારપાંચ ડોલે પતી જશે. પણ વેલાના મૂળમાં પાણી ભરાએલું દેખાવું જોઇએ. વાલાને થયું, આ નોકરી મજાની.


ચાલો ચાલો



ચાલો ચાલો ચમક ચકલિયાં
ચાલો ગગનમાં જઈએ રે;
મગન ગગનમાં, ગગન મગનમાં
થઈને ગરૂડ રૂમઝુમીએ રે.



ચાલો ચાલો ઝગક મછલીઆં
ચાલો સાગરમાં જઈએ રે;
સાગર ગાગરમાં, ગાગર સાગરમાં
થઈને મગરમચ્છ ઝુગીએ રે.



ચાલો ચાલો ટમક દીવડીઆં
ચાલો આંકાશમાં જઈએ રે;
આંકાશી વાસમાં, વાસે આંકાશીમાં
થઈને સૂરજ ઝળહળિયે રે.



ચાલો ચાલો બચુક બચુડિયાં
ચાલો મોટાં થઈ જઈએ રે;
મોટાં જોટાં થઈ, જોટાં મોટાં થઈ
ધરતીના ખંડખંડ ખૂંદીએ રે.

સુન્દરમ

બીજે દિવસે સવારે લાલો ગાય લઈ સીમમાં ગયો ને વાલો કૂવે ગયો. બંને જણ મનમાં ખુશ થતા હતા.

વાલાએ એક ડોલ ખેંચી વેલાના મૂળમાં પાણી રેડ્યું. બીજી, ત્રીજી, ચોથી એમ દસ ડોલ પાણી રેડ્યું. પણ સેંકડો વર્ષોની તરસી ધરતી હોય તેમ પાણી પડ્યું તેવું શોષાઈ ગયું. વાલાએ થોડીક ડોલ વધારે ખેંચી, પણ પાણી તો દેખાય જ નહિ. બે વધારે, બે વધારે કરતાં તેણે સો ડોલ પાણી કાઢ્યું. પણ ધરતી તો તેવી ને તેવી કોરી કટ! વાલો થાકીને લોથ થઈ ગયો, પણ હમણાં ડોશી આવીને જોશે તો કામ કર્યું નથી એમ કહેશે એ બીકથી તેણે પાણી ખેંચ્યે જ રાખ્યું. સાંજ પડતાંપડતાં તો તેણે કેટલી યે ડોલ ખેંચી કાઢી, પણ નિષ્ફળ. વાત એમ હતી કે ડોશીએ ગલકાંના મૂળમાં નળ ગોઠવ્યા હતા અને એમાં થઈને પાણી બધું એણે રાખેલા એક બગીચામાં પહોંચતું હતું.

સાંજે ડોશી વાલાનું કામ જોવા આવી ને ગલકાનાં મૂળ તરફ જોઈ બોલી, 'હજી તો કંઈ જ કામ થયું નથી! હશે, પહેલો દિવસ છે એટલે આજે તો તું થાકી ગએલો દેખાય છે. પણ કાલે જરા વધારે કામ કરજે'.

વાલો મનમાં બબડ્યો, 'ઓ-ત્તારીની! કાલે વળી આના કરતાં જરા વધારે કામ કરવાનું!'

હવે લાલાની દશા જોઈએ. એને બહુ સહેલું કામ મળ્યું હતું એમ સમજી એ હરખથી ફાટફાટ થતો હતો. સીમમાં જઈ જેવી એણે ગાયને ચરવા છૂટી મૂકી કે એ છલંગો ભરતી જા...ય દોડી. જોતજોતાંમાં તો બેત્રણ ખેતરવા દોડી ગઈ. લાલાને થયું કે ગાય પર નજર તો રાખવી જોઈએ, નહિ તો ગાય ખોવાશે તો શો જવાબ દઈશ? તેથી તે ગાય ચરતી હતી ત્યાં જઈ ઊભો. ત્યાં તો ગાય ફરી ફાળો ફરતી ભાગી. વળી ત્રણચાર ખેતરવા દૂર જઈ ચરવા લાગી. લાલો ત્યાં ગયો. થોડી વાર થઈ ને વળી ગાય ભાગી. આમ સવારથી સાંજ સુધી ચાલ્યા જ કર્યું. લાલો ગાયને પકડવા જાય કે ગાય ભડકીને ભાગે. ગાયની પાછળ રખડીરખડીને લાલાનો દમ નીકળી ગયો. એના આખા શરીરે પરસેવાના રેલા વહેવા લાગ્યા. છેવટ મોડી સાંજે ગાય પકડાઈ ને લાલો ગાયને લઈ ઘેર આવ્યો.

વાલાએ લાલાને પૂછ્યું. 'કેમ આટલું બધું મોડું?'

લાલાને ખરી વાત છુપાવવી હતી તેથી તે બોલ્યો, 'સરસ કામ મળી ગયું છે, દોસ્ત! આખો દિવસ ઝાડ નીચે ઊંઘ્યાં જ કરવાનું અને ગાય પોતાની મેળે ચર્યાં કરે. જોને, ઊંઘમાં જરા મોડું થઈ ગયું તો યે ખબર ના રહી. ઠીક, પણ તારું કામ કેવું છે એ તો કહે.'

વાલો કહે, 'મારે યે લહેર છે. બે ડોલ પાણી કાઢ્યું ન કાઢ્યું ત્યાં તો ક્યારો ભરાઈ જાય છે. પછી નિરાંતે આરામ લીધા કરો.'

લાલો કહે, 'ત્યારે કાલનો દહાડો તારું કામ મને કરવા દે. એ યે અનુભવ તો જોઈએ.'

બંને જણે કામની અદલબદલ કરી. લાલાએ વાલાને



શિખામણ આપી કે આજે તો તું સાથે ખાટલો લેતો જજે કે નિરાંતે ઊંઘી શકાય. વાલો માથે ખાટલો મૂકી ગાયને દોરી સીમમાં ગયો. એક ઘટાદાર ઝાડ નીચે ખાટલો મૂકી ગાયને ચરવા છૂટી કરી ત્યાં તો ગાય કૂદકા લેતી એવી ભાગી કે નજર બહાર નીકળી ગઇ. વખતે ગાય ખોવાઇ જશે એ બીકે ઢાળેલો ખાટલો પાછો માથે ચડાવી લઇ વાલો ગાયની પાછળ દોડ્યો. પણ ગાય તો દોડાદોડ કરવા લાગી. પાકથી લચી પડતાં ઊભાં ખેતરોની વાડો તોડી અંદર ઘુસી જાય ને પાક કચડી નાખે. ખેતરવાળા મારવા દોડે કે દોટ મુકે. સવારથી સાંજ સુધી ખેતરવાળાઓની ગાળો ખાતો વાલો માથે ખાટલો લઇને દોડ્યા કર્યો. અંતે મહા મુસીબતે સાંજે ગાય પકડાઇ. વાલો તેને દોરીને ઘેર લાવ્યો ત્યારે અંધારૂં થઇ ગયું હતું.

લાલો પણ ઉપરાઉપરી ડોલ ખેંચતા ખેંચતાં થાક્યો હતો. એટલે સાંજે જ્યારે બંને દોસ્તો ભેગા થયા ત્યારે એકબીજાની હાલત સમજી જઈ ખડખડાટ હસી પડ્યા.

ગમે તેમ પણ હમણાં ડોશીની નોકરી છોડવી નહિ એવું તેમણે નક્કી કર્યું. એટલે ત્રીજે દિવસે વાલો કૂવે ગયો અને લાલો સીમમાં ગયો. વાલાએ માત્ર થોડીક ડોલો ખેંચી બેસી રહેવા માંડ્યું અને લાલાએ પણ ગાયને સીમમાં બાંધી મૂકવા માંડી.

ડોશી પણ હવે સમજી ગઇ કે આ બંને જણા ખરેખરા ઠગ છે. એક દહાડો તેણે બને જણને ઘરમાં બોલાવી કહ્યું, 'જુઓ, આ પેટીમાં મારી બધી દોલત છે. જે મારી સરસ નોકરી બજાવશે તેને હું આ બધું આપી જવાની છું. આમ કહી તેણે એક પેટી ઊઘાડી આખી પેટી સોનામહોરો ને ઘરેણાંથી ભરેલી હતી.

બંને ચોરોએ વિચાર કર્યો કે ડોશીનો વિશ્વાસ જીતવા માટે બંને જણે હવે કામ બરોબર કરવું અને પછી એક દિવસ થાપ મારી એ પેટી ઉપાડી જવી. બીજા દિવસથી ફરી ડોશીને પૂરતું કામ મળવા લાગ્યું.

વળી થોડાક દિવસ પછી ડોશીએ તેમને ઘરમાં બોલાવી કહ્યું, 'સગું-વહાલું, અંગનું-નજીકનું જે કહો તે બધું મારે તો તમે છો, એટલે તમને મારા મનની વાત કહું છું. જુઓ, આ પેટી મેં તે દહાડે તમને બતાવી હતી, એમાં મારૂં બધું ધન ભરેલું છે. અહીં ઘરમાં એ ચોરાઇ જવાની મને બીક લાગે છે તેથી મારે એ સંતાડી દેવું છે. વાડીમાં એક સૂકો કૂવો છે તેમાં આ પેટી મૂકી દેવાનો વિચાર છે. તમે મને એ કામમાં મદદ કરશો ?'

બંને મિત્રોએ હા પાડી. ત્રણેએ મળી પેટી ઊંચકી. એ ખૂબ વજનદાર હતી. કૂવા પર લઇ જઇ પેટી ખૂબ સાવધાનીથી કૂવામાં ઉતારી દેવામાં આવી. 'હાશ' કરી ડોશી ઘેર ગઇ. મિત્રો પોતાને કામે ગયા.

રાત્રે બંને જણે વિચાર કર્યો કે આપણે રાતોરાત એ પેટી કૂવામાંથી કાઢી લઇ ભાગી જવું. ગોઠવણ પ્રમાણે બંને જણ કૂવા પર પહોંચ્યા. લાલાએ દોરડું બાંધ્યું અને એ પકડી વાલો કૂવામાં ઊતર્યો. અંદર એને પેટી ઉઘાડી જોવાનું મન થયું. જુએ તો અંદર એકલા પથરા! ઓત્તારીની ' આ ડોશી તો માથાની મળી!

ખરી વાત એમ હતી કે આ ડોશીને આ બંને જણા પર વહેમ ગયો હતો તેથી તેણે ધન બધું ઘરમાં ગુપ્ત જગ્યાએ દાટી દીધું હતું અને પેટીમાં પથરા ભરી કૂવામાં ઊતારી હતી.

લાલાએ કૂવાને થાળે ઊભાંઊભાં વિચાર કર્યો કે વાલો દોરડું પેટીને બાંધે કે તરત જ એ ખેંચી લેવું ને વાલાને અંદર મરવા દેવો. એથી એ ઘડીએ ઘડીએ વાલાને પેટી દોરડા સાથે બાંધી દેવાનું કહ્યા કરતો હતો.

વાલાએ વિચાર કર્યો કે પેટીમાં પથરા ભરેલા છે એ વાત લાલાને કહું તો કદાચ એ માને કે ન માને. પણ મને તો એમાં ફાયદો નથી; કારણ કે લાલો પથરાની વાત માને તો દોરડું પડતું મૂકી ભાગી જાય ને મારે કૂવામાં મરવાનું થાય. જો એ મારી વાત ન માને તો પોતે અંદર ઊતરી આવે ને પરિણામે બહાર નીકળતી વેળા ઝગડો થયા વગર રહે નહિ અને એ મારા કરતાં જબરો હોવાથી મારે જ છેવટે સહન કરવું પડે. વળી જો હું બહાર નીકળવાની કંઈ યુક્તિ કર્યા વગર પેટીને દોરડું બાંધી દઇશ તો લાલો દોરડું એકદમ ખેંચી લઈ મને કૂવામાં મરવા છોડશે. એક પળમાં વાલાએ યુક્તિ શોધી કાઢી. પેટીમાંથી પથરા બધા કાઢી નાખી પેટીને દોરડું બાંધી એ પોતે

જ પેટીમાં બેસી ગયો અને પેટી ધીરેથી બંધ કરી દીધી. અંધારું હોવાથી લાલો કૂવામાં કંઈ જોઈ શકયો નહિ. દોરડું બંધાયું લાગતાં એણે હતું તેટલું બળ કરી તે ખેંચવા માંડ્યું. પેટીનું વજન ઘણું હતું તે જોઈ તે બોલ્યો, 'આજે તો જનમારાનું દળદર ગયું.'

પેટી બહાર આવતાં લાલાએ એકદમ તે પોતાને માથે ચડાવી લીધી અને ચાલવા માંડ્યું. એનો હરખ તો માતો નહોતો. માથે વજન ઘણું હતું, છતાં એણે દરકાર કરી નહિ. ત્રણચાર ગાઉ કપાયા પછી પેટીમાંથી વાલો બોલ્યો, 'લાલા, જરા ધીરે ધીરે ચાલ!'


લાલાએ વાલાનો સાદ ઓળખ્યો. તેણે આમતેમ જોયું. પણ વાલો તો ક્યાંય હતો નહિ. ભ્રમ થયો હશે એમ ધારી તેણે આગળ ચાલવા માંડ્યું. થોડેક દૂર જતાં એક ખાડામાં લાલાનો પગ પડતાં વાલાને પેટીમાં આંચકો લાગ્યો, એટલે વળી તે બોલ્યો, 'લાલા, જરા ધીરે ધીરે ચાલ ને, ભાઈ.'

લાલાને લાગ્યું કે અવાજ તો વાલાનો જ છે, અને મારો પીછો પકડી તે ખૂબ પાસે આવી પહોંચ્યો લાગે છે. પણ આમતેમ ફરીને જોતાં વાલો ક્યાંય જણાયો નહિ, તેથી તેને ખૂબ આશ્ચર્ય થયું.

વળી લાલો આગળ ચાલ્યો. વાલો પાસે આવી પહોંચ્યો છે એ બીકે હવે તેણે માથે ભાર જતાં દોડવા માંડ્યું. હવે વાલાથી ન રહેવાયું. એક ઉછાળો મારી પેટી ઉઘાડી નાખી, તે પેટીમાં બેઠો થઈ ગયો. સમતોલપણું જતાં પેટી માથેથી નીચે પડી. ફાટી આંખે જોઈ રહેલા લાલાની સામે વાલો હસતો હસતો ઊભો રહ્યો! બીજી જ પળે લાલો પણ પોતાની મૂર્ખાઈ જોઈ ખડખડ હસી પડ્યો. ડોશીએ બંનેને કેવા બનાવ્યા એ વાત વાલાએ લાલાને સમજાવી.

લાલો કહે, 'આપણે બંને સરખા અક્કલબાજ છીએ; માટે બંનેએ સાથે ધંધો કરવામાં માલ નથી. હવે આપણે છૂટા પડીએ.' વાલાએ એ વાત કબૂલ કરી. બંને મિત્રો એકબીજાને તાળી દઈ જુદેજુદે રસ્તે રવાના થઈ ગયા. પરદેશ જઈને તેઓ કંઈ કમાઈને આવ્યા કે કેમ તેની હજી મને ખબર પડી નથી.

(સૂચિત) **રમણલાલ સોની**



પેન્સિલવેનિયાનો ૨૧ વર્ષનો આ થિયોડોર મૅકિનાક કોઈપણ કોણ (angle)ના ફકત રૂલ અને કંપાસ વડે જ ત્રણ સરખા ભાગ કરી શકે છે. દુનિયાના મોટા ગણિતશાસ્ત્રીઓ પણ આ કાર્ય નહોતા કરી શકયા.

કહેવત કથન અને કવિતા

આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ

આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય.
પારકી આશ સદા નિરાશ
હૈયું બાળ્યા કરતાં હાથ બાળ્યા સારા. (એટલેકે બીજાને કામ સોંપીને પાછળથી નિરાશાને લીધે જીવ બળે તેના કરતાં પોતે મહેનત વેઠીને પણ જાતનું કામ જાતે જ કરવું સારું.)
હૈયાતોડ કરતાં હાથતોડ સારી.
જણનારીમાં જ જોર નહિ ત્યાં સુયાણી શું કરે?
ધણી ધારે તો બીજા પાર ઉતારે.
ધણી વિનાનાં ઢોર સૂનાં.

ધણી વિનાનું ઢોર
ન મળે ખીલો કે ન મળે દોર.

ધણી વિનાની વાડી
ને વેઠે પકડી ગાડી.

ધણી ન હોય પાસ
તો ખેડ ધનનો નાશ.

ચાકરનું રળ્યું ચાકર ખાય
ઘરનો ધણી પળ્યો જાય
ને જાતે રળે ત્યારે કોઠી ભરાય.

ખેતી પાંતી વિનતિ પૂંઠનકી ખંજવાર,
ઓતાં નહિ પર હથડે આપ કરનમેં સાર.
(પાંતી=સહીઆરો વેપાર, પૂંઠનકી ખંજવાર=વાંસાની ચેળ)



મધુકરી

સ્વભાવ

(શાર્દૂલ)

વર્ષાએ દઈ ગિષ્ઠ અંતર અને પ્રીતિથકી ભીંજવ્યો,
કલ્લોલિની તણા અખંડ સહવાસે નિત્ય આનંદતો;
મીઠાં સૌખ્યભર્યો સદૈવ સમીરે ઢોળ્યા કર્યો વીંઝણો,
તો યે એહ નિરાટકાથી જલધિ ખારો સ્વભાવે રહ્યો.

'જટિલ'

ગુજરાતના આચાર્યદેવ

* * * ગઈ કાલમાં જન્મેલા, આજમાં જીવતા ને આવતી કાલના ઘડતરમાં રાચતા ગુજરાતના આચાર્યદેવ શ્રી આનંદશંકર બા. ધ્રુવ, ગુજરાતના સંસ્કારોની યુક્ત પ્રાંતોને મળેલી એકની એક પ્રતિમૂર્તિ છે. બનારસ હિંદુ વિદ્યાપીઠના કુલપતિના પદથી નિવૃત્ત થઇને સત્તર વર્ષે સ્વગૃહે વળતા એ આચાર્યદેવ પાસેથી ગુજરાત ઘણી આશા રાખે છે.

આચાર્યદેવ આનંદશંકર ધ્રુવને ગુજરાતમાં સ્વાગત આપીએ છીએ સરસ્વતીની ઉપાસનામાં જેમણે જીવનની એકધારી અર્ધ-શતાબ્દી આપી, તેમને અમે તપસ્વી ગણીએ છીએ. એકધારી અને અચલ આરાધનાનાં જીવનવ્રત આજે દોહ્યલાં બન્યાં છે.

વીસેક વર્ષો પૂર્વેની વાત; અમદાવાદની ગુજરાત કૉલેજમાં સરકારી પ્રિન્સીપાલ રૉબર્ટસનનું શાસન હતું ગુજરાતી જુવાનોના તેજોવધમાં રાચનાર એ મેલું પાદરી-શાસન હતું. છતાંય ગુજરાતભરના તરૂણો અમદાવાદ પ્રત્યે શા જાદુથી ખેંચાતા?

કારણકે ત્યાં આનંદશંકરભાઈ હતા; એટલે કે સંસ્કૃત સાહિત્યની મર્મજ્ઞતા હતી; વેદ વેદાન્તની સંસ્કારભરી પંડિતાઇ હતી; કાવ્યો નાટકોમાંથી ટપકતી રસિકતા હતી. કહોને, કે એક માનવીદેહની અંદર શારદાની ખુદ વીણા જ મૂર્તિમતી બની વિચરતી હતી.

ગુજરાત મુંબાઇનાં બીજાં વિદ્યાલયો તે કાળે પોતાની જૂની વિભૂતિઓ ગુમાવી બેઠાં હતાં, કે ગુમાવી રહ્યાં હતાં. અધ્યાપકોની સૃષ્ટિ અત્યારે જે પતનના ગર્તમાં પડી ચુકી છે, તે ગર્તનો કાંઠો ત્યારે આવી ચૂકયો હતો. વૈતરાં, ખટપટો, તેજદ્વેષો ને દ્રવ્યલોભ તે વખતે શરૂ થયાં હતાં. ઠેરઠેરથી તરૂણો નાસતા, ને બોલતા, 'હાલો ગુજરાત કૉલેજે: ત્યાં પ્રો० આનંદશંકર ધ્રુવની પાસે: મઝા પડશે.'

મને યાદ છે: અમે સાઠ્નાવિહોણા વિદ્યાર્થીઓ એ 'આનંદશંકર ધ્રુવ'ના નામોચ્ચાર સામે મોં વકાસીને ભાવનગર જૂનાગઢમાં પડયા રહેતા. ને ગુજરાત કૉલેજ વિષેની કેટલી યે આખ્યાયિકાઓ અમારે કાને પહોંચતી: અમુક છોકરાને આનંદશંકરભાઇએ આ રીતે તેજોવધમાંથી ઉગારી લીધો. મૅટ્રિકની પરીક્ષાના શમીઆણામાં અમુક વિદ્યાર્થી હોલ્ડર ભૂલીને આવેલો, ને રૉબર્ટસન નિષ્ઠુર બનેલા, ત્યારે આનંદશંકરભાઇએ એવું કહેલું કે: 'Mr. Robertson, should the boy fail simply because he has no holder ?' એમ કહીને જ પોતે રૉબર્ટસનથી નહોતા ગંજાયા. એ રડતા વિદ્યાર્થીને પોતે હોલ્ડર આપ્યે જ રહ્યા હતા.

આવી આવી તો પાર ન આવે તેટલી ઘટનાઓ આનંદશંકરભાઇના નામના ભણકારા જગવતી કેટલાં ય હૃદયોમાં સંઘરાઈ રહી હશે. ને આનંદશંકરભાઇના આમોદપ્રમોદો, એમની રસવિવેચના, એમના વિશાલ ભાલને વણચૂકયે નિત્ય સોહવતો કંકુચાંદલો, એમનું સર્વ વિદ્યાર્થીઓને સુલભ એવું મંગલ ગૃહ-જીવન, એમની અકલંક અને આંતર સોહાગે મ્હેકતી ચિર-વિધુરતા, એમનો રસ ઝબોળ્યો વૈરાગ . . . કેટલાંક ગણાવીએ ? એ સર્વ હતાં એમનાં આચાર્ય લક્ષણો. કવિગુરૂ કાલિદાસ કેવો હશે ? મને તો કલ્પનામાં આનંદશંકરભાઇ રમવા માંડે છે.

માલવિયાજીએ હિંદુ વિદ્યાપીઠ સ્થાપી. એના પ્રખર કુલપતિ પંડિત આદિત્યનાથ ભટ્ટાચાર્યનું સ્થાન કાળે ખાલી કરાવ્યું. એ સ્થાનને શોભાવનારો કોઇ માલવિયાજીને શોધ્યો નહોતો જડતો.

એમણે મહાત્માજીને પુછાવ્યું: ગુજરાતે જણ્યો છે કોઇ ? ગાંધીજીએ ગુજરાતના આ એક શારદામણિની ભેટ કાશીને ધરી. આનંદશંકર ગુજરાતના મટી હિંદના બન્યા. સત્તર વર્ષ



એમણે કાશીની વિદ્યાપીઠને આપ્યાં. અધ્યાપક બની રહેવું એ તો વૈભવ હતો. એક મહાન વિદ્યાપીઠના વહીવટી નિર્ગાતા થવામાં કસોટી વસમી હતી. ને કાળાન્તરે ય જ્યારે કાશીની વિદ્યાપીઠ મોજુદ હશે, ત્યારે એના જીવંત વાતાવરણનાં રજકણો એક ગુજરાતીનું નામ ગુંજતાં રહેશે. બાકી તો ગુજરાત બહાર પરવડેલા ગુજરાતી કેટલા વીરલ? અન્ય પ્રાંતોનાં પ્રાંતાભિમાનોએ ગુજરાતીને ક્યાં ઊભવા દીધેલ છે.

સત્તર વર્ષે આચાર્ય ચિરનિવૃત્તિ ગાળવા સ્વગૃહે વળે છે. પણ ગુજરાત પ્રત્યેનો અનુરાગ એમને ઝંપવા કેમ દેશે? સીત્તેર વર્ષો સુધી કણે કણે ને ટીપે ટીપે પચાવેલું એમનું સાહિત્યજ્ઞાન શું મૌન જ સેવીને ચાલ્યું જશે? ગુજરાતની નવપાંગરતી શારદાવાડીનાં સૌ તરુઓ ઇતિહાસશોધનનાં, કવિતાનાં, ગદ્યનાં તે નિહાળી નિહાળી શું આનંદશંકરભાઇનો આત્મા થનગની નહિ ઊઠે? પોતે જે રસ જીવી જાણેલ છે તેને વર્તમાન ગુજરાતનાં નવપલ્લવતા જીવનક્યારામાં સીંચવા શબ્દારૂઢ નહિ બનાવે?

કંઈ નહિ; એમની ગુજરાત ખાતે હાજરી, એમની વિદ્વત્તાની વટ-છાયા એમની અલ્પભાષી, ચિરપ્રસન્ન અને ઉદાર જ્ઞાનગંભીરતા એ ય ગુજરાતને ચોક્ક્સ રંગે રંગ્યા કરશે.

(જન્મભૂમિ) —ઝવેરચંદ મેઘાણી

નાઇલનાં આંસુ

*** એક સિકંદર થઇ ગયો. મકદુનિયાથી સતલજ-કાંઠા સુધી કત્લેઆમ ચલાવી તેણે પોતાની વિજીગિષા શાંત કરી ને પ્લુટાર્કે તેને દેવપુત્ર ગણ્યો.

ને એક સીઝર થઇ ગયો. રોમથી દિગ્વિજય કરતો પોતાની ફોજને તે ટેમ્સના કાંઠા પર લાવ્યો ને ગિબને તેને જ્યોતિર્ધર ગણ્યો.

આજે એક મુસૉલિની જાગ્યો છે. જે ઇટલીએ ટ્રિપોલી લીધું, ઇરિટ્રિયા લીધું એ ઇટલીને હબસીનિયા પણ મેળવી આપી તારણહાર ગણાવાના તેને કોડ છે. ને તેણે તેમ કર્યું છે.

હિંદની ત્રિવેણીનાં ડુસકાં હજી શમ્યાં નથી; પીળી નદી યાંગટ્સી રડતી થઇ છે ને હજુ કૉંગો, નાઇજર કે ઝાંબેઝીનાં આંસુ નથી લુછાયાં ત્યાં નાઇલની આંખો રડતી બને છે.

હબસીનિયા ઉપર ઇટલીએ હુમલો કર્યો છે. એ હબસીનિયાની સારી યે પતનગાથા બાઇબલની સુવાર્તાના કોઇ કથાનક જેવી વિશદ ને પ્રવાહિત બાનીમાં આ નીચે વર્ણવેલી છે. જેટલી એ સરળ છે એટલી જ સચોટ ને સંવેદક છે.

ઇતિહાસમાં કથા છે કે રાજા સોલોમન અને રાણી શેબાને સંતાનની પ્રાપ્તિ થઇ. સંતાનનું નામ તેમણે મેનેલિક રાખ્યું.

દિવસ વીતતા ગયા ને મેનેલિક મોટો થયો. બાળ મટી તે કિશોર બન્યો. કિશોર મટીને તે યુવાન બન્યો. પિતા કરતાં પુત્ર સવાયો બન્યો.

ને બાવડાંને જોરે તેણે પોતાની શહેનશાહત સ્થાપી. આફ્રિકાના પૂર્વ કિનારાની એ શહેનશાહત તે હબસીનિયા.

ને સોલોમનનો વંશ વધતો ચાલ્યો, ને ઉત્તરોત્તર એકદા રાજાઓનો રાજા જુડાહનો વનરાજ, પ્રભુનો લાડકો એવો હેલસીલાસી હબસીનિયાનો શાહ બન્યો. એના એ પ્રદેશનો વિસ્તાર એક લાખ યોજનનો હતો.

આ પ્રદેશમાં અફાટ જળનો સાગર હતો. એના ભૂગર્ભમાં અનગળ તેલના ભંડાર હતા. એની ધરતીમાંથી સાકર શેરડી રબ્બરના રસ ઝરતા હતા.

એની એ સમૃદ્ધિ નીરખીને જગતના કોઇકોઇ મદોન્મત્ત સત્તાધારીઓની આંખમાં લાલસાની લાલી જાગી.

ને હબસીનિયાનાં અરિદળોએ એ પ્રદેશને પોતાનો કરવાના ઉપાયો શોધવા માંડ્યાં.

લુહારની કોડના ઘા દેતો એક માનવી પ્રાચીન રોમના સિંહાસનનો સત્તાધારી બન્યો તેનું નામ બેનીટો મુસૉલિની ને તેણે હેલસેલાસી સામે રાજપાટના ખેલ ખેલવા માંડ્યા.

તેણે સીઝરનાં સ્વપ્નાં પોતાનાં કરવા નિશ્ચય કર્યો. તેણે રોમની પ્રાચીન કીર્તિને પુનઃ ઉજ્જવળ બનાવવા નિશ્ચય કર્યો.

ને એણે પોતાનાં કારખાનાં શરૂ કર્યાં. એણે મનવારો સરજી ને તોપગોળા રચ્યા. એણે હવાઇ વિમાનો તથા માનવીને બાળીબાળીને મારે એવા ઝેરના બૉમ્બ બનાવ્યા. એણે મોતનો પેગામ આપતી માથા વિનાના ખવીસો જેવી ટેન્કો બનાવી ને માનવીને ચાળણીની જેમ વીંધે એવી બંદુકો સરજી. ને એણે લાખલાખના થોડા કાળા પ્રદેશને કિનારે ઉતાર્યા.

પણ બેનીટો એ મેકીયાવેલીનો પટ્ટશિષ્ય હતો. તેણે જગતની આંખમાં ધૂળ નાખવા પ્રયત્ન કર્યો. તેણે પોતાની પામર ને નીચ લાલસાને સોનેરી શબ્દોનો ઢોળ ચડાવ્યો તેણે પોતાની મોહક ને ઉદાત્ત ભાવનાને જગત પર વહેતી મૂકી.

તેણે દુનિયાનાં લોકોને જણાવ્યું કે હબસીનિયા અંધકારનો પ્રદેશ છે, દુષ્ટ લોકોનો પ્રદેશ છે ત્યાં માનવીને જીવતાં શેકીને ખાનારા માનવીઓ વસે છે, ત્યાં ગુલામો છે ને વેઠો છે. અજ્ઞાન છે ને વહેમ છે. ત્યાં જાદુ છે ને મંતર છે. એવા પ્રદેશને સંસ્કૃત બનાવવા તેણે ઇટલીના નવલોહિયા જુવાનોનું બલિદાન આપવા નક્કી કર્યું છે. અહો કેવી ઉત્કૃષ્ટ ભાવના!

ઉલ્વાલ નામના ગામડા પાસે થોડાક ગોળીબાર થયા ને

બેનીટોએ સેલાસીને પડકાર ફેંક્યો કે તારા સિપાહીઓએ અત્યાચાર કર્યો છે. ચાલ જવાબ આપ.

હેલસેલાસીએ પોતાના દોષનો ઇન્કાર કર્યો. બેનીટોને પડકાર આપ્યો. ને એના હબસીનિયાના ઉત્તર સરહદે ઇટલીની તોપો ગર્જી, એના વિમાનોના ઘરઘરાટ સંભળાયા ને વીસમી સદીના એક અસમાન યુદ્ધનો આરંભ થયો.

એ સમયે જગતમાં રાષ્ટ્રસંઘ નામની શ્વેત પતાકા ફરકાવતી, જગતમાં શાંતિનો ઉપદેશ કરતી એક મંડળી હતી. તેની રચના થઇ ત્યારે જગતના રાજ્યોએ તેને પોતાનો ટેકો આપવાના વચન આપ્યા હતા ને જગતમાંથી રણચંડીને સદાને માટે દૂર કરવાના શપથ લીધા હતા.

એવી એ સંસ્થાને હેલસેલાસીએ અરજ કરી કે તમારા કાયદાકાનૂનોનો ભંગ થાય છે, પૃથ્વીના પટ પર લૂટારૂએ પોતાના ઘોડા છુટા મૂક્યા છે. મદદ કરો. લૂટારૂને અટકાવો.

જ્યારે હેલસેલાસીએ બેનીટોને કહેરાવ્યું કે એકજ ખ્રિસ્ત પ્રભુના આપણે ભક્તો છીએ, તને આ ન શોભે; ત્યારે બેનીટોએ કહ્યું કે હેલસેલાસી તું યુદ્ધ વિષે સાંભળશે, યુદ્ધની અફવાઓ સાંભળશે પણ તું ચિંતા કરીશ નહિ કારણ કે આવી વસ્તુઓ અનિવાર્ય છે.

જ્યારે એડોવાની ધરતી પર હબસી વીરોનાં શબો ઢળતા હતા ત્યારે જેનાં હિત જોખમમાં હતા એવા રાજ્યોની ઇચ્છાથી રાષ્ટ્રસંઘે સળવળાટ કર્યો. તેણે બેનીટોને સવાલ પૂછ્યો, તેણે હેલસેલાસીનો જવાબ માગ્યો ને કમીટીઓ રચી ને કમીશનો નિમ્યાં. તેણે ઇતિહાસ ઉઘાડ્યો ને કાયદા તપાસ્યા તેણે શબ્દોના અર્થો જોયા ને વાક્યોનો ભાવ વાંચ્યો. તેણે ન્યાય ને નીતિસૂત્રો એક હાથે ભીંત પર ટાંગ્યાં ને બીજે હાથે ઇટલીને યુદ્ધનાં આયુધો વેચ્યા. ને તેણે મુખેથી યુદ્ધનો વિરોધ કર્યો ને દાર્યેથી બેનીટોને મદદ આપી.

એક બાજુ અર્ધ વસ્ત્ર પહેરેલા ને હાથમાં ભાલા ને તીરવાળા ઉઘાડપગા હબસી હતા, બીજી બાજુ લોખંડી બખતરોથી સજ્જીત હવાઇ વિમાનોથી રક્ષિત અગ્ન્યાસ્ત્રો છોડતા માનવ રાક્ષસો હતા એવા એ પક્ષો વચ્ચે કુરુક્ષેત્ર મંડાણું ને દિવસે દિવસે હબસીનો પ્રદેશ જવા લાગ્યો. શરીરને અડે તો ચામડી બાળે, દેહમાં જાય તો મૃત્યુ પમાડે. આંખને સ્પર્શે તો આંધળાં બનાવે એવાં ઝેરનાં વાયુ ખ્રિસ્તીનાં અનુયાયી સંસ્કૃતિનાં ધ્વજધારી ઇટલીએ નિરાધાર હબસીઓમાં ફેલાવ્યા

ને દરેક માનવીની કીમત હોય છે એવા વિખ્યાત રાજનીતિજ્ઞ ડિઝરાઇલીના સૂત્રને અનુસરીને બેનીટોએ સોનાનો પ્રવાહ હબસીના પ્રદેશમાં વહાવ્યો. પરિચારકો ને સરદારો, સેનાપતિઓ ને સગાંઓ, દેશદ્રોહી ને નિર્બળો એ બધાના ખીસ્સા ઇટલીના સોનૈયાથી તર થવા લાગ્યા. ને હેલસેલાસીને દગો દઈ એ બધાં માતૃભૂમિના વિરુદ્ધ પરદેશીઓની સાથે ભળ્યા.

હેલસેલાસીના પરમજ્ઞ મિત્રોએ એક યોજના ઘડી. જગતને ચોપડે એ યોજના હોર-લાવલ યોજનાના કાળા અક્ષરે લખાઇ છે પણ એ યોજના રચનારાના દ્રોહથી એના અનુયાયીઓ જ એવા આઘાત પામ્યા કે કલંકિત મુખે તેઓને છુપાઈ જવું પડયું.

ને હેલસેલાસીએ બેનીટોને કહેવરાવ્યું કે હું મૃત્યુ પામીશ પણ તારો ગુલામ રહીશ નહિ.

આ વખતે રાષ્ટ્રસંઘે જગતના દેશોને દશ આદેશો આપ્યા ને ઇટલીને નમાવવાનો ઢોંગ આદર્યો. દેશદેશે કાગળ પર કાયદા કર્યા, ને ન્યાય ને નીતિનો તેમનો ચાહ જાહેર કર્યો. જ્યારે વરસાદ બંધ થયો ત્યારે બેનીટોનાં ધાડાં આગળ ને આગળ વધ્યાં. સમુદ્રોનાં કિનારે જેમ રેતીનાં કણ ગણાય એમ રણમાં હણાએલાની સંખ્યા ગણાવા લાગી.

ને એકદા જગતની દૃષ્ટિ જોઇ રહી ને બેનીટોએ હબસીનિયાનો કબજો લીધો. હેલસેલાસીએ પોતાના શહેનશાહતનો ત્યાગ કર્યો. બેનીટોએ રાષ્ટ્રસંઘનો ઘાત કર્યો.

લૂટારૂએ હબસીનિયા ઓહિયાં કર્યું ને આસમાની નાઇલ સરિતા ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. (જન્મભૂમિ)

લખપતનો કિલ્લો

* * * એ 'ફતિયો' ભરવાડનો છોકરો હતો, પણ કાબેલ જમાદાર ડોસલવેણે તેની માટી પરખી, રાજકારણમાં પલોટયો અને પછી તો એણે ઘણું કર્યું ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ વખતે જ કચ્છમાં ક્રાન્તિ આણી રા' રાયધણને કેદ કરી તેણે બારભાયું (પ્રજાસત્તાક) રાજ્ય સ્થાપ્યું. જગવિખ્યાત નેપોલિયન અને દક્ષિણના સિંહ ટીપુ સુલતાન જોડે તેણે સંધિઓ કરી, ને જ્યારે માંડવીના વિકાસનો ગર્ભ પણ નહોતો બંધાયો ત્યારે ત્યારના કચ્છના એકના એક ખુશ્કી અને તરી પ્રવેશદ્વાર લખપત પર શિલોઁ કે બાર્સિલોનાની યાદ આપતી કિલ્લેબંદી ચણી જેનું આ બયાન છે. નેપોલિયન, ટીપુ ને ફતેહમહમદ ત્રણેનાં આદર્યાં અધૂરાં રહ્યાં, નહિતર એમની સંધિ હિંદના ઇતિહાસમાં શા શા ભાગ્યપલટા ન કરત?

રાતના લગભગ સાડાદસ વાગ્યા હતા. કચ્છના પ્રાચીન લડાયક કૌશલ્યની સાક્ષી પૂરતો, ફતેહમહમદ જમાદારના જીવતા સ્મારક સમો લખપતનો કિલ્લો જોવા જવાની અમે તૈયારી કરતા હતા.

ગામના ભાઇઓએ ચેતવણી આપી: ચિનાથી સંભાળજો: નાગના રાફડા પર પગ ન પડે તેનું ધ્યાન રાખજો: વીંછીની બહુ બીક છે, જરા જોઇને ચાલજો: પણ અમારે તો રાતે જ કિલ્લો જોઇ લેવો હતો કારણકે સવારે તો અમે લખપત છોડી જવાના હતા.

કિલ્લાની દિવાલ અમારો રસ્તો રોકીને કોમેની નજરે પડે તે પહેલાં અમે લખપત વિષે, તેના અજેય કિલ્લા વિષે, તે કિલ્લાના બાંધનાર વિષે ઘણું બધું સાંભળી-જાણી લીધું હતું. આજે ઉજ્જડ વેરાન જેવા દેખાતા આ લખપત ગામમાં

પહેલાં પચાસ હજાર માનવીની વસતી ઉભરાતી હતી તે સાંભળીને, કિલ્લામાં લડાઇ વખતે પાણીની તંગી ન પડે તે માટે ચારચાર તળાવો પાણીથી છલકાતાં અને અનાજ પકાવવા ખેતરો પણ કિલ્લામાં જ હતાં તે બધું સાંભળીને--ભૂતકાળની સાક્ષી પૂરતો આ કિલ્લો જોવાની અમારી ઉત્કંઠા વધી ગઇ હતી

આકાશમાં પ્રકાશતા પૂનમના ચંદ્રે લખપતને ઘેરીને ઊભેલી કિલ્લાની ઊંચી દિવાલ બતાવી. ચડતાં પગ થાકે અને ધારીને નીચેથી ઊંચે જોઇ રહેતાં આંખ થાકે એવી એ ઊંચી દિવાલ ઝંઝાવાતો સમા અનેક હુમલાઓ સામે ટક્કર ઝીલીને આજ સુધી અણનમ ઊભી રહેલી. એ દિવાલ જોઇને અમે સૌ જરી વાર થંભ્યા. ઉપર ચડતાં પહેલાં અમે ચારે તરફ નજર ફેરવી. ચંદ્રના ઉજળા પ્રકાશમાં અમે વસતી વગરનું લખપત જોયું. પડીને પાધર થઇ ગએલા મોટા મહાલયોનાં ખંડિયેરો ને ઠેબે આવતા પથ્થરો જોયા અને એક વિચાર આવી ગયો: આ દિવાલ શા માટે હજુ આમ ઊભી હશે? કોનું રક્ષણ કરવા એ હજુ ઊભી હશે? આજનું નિર્જન-નિર્વીર્ય લખપત એનું રક્ષણ ક્યાં માગે છે કે હજુ ઊભી છે? મરી ગએલા બાલપક્ષીને કાગડા-કૂતરાથી ચુંથાતું બચાવવા બેઠેલી કોઇ શોક નિમગ્ન માતાનું ચિત્ર મારી નજરે તર્યું અને એ જ વિચાર કરતો કરતો સૌની સાથે હું પણ આગળ ચાલ્યો જે પગથિયાંને જવાંમર્દોએ તેમના વજ્રદેહના ભારે દબાવ્યાં હશે તેના પર અમે સુકલકડી શરીરોવાળા ધીમે પગલે ચડ્યા અને ઉપર ઊભો ઊભો કુતિયો જમાદાર દરિયા પરથી આવતી સિંધી સેનાને નિહાળતો તેના ઘેરા-કર્કશ અવાજે ફરમાનો છોડતો હશે ત્યાં ચડીને અમે દૂર ચળકતા-ઉછળતા સાગરને જોયો. જે સાગરે ઉછળીકુછળીને આ કિલ્લા સાથે ધીંગામસ્તી કરી હતી એનો એ જ સાગર આજે ત્રણ માઇલ દૂર જઇને બેઠો છે. મને થયું કે આ મહાસાગરમાં પણ કલિએ પ્રવેશ કર્યો કે શું! કે ઉછળીને વાગતી મોજાંની અનેક થપાટો છતાં આ કિલ્લાને કાંઇ જ ઇજા ન થઇ તેથી હાર્યો-થાક્યો એ દૂર ગયો!

દરિયા પરથી નજર પાછી ખેંચીને મેં નીચે નજર કરી—તમ્મર આવે એટલી ઊંચાઈ! સિંધના આક્રમણ સામે કચ્છનો દરવાજો સાચવીને ઊભેલા આ કિલ્લાની પાછળ કેટલી જહેમત હશે! આ કિલ્લાએ કેટલી કુરબાની જોઇ હશે! વહાલા વતનને ખાતર ખતમ થઈ ગએલા અસંખ્ય બહાદરીયા માટે વહાણમાંથી કૂદીકૂદીને તેમની કાયાને કિલ્લા સાથે ઝીંકતા લાંબી ધોળી દાઢીવાળા તેમજ મૂછનો દોરો પણ ન ફૂટ્યો હોય તેવા સિંધના હજારો સુમરાઓ માટે આ કિલ્લાના એકેએક પથ્થરને જાણે કે કાંઇક કહેવું હોય છતાં કહેવાતું ન હોય એવી ભયાનક ગંભીરતા વચ્ચે હું આગળ ચાલ્યો.

હજુ પણ દરેક કોઠા પર મોટી જંગી તોપો પડી છે—એમાંની બેત્રણ તો નેપોલિયન બોનાપાર્ટ તરફથી 'જનરલ ફતેહમહમદ'ને ભેટ મળેલી છે—એ તોપો અમે જોઇ, તેના ઉપરનું લખાણ અમે જોયું અને આખા યુરોપને ધ્રુજાવનાર બોનાપાર્ટ પાસેથી ફ્રેન્ચ તોપો ભેટમાં મેળવનાર એ મરદ કુતિયા જમાદાર માટે માન થયું. એ જમાદાર તો ટીપુ સુલતાનનો પણ પ્યારો દોસ્ત હતો. એવા એ કુશળ સરદારે ચોજેલા આ કિલ્લા પર—જાણે કે કોઇ આસજનોની કબરો જોતો જોતો, તેમને સંભારતો સંભારતો, પૂર્વનાં મીઠાં સ્મરણોની યાદીથી દિલગીર થતો હું આગળ ચાલ્યો.

આખો કિલ્લો ફરીને રાતે એક વાગે અમે સૌ પાછા ફર્યા ત્યારે અમે બધા જ અવાક્ બની ગયા હતા, અમારૂં હસવું ઊડી ગયું હતું. ભૂતકાળમાં અજબ જાહોજલાલી ભોગવતું લખપત અને આજનું કંગાલ લખપત એ બંનેની સરખામણી કરતાં દિલ દાઝતું હતું.

ઉતારે આવીને અમે સૂઇ ગયા અને આખી રાત સ્વપ્નમાં મેં ફતેહમહમદ જમાદારને કિલ્લા પર ધૂમતો જોયો.

(નૂતનયુગ) —પ્રાણજીવન આચાર્ય

મૅટ્રિકમાં અર્ધમાગધી

મૅટ્રિક અને કૉલેજના વિદ્યાર્થીઓને સૌથી વધુ ગૂંચવતો જો કોઇ પ્રશ્ન હોય તો તે બીજી ભાષાની પસંદગી કરવાનો.

ચાલુ સાલથી મુંબાઇ યુનિવર્સિટીએ મૅટ્રિકના અભ્યાસક્રમમાં કેટલાક ફેરફાર કર્યા છે. તેમાં બીજી ભાષાને ફરજિયાત કરવામાં આવી છે. સંસ્કૃત, ફારસી, ફ્રેંચ વગેરે સાથે અર્ધમાગધીને પણ તેમાં સ્થાન આપવામાં આવ્યું છે.

આથી જે વિદ્યાર્થીઓને સંસ્કૃત મુશ્કેલ લાગતું હોય અથવા ન ગમતું હોય, તે અર્ધમાગધી લઇને મૅટ્રિકની પરીક્ષા આપી શકે છે. મૅટ્રિકમાં અર્ધમાગધી લઇ સફળ થનાર વિદ્યાર્થી કૉલેજમાં પણ એમ. એ. સુધી આ ભાષા ચાલુ રાખી શકે છે.

સંસ્કૃત અને અર્ધમાગધી બંનેની સરખામણીમાં અર્ધમાગધી વધારે સરળ છે એટલું જ નહિ, પણ કેટલાક વિદ્વાનોના અભિપ્રાય મુજબ વધુ પુરાણી હોઇ રસ ઉપજાવે તેવી છે. મુંબાઇ ઇલાકાની લગભગ દસ કૉલેજોમાં ઘણાં વર્ષોથી તે શીખવાય છે અને લગભગ ઘણા સ્થળે તે વિદ્યાર્થીઓને અનુકૂળ અને પ્રિય થઇ પડી છે. વળી ભૂતકાળના ભારત સાથે ખૂબ નિકટનો સંબંધ ધરાવતા બૌદ્ધ અને જૈન ધર્મના સમ્રાટ હર્ષવર્ધન અને સમુદ્રગુપ્તના, મહાન ચંદ્રગુપ્ત અને રાજરત્ન અશોકના સમયનો ભભકતો અપૂર્વ જ્ઞાનભંડાર આ ભાષામાં હોઇ, નવી નવી વસ્તુઓ એના જ્ઞાનભંડારમાંથી મળતી રહેવાથી દિવસે દિવસે વિદ્યાર્થીઓની જિજ્ઞાસા એ તરફ વધારે ને વધારે તીવ્ર થતી જાય છે.

ભારતની સંસ્કૃતિ અને જાહોજલાલીનો ભૂતકાળના પડદા પાછળ રહેલો સુવર્ણ કાળનો ઇતિહાસ, પ્રતિક્ષણે આ ભાષાના ગર્ભમાંથી પ્રાપ્ત થવાની વકી છે. વળી અપૂર્વ, અનુપમ અને આશ્ચર્ય પમાડનાર સંશોધનોનું ગૌરવ જેટલું સંસ્કૃત ભાષાને ઘટે છે તેટલું જ બલ્કે તેથી યે વિશેષ અર્ધમાગધી એ માટે

ગર્વ લઈ શકે એમ લગભગ બધા સંશોધકોનું માનવું છે. એટલે બૌદ્ધ અને જૈન સાહિત્યમાં રસ લેનાર, હિંદના ભૂતકાળનું ગૌરવ જોવાની ઇચ્છા રાખનાર, ભારતના એ સુવર્ણકાળની ઝાંખી કરવાની તમન્ના સેવનાર જૈન, બૌદ્ધ અને જૈનેતર વિદ્યાર્થીઓ આ મળેલી સુવર્ણ તકને અપનાવી લે.

(લોકવાણી) —નવનીતલાલ શાહ

પત્થર બનતો મનુષ્ય

*** ૧૩૮મા અંકની માધુકરીમાં આ જ વિષય પર એક નાનો ફકરો પ્રકટ થઇ ગયો છે આ અજબ જણાતા રોગનું નામ કૅલ્સિટૉટિસ, અને મહારાષ્ટ્રમાં એક બાલિકાને તે થએલો એ મટાડનાર વૈદ્ય આજ ૮૫ વર્ષની ઉંમરે પણ હયાત છે.

હમણાં હમણાં વર્તમાનપત્રોમાં આપણે પત્થર બનતી યુવતીની વાત વાંચી હતી. પણ ચિકાગોના વિશ્વમેળામાં તેવા, પત્થર બનતા મનુષ્યને નજરોનજર જોવાનું બની આવ્યું હતું તેનું નામ હેરિ. તે પોતાને 'પત્થર બનતો હેરિ' કહેવરાવે છે. તેના વિષે નીચેની હકીકત જાણવી ઉપયોગી થશે.

હેરિનો જન્મ કિલચરફીલ્ડ પરગણાના દુબોઇ ગામમાં ઈ.સ. ૧૮૬૬ના ડિસેમ્બરની ૨૫મી તારીખે થયો હતો. તેના વડવાઓ 'મે ફ્લાવર' વહાણમાં પેન્સિલ્વેનિયામાં પહેલવહેલા આવી વસ્યા હતા.

તેના પિતા કોલસાની ખાણમાં કામ કરતા. બાર વર્ષની ઉંમરે તેણે પિતાના કામમાં મદદ કરવી શરૂ કરી

૩૫ વર્ષની ઉંમરે કોલસાની ખાણમાં કામ કરતાં તેને અચાનક પીઠ પાછળનો ભાગ સખત થતો જણાયો. કંઇ પણ પીડા થતી ન હોવાથી તેણે તે બાબત પર પૂરતું લક્ષ આપ્યું નહિ પણ પછી તો શરીરના નીચેના અવયવોમાં તથા કોણીમાં તે સખ્તાઇ દેખાવા લાગી. સ્થાનિક ડાકટરો કોઈ પણ રીતે સહાયભૂત ન થતાં તે મોટા શહેરોમાં ગયો પણ ત્યાં પણ તેને કંઇ મદદ મળી શકી નહિ. યુનાઇટેડ સ્ટેટ્સ, કયુબા તથા કૅનેડાની મોટી ઇસ્પિતાલોમાં તે ફરી વળ્યો પણ સર્વત્ર નિરાશા પ્રાપ્ત થઈ. ડાકટરોએ કહ્યું કે હાડકાં કઠણ થતા જાય છે એટલે સાંધા,તથા હાડકાં ઘટ્ટ બનીને હાડકાંને પત્થર જેવા બનાવી દેશે.

છેલ્લા વીશ વર્ષથી તે પ્રદર્શનોમાં ફરે છે. જે જે સ્થળોએ તે જાય છે ત્યાંના તે ડાકટરોને તે બતાવે છે.

તેની છાતી જરાપણ વિશાળ નથી. પેટના ખાડામાંથી તે બોલી શકે છે. કોણી પછીથી હાથ જરાતરા ચાલે છે. નીચેનું જડબું, ગળું તથા પેટના સ્નાયુઓનો તે ઉપયોગ કરી શકે છે. પગના અંગુઠાને જરાતરા હલાવી શકે છે.

૩૫ વર્ષની ઉંમરે તે ૫ ફૂટ ૬ ઇંચ ઊંચો હતો અને તેનું વજન ૧૬૫ રતલ હતું. અત્યારે ૬૮ વર્ષની ઉંમરે તેનું વજન ૭૦ રતલ છે. જેમ જેમ હાડકાં કઠણ થતાં જાય છે તેમ તેમ માંસ સુકાતું જાય છે. અત્યારે તો હાડકાંને ઢાંકવા પૂરતું માંસ પણ તેનામાં ભાગ્યે જ રહ્યું છે. શરીરના ઉપલા ભાગના અવયવો કરતાં નીચેના ભાગના અવયવો વધારે કઠણ થઇ ગયા છે. તેની સંભાળ રાખવા તથા ખવરાવવા પીવરાવવા એક નર્સ તેની સાથે રહે છે અને તે લોકોને બધું કહી સંભળાવે છે. આ સ્થિતિમાં તેને કંઇ દુઃખ થતું નથી તથા તે કદિ માંદો પડયો નથી. કોઇવાર તે બહુ ખુશ દેખાય છે. ઘુંટણ તથા માથા પર તો તે ૬૫૦ રતલ વજનનો ભાર ખમી શકે છે!

—છોટાલાલ માનસિંગ કામદાર

પાશ્ચાત્ય કલમે લખાએલા ઇતિહાસગ્રંથો

*** ગ્રીસ અને રોમની જ ખુશામદ કરતા રહી, પૂર્વની સંસ્કૃતિઓ તરફ આંખમિચામણાં કરતા પાશ્ચાત્ય ઇતિહાસકારોએ આજ પણ ચાલુ રાખેલી એ નીતિ જોઈ નથી લાગતું કે એ કૂપમંડુકો કરતાં સર્વ સંસ્કૃતિઓનું વાજબી મૂલ્ય આંકતા આપણી નજરે લખાએલા ઇતિહાસગ્રંથોની વધુ જરૂર છે?

ઇતિહાસમાં રાષ્ટ્રીયત્વ કેટલી હદ સુધી આવવું જોઇએ તેનું કશું નિશ્ચિત ધોરણ હજુ સુધી નથી. દાખલા તરીકે વૉટર્લુના યુદ્ધને જ લો. વેલિંગ્ટને નેપોલિયનને હરાવ્યો હોવાની હદથી ઉપરાંત જાહેરાત અંગ્રેજ ઇતિહાસકારો કરી રહ્યા છે. જર્મન ઇતિહાસકારો એ યુદ્ધનો બધો યશ બ્લુચરને જ આપે છે. જ્યારે ફ્રેન્ચ ઇતિહાસકારો જણાવે છે કે નેપોલિયનની હાર એ આકસ્મિક પરિણામ જ હતું; બાકી તેને હરાવવાની પ્રતિભા કે પ્રજ્ઞા વેલિંગ્ટન કે બ્લુચર એકેમાં ન હતી. . . . .

પૂર્વની નજરે પૂર્વના લોકોએ પશ્ચિમના લખેલા ઘણા ઇતિહાસગ્રંથો છે જેમનું મૂલ્ય આજે બહુ ઓછું અંકાય છે; પણ જે રાષ્ટ્ર માટે એ લખાએલા છે તે જ્યારે પશ્ચિમના જેટલી જ મહત્તા પ્રાપ્ત કરશે ત્યારે હાલના ત્યાંના પ્રચલિત ઇતિહાસો કરતાં તેમની કીમત અનેકગણી અંકાશે.

પૂર્વનો ભવિષ્યનો ઇતિહાસકાર આજની પશ્ચિમની નજરે જ પશ્ચિમનો ઇતિહાસ લખવા માંડે એ અસંભવિત છે પૂર્વની સંસ્કૃતિઓનો સ્રોત ગ્રીસ ન હોઇ આજના પશ્ચિમના ઇતિહાસકારો જેમ તે ગ્રીસને જુસ્સાભર્યા અભિમાનથી ને ખુશામદના શબ્દોમાં નહિ ચીતરે. સંસ્કૃતિઓની માતામહી સમી પૂર્વની આદ્ય સંસ્કૃતિના એક અંગ તરીકે એ એની બેશક ગણના કરશે

રોમનો ઇતિહાસ પણ પશ્ચિમના ઇતિહાસકારોએ જૂઠો ઓપ ચડાવીને જ રજુ કર્યો છે. તેમના લશ્કરી પ્રભાવને તો મહાકાય અને અજોડ જ ચીતરવામાં આવ્યો છે! જ્યારે ખરી રીતે તો તેમનું સામ્રાજ્ય થોડી સદીઓ પછી આરબોએ હાથ કરેલા સામ્રાજ્યથી યે નાનું હતું. વળી તેના એટલા મોટા અમલ દરમ્યાન પણ લશ્કરી તાલીમની કુશળતા છતાં એકાદ જંઘીસખાન કે તૈમુરલંગ પેદા કરવાની તાકાત તેનામાં નહોતી આવી.

આસીરિયનો જેટલા જ રોગનો પણ નગાલા હોવા છતાં આસીરિયનોનું નમાલાપણું વર્ણવતી વખતે પાશ્ચાત્ય ઇતિહાસ-

કારોને તેમનું એ નમાલાપણું નથી જણાયું. રોમન લોકો એટલા તો ગુલામવૃત્તિના હતા કે એક પછી એક આવ્યે જતા તુમાખી શાસકોના જુલ્મો મૂંગે મોઢે સહન કર્યા સિવાય બીજો ઉપાય તેમણે જોયો નહતો. સ્વાતંત્ર્યને ઝંખતી પ્રજા તરીકે પાશ્ચાત્ય ઇતિહાસકારોએ છાપરે ચડાવેલી આ રોમન પ્રજા!

રોમને છોડી ખ્રિસ્તી યુરોપ લઇએ. એક પ્રભાવી અને અનુપમ રાજા તરીકે ચીતરાએલો શાર્લમેન ચૌદમા લુઇ કરતાં યે બદતર સ્વાર્થી અને શાહીવાદી હતો. રોમન કૅથોલિક દેવળના હાથ નીચે ચાલેલી દરેક હીલચાલ ત્યાંના ઇતિહાસકારોએ યુરોપની ઉન્નતિને મદદ કરનારી જણાવે છે જ્યારે સાચેસાચ તો એ માનવતાને પણ લજાવનારી હતી. ગ્રીકોએ ઈરાનીઓ સામે જેવી વેરવૃત્તિ રાખી હતી એવી જ વેરવૃત્તિ યુરોપીઅનોએ ઇસ્લામીઓ સામે રાખેલી તેનું કારણ એ ન હતું કે સ્પેનના આરબો ઓછા સુધરેલા હતા. વાતવાતમાં માણસોને ફાંસીએ ચડાવતા ને બાળી દેતા ખ્રિસ્તીઓ કરતાં તેઓ વધુ સુધરેલા હતા; છતાં તેઓ તિરસ્કૃત એટલા જ વાસ્તે કે તેઓ પૌર્વાત્ય હતા!

ટુર્સ ખાતે મુસલમાનોના પરાજયથી અતિહદે હર્ષિત થતા યુરોપીઅનોને જોઈ કોઇ પણ નિષ્પક્ષ વ્યક્તિ કહી શકે કે એમના વિજય કરતાં બહેતર હતું કે આરબો જીત્યા હોત! આરબોની સંસ્કૃતિની બક્ષીસ આ યુરોપીઅનોની સંસ્કૃતિની બક્ષીસ કરતાં જગતને વધુ લાભદાયી થઇ પડી હોત!

પાશ્ચાત્ય ઇતિહાસકારો માનવતાની પ્રગતિમાં રસ લઈ રહ્યા હોવાનો દાવો કરે છે પણ સાચી વાત એ છે કે પોતાના વર્તુલની અંદરની જ પ્રગતિથી તેઓ રાચે છે. પરંતુ ભવિષ્યનો પૌર્વાત્ય ઇતિહાસકાર તો કૂપમંડક જેવી તેમના જેવી વૃત્તિથી પર હોઇ જગતની વિસરાએલી સંસ્કૃતિઓને તેના સાચા જ સ્વરૂપમાં રજુ કરશે.

(ધિ રિવ્યુ ઑફ રિવ્યુઝ) —વી. બી. મહેતા

કુંભનાથ અને સુખનાથ

ભાવનગર રાજ્યમાં આવેલા રાજુલા ગામની પશ્ચિમેથી રાજુલાને વીંટળાતી ડુંગરોની હારોની બીજી તરફની ખીણોમાં, ધાણો નદીને તીરે શંકરનાં આ બંને પુરાણાં મંદિરો આવેલાં છે.

સુખનાથથી કુંભનાથ જરા દૂર છે, પણ એકંદરે તે બંને રાજુલાથી અરધા માઇલને અંતરે છે.

ડુંગરોની હારો ઉપરથી ત્યાંનું દૃશ્ય આનંદ પમાડે તેવું છે. ટેકરીના ઉજ્જડ ઢાળ ઉપર આવેલું તેની ઉજ્જડ કદરૂપતા ઢાંકતું મંદિર, વખતેવખતે કોઇકોઈ માણસોના આવજાવથી ભરેલી સડક, સડકની બાજુની આંખને ઠારતી લીલીછમ ઝાડીઓ, અને તેની પછી રેતીના વિશાળ સફેદ પટ પરથી વહી જતી નાનીશી ધાણો નદી, એ સર્વ આપણને કુદરતની કૃતિનો થોડે અંશે પણ ખ્યાલ આપે છે.

લોકવાયકા પ્રમાણે સુખનાથ એ સ્થાપિત અને કુંભનાથ એ સ્વયંભૂ પ્રગટેલા મહાદેવ છે.

સુખનાથ વિષે ખાસ કાંઇ દંતકથા તો નથી, પણ લગભગ સોએક વર્ષ પહેલાં એક બાવાએ તેની સ્થાપના કરી હતી અને મહાદેવથી થતી ઉપજ ઉપર તે પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેને સ્થાપન કર્યાને લગભગ દસ વર્ષ વીત્યા બાદ એક શ્રદ્ધાળુ વણિકે તેના ઉપર એક નાનુંશું મંદિર બંધાવી આપ્યું અને આજે નેવું વર્ષથી એ મંદિર થોડીઘણી કાળની અસર થયા સિવાય કાંઇપણ ફેરફાર વગર એમ ને એમ ઊભું છે.

પણ કુંભનાથ વિષે એક દંતકથા છે ખરી. આપણાં પુરાણાં બધાં ધર્મસ્થાનોનો સંબંધ પાંડવકૌરવોની સાથે જોડાએલો તો હોવો જ જોઇએ! તેમ આને પણ છે. જ્યારે પાંડવો કૌરવો સાથે જુગારમાં હાર્યા અને તેઓએ શરત પ્રમાણે બાર વરસનો વનવાસ લીધો, ત્યારે તેઓ પર્યટન કરતા કરતા અહીં આવ્યા હતા. કુંતાજી (પાંડવોનાં માતા)ને એવો નિયમ હતો કે શંકરનાં દર્શન કરીને જ જમવું. પણ અહીં ક્યાંય શંકરનાં દર્શન ન થયાં, તેથી તેમને ત્રણ દિવસના ઉપવાસ થયા. આ વખતે ભીમને એક યુક્તિ સૂઝી આવી, અને તે નજીકના ગામમાંથી એક નાનો માટીનો કુંભ (ઘડો) લઇ આવ્યો, તેને એક સ્થળે લઇ જઈ ઊંધો વાળી તેના ઉપર ફૂલો ચડાવી તેને શંકરના લિંગ જેવો બનાવી દીધો અને તેણે કુંતાજીને આ કુંભનાં દર્શન કરાવી ભોજન લેવડાવ્યું. ભોજન લઈ રહ્યા પછી ભીમે હસતાંહસતાં કુંતાજીને કહ્યું, 'માતાજી, જરા જુઓ તો ખરાં કે તમે કોને શંકર માનીને દર્શન કર્યાં?' અને જેવો તે કુંભ ઊંચો કરીને જુએ છે તો અંદરથી સાચેસાચ શંકરનું લિંગ નીકળ્યું.

કુંભમાંથી લિંગ નીકળવાથી કાળે જતાં તે કુંભનાથ તરીકે ઓળખાયા. દર વર્ષે આ લિંગ કદમાં જરા જરા વધ્યે જાય છે એવી બીજી પણ લોકવાયકા છે, અને તેના કારણ તરીકે અમુકઅમુક વર્ષે તે લિંગના નાગનું વધારવું પડતું કદ જણાવાય છે.

પણ આ તો દંતકથા છે. અત્યારે હસ્તી ધરાવતી તે ભૂમિ સમુદ્રના ઉદરમાં પણ કદાચ હોય.

અત્યારે સમુદ્ર અહીંથી લગભગ પાંચ માઈલના અંતર ઉપર છે. —રમણીક ન. શાહ

ઉત્તરનો ઉત્તર

પ્રો. નરસિંહમના પરીક્ષાપ્રશ્નોના જવાબમાં એક વિદ્યાર્થીએ બધો વખત નિરાંતે પહેલા જ કાગળ પર પોતાનું, કૉલેજનું અને પ્રશ્નપત્રનું મથાળું ખૂબ ચીપીને લખવામાં જ બધો વખત કાઢ્યો અને બાકીના કાગળો કોરા રાખ્યા. પ્રોફેસર પણ ખરા વિનોદી એટલે તેની થોકડી પર એક બીજો કોરો કાગળ ચોડી તે ઉપર જરા વધારે ફુરસદ વાપરી મોટું મીંડું ચીતર્યું.

રા.બ. અનંત શિવાજી દેસાઇ

સિંહ છાપ ઍલ્યુમીનિયમનાં વાસણો અને દેવદેવતાઓનાં ચિત્રો ઉપરથી હિંદભરમાં જાણીતા થએલા રા. બ. અનંત શિવાજી દેસાઇ ઉર્ફે ભાઉસાહેબ નર્યા સ્વાશ્રયની મૂર્તિ તરીકે આગળ તરી આવે છે.

સાવંતવાડી જિલ્લાના લાવાલ ગામમાં ૧૮૫૩માં તેમનો જન્મ થએલો. તેમની શાળાની જિંદગી અગિયાર માસ જ લંબાઇ હતી, જે એ કુટુંબની આર્થિક સ્થિતિનો ખ્યાલ આપશે. એ સ્થિતિ સુધારવા ભાઉસાહેબના પિતા એ ગામ છોડી જરાપીસ ગયા અને ત્યાં ચણાની દુકાન કાઢી. ભાઉસાહેબ દુકાને બેસતા. ઘરાકોને આકર્ષવાની નાનપણથી જ તેમનામાં કરામત હતી. પાછા પોતાને ગામ આવતાં ભાઉસાહેબને પાછા શાળામાં મોકલવાનો પિતાનો વિચાર હતો, પણ તરતમાં જ તેઓ સ્વર્ગવાસી થયા અને અગિયાર કે બાર વર્ષની કિશોર વયમાં કુટુંબનો બોજો ભાઉસાહેબ ઉપર આવી પડ્યો.

આગળ વધવામાં જોઇતા બે સદ્ગુણો ખંત અને હિંમતની ભાઉસાહેબમાં કમી ન હતી. બાર વર્ષની વયે માતાની રજા લઇ તે મુંબાઇ ગયા ને કોદાળી પાવડો લઇ મજૂરી શરૂ કરી એમાંથી કરેલી બચતને રૂમાલ, નેકલેસ વગેરે પરચુરણ ચીજોની ફેરી પાછળ તેમણે રોકી.

એમની આવડત ઉપરથી ભાઉસાહેબને એક વેપારીએ ભાગીદાર તરીકે જોડ્યા પણ તેની બેવફાઇથી તેઓ છૂટા થઈ ગયા. પાછળથી ખાણોમાંથી પથ્થર કાઢવાનો કૉન્ટ્રાક્ટ રાખ્યો પણ તે ન ફાવતાં ફરી ટોપીની ફેરી શરૂ કરી ફેરી સાથે એ ધંધાની બારીકીઓનો પણ તેઓ અભ્યાસ કરતા રહેતા અને છેવટે પોતાનું જ ટોપીનું કારખાનું ઊભું કર્યું. પોતાની આવડતથી દિન પર દિન એ ધંધામાં તેઓ પ્રગતિ કરતા રહ્યા ને ધીરેધીરે ટોપીવાળાના નામે તેઓ પ્રસિદ્ધ થયા.

૧૮૮૪થી જર્મન સિલ્વરના ધંધા પ્રત્યે તેમનું લક્ષ દોરાયું અને ૧૯૦૧માં એક કારખાનું ઊભું કર્યું. ત્યાર પછી તેમણે ઍલ્યુમીનિયમનાં વાસણો બનાવવાનું શરૂ કર્યું જે હિંદુસ્તાન બહાર સીલોન, ઈરાન ને ઠેઠ આફ્રિકા સુધી લોકાદર પામ્યાં છે.

ત્યાર બાદ તેમણે એક નવા ધંધામાં લક્ષ પરોવ્યું. પ્રખ્યાત ચિત્રકાર રાજા રવિવર્માએ કાઢેલું ચિત્રો છાપવાનું કારખાનું પૈસાની તંગીમાં હતું એટલે ભાઉસાહેબે તેમને નાણાં ધીરી તેમનો માલ ખરીદી લીધો. ભાઉસાહેબને રવિવર્મા જોડે સારી દોસ્તી જામી હતી. પાછળથી રવિવર્માનાં બધાં ચિત્રોની તેમણે સોલ એજન્સી લઇ લીધી ને તેમાં તેમને ખૂબ સફળતા મળી.

એક ચણા વેચનાર તરીકે જીવનની શરૂઆત કરનાર એ અભણ છોકરાએ સોનારૂપાના દાગીનાથી તે બાળકોના તૈયાર પોશાકો સુધીની બનાવટો બહાર પાડનાર સફળ વેપારી તરીકેની સાધેલી ક્રમોન્નતિ આજના છોકરોને અનુકરણીય છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ('બે ઘડી મોજ' પરથી)

અથાણું

ઉપરી અમલદાર (પોતાના લાંચીયા મદદનીશને): કેમ અલ્યા! આજકાલ કાંઇ બહુ પૈસા ખાવા માંડયા ને શું?

લાંચીયો મદદનીશ: નારે સાહેબ, એ તો હું બૅંકમાં જમે કરાવું છું.

બાપ (છોકરાને): અલ્યા નલિન, તું કોઇપણ દિવસ રામમંદિરે જાય છે ખરો?

નલિન: નારે, એ બાજુ ફરવા જતાં કોઇપણ દિવસ વરસાદ આવ્યો હોય તો ને?

ગાંધી: જો ભાઈ, એક આનામાં તું માગે એટલું એરંડિયું નહિં મળે. અરધું આવશે.

છોકરા: ભલે અરધું આવે, મારે જ પીવાનું છે.

'રમણલાલે પોતાનાં જોડકાં બાળકોને ઓછે ખર્ચે કેળવવાનો એક નવો રસ્તો શોધી કાઢ્યો છે!'

'શો?'

'તે એકને સવારે અને બીજાને સાંજે નિશાળે મોકલે છે તથા ફી એકની જ ભરે છે.'

પારસી ધણીધણિયાણી દોડધામ કરીને આખરે ટ્રેનમાં પહોંચ્યાં ખરાં. પછી જરા શ્વાસ લઇને વિચાર કરવા લાગ્યાં કે ઘેર કંઇ રહી ગયું નથીને?

'અરે કાવસ!' સીરીનબાઈ ચમકીને બોલ્યાં 'હું કપડાં પર ઇસ્ત્રી હતી તેની વીજળી બંધ કરવી જ ભૂલી ગઈ છું.'

'તેમાં ગભરાય છ સાની? કંઇ સલગવાનું નથી કેમ જે મેં શાવરબાથ બંધ જ કીધો નથી.'

કાવસે સધિયારો આપ્યો.

શિક્ષક: ચાલો જોઇએ, બિહારમાંથી આપણે ત્યાં શું આવે છે?

છોકરો: મને ખબર નથી.

શિક્ષક: કેમ સાકર કયાંથી આવે છે તેની તને ખબર નથી?

છોકરો: એ તો અમે પાડોશીનેત્યાંથી ઉછીની લાવીએ છીએ.

પોલીસ: એમ કયાં જાય છે.

માણસ: ગાડી રાખવાની જગ્યા શોધું છું.

પોલીસ: પણ તારી ગાડી કયાં છે?

માણસ: છે ખરી; પણ મેં તે કઇ જગ્યાએ રાખી છે તે જ શોધું છું.

બાપા: (વાંચતાં વાંચતાં વિચારમાં પડી ગએલા રમેશને) કેમ રમેશ, શો વિચાર કરી રહ્યો છે?

રમેશ: એ જ કે, માછલીનાં બચ્ચાં તરતાં શીખ્યા પહેલાં ડૂબી કેમ નહિ જતાં હોય?

મહાન કવિ ટાસો પ્રત્યે ગેરવર્તણૂક ચલાવનાર એક શખ્સ સામે વેર લેવા તેના મિત્રે તેને કહ્યું. કવિએ જવાબ આપ્યો, 'તેની મિલકત, તેની જિંદગી કે તેનાં માન કરતાં યે તેની ઇચ્છાનો નાશ કરવાનો રસ્તો જ મને વધુ સારો લાગે છે.'

ગણિતગમ્મત : નીચેની રકમોમાં ૦ થી ૯ સુધીના આંકડા એક વખત આવી ગુણાકાર પૂરો બનાવે છે. તમે એની બીજી સંખ્યા શોધી કાઢશો?

૮૧૬૯ × ૩ = ૨૪૫૦૭

૩૦૯૪ × ૭ = ૨૧૬૫૮

૫૮૧૭ × ૬ = ૩૪૯૦૨

૬૮૧૯ × ૩ = ૨૦૪૫૭

અનેકાર્થી શબ્દઃ **પાર**=છેડો, અંત; હદ-સીમા; કાંઠો; મર્મ-ભેદ; કરસણ કાપીને સુકવવા માટે કરેલા ઢગલા; મંદિરનું આંગણું; આશરો-શરણું; ચાલીને ઊતરી શકાય તેવો નદીનો પાણી વાળો ભાગ; બરણી અથવા લાખ દીધેલું માટલું.


કહેવતોના અર્થ: 'સરખે માથે સુદામડા' કાઠિયાવાડમાં સુદામડા કરીને ગામ છે ત્યાં નાનામોટાના ભેદ પળાતા ન હોવાને કારણે આ કહેવત પડેલી. એના સમાન અર્થની પણ જરા તુચ્છ અર્થની કહેવત તો જાણીતી છે: 'ટકે શેર ભાજી ટકે શેર ખાજાં.'

જીરાફનું ચામડું એક ઇંચ જાડું હોય છે અને કેળવાયા પછી ગેંડાના ચામડા કરતાં યે મજબૂત બને છે.

તાજી શેવાળની ગોળી વાળી, ડૂંટીમાં મૂકવાથી મુત્રકચ્છ બંધાઇ ગયો હોય તે છૂટીને પેશાબ થાય છે.


સિત્તેર વર્ષ સુધીની ઉમરમાં સરેરાશ મનુષ્યના નખ ૭ ફૂટ ૯ ઈંચ વધ્યા હોય.

હૃદય બંધ પડયા પછી સાઠ કલાક સુધી લોહી જીવંત રહે છે. ત્યારપછી તે ગંધાવા લાગે છે.



૧૮૬૮ના જાન્યુઆરીમાં બ્રિટિશ લશ્કરની સરદારી લઇને જનરલ નેપીઅરે આબીસીનિયનો સામે મૅગડાલા શહેર પર ચડાઇ કરી તે જીત્યું એ વેળા શહેરના કિલ્લાની દીવાલ આગળ એક અનાથ બાળક તેને મળી આવ્યું. તેનું નામ તેણે વર્કેનાહ (સોનાનું બાળ) પાડયું. તેને એ પોતાની સાથે હિંદ અને ઇંગ્લંડ લઇ ગયો ને ઊંચી કેળવણી આપી. એ બાળક તે પ્રખ્યાત ડૉ. વર્કેનાહ જે હમણાં ઈંગ્લંડમાં આબીસીનિયા તરફનો એલચી હતો.

કોલસાની ખાણો ચીનાઓએ બે હજાર વર્ષો પહેલાં શોધેલી.



નરી આંખે દેખાય છે તેમ, આકૃતિના ઉપરના ભાગમાંથી આવતી ત્રાંસી લીટીનું સળંગ સંધાણ નીચેની ડાબી તરફની રેખામાં લાગે છે તે દષ્ટિભ્રમ છે. ફૂટપટી મૂકી જોતાં જણાશે કે જમણી તરફની રેખા જ તેને અનુસંધાને છે.


ભરતીનાં પાણી જુદેજુદે કિનારે જુદાંજુદાં ચડે છે. પનામા નહેરમાં તે એક જ ફૂટ ચડે છે, જ્યારે ફંડીના અખાતમાં તે સાઠ ફૂટ સુધી ચડે છે.


નવસારમાં બોળેલા કપડાથી ઘસતાં નિકલ પરના ડાઘ નીકળી જશે.

પાપુઆના લોકો વાળ કાપવા માટે અસ્ત્રાને બદલે વાંસના ઝીણા ચીપીઆ રાખે છે.

Certainly Shivaji was Aurangazeb's enemy yet he kept away from destroying mosques till expiration.

ઉપરનું વાકય ખરૂં છે ને સત્ય છે. એમાં એકે 'આર્ટિકલ' નથી; અને વધુ ખૂબી એ છે કે એમાં છવ્વીસે અંગ્રેજી મૂળાક્ષરો આવી જાય છે. (એ.રૂ.નાયક)





તમારા ઘરમાં દોરાનાં જૂનાં રીલ હોય તો શોધી કાઢો; તમે તેમાંથી ફુરસદે એક સરસ અને સુંદર અભરાઈ બનાવી શકશો. દોઢ ફૂટ લાંબા, અર્ધો ફૂટ પહોળા અને પા ઇંચ જાડાઇનાં બે પાટિયાં લો. ઉપરાંત એક મજબૂત દોરડી અને થોડો ગુંદર જોઇશે. અને પછી ચિત્રમાં બતાવેલા ક્રમ મુજબ કામ લેતાં તમો અભરાઇ તૈયાર કરી શકશો.